*પ્રસ્તાવનામાંથી......*

*હાલની દુનિયા એક સદી પહેલાંની, એટલે સુધી કે અડધી સદી પહેલાંની દુનિયાથી પણ એકદમ અલગ છે. પાછલી શતાબ્દિમાં સામ્રાજ્યવાદી ઉપનિવેશવાદ અને તળપદા સામંતવાદની પરિસ્થિતિઓમાં ક્રાંતિકારી ડાબેરી પક્ષ એક વૈશ્વિક તાકાત બનીને ઉભરી આવ્યો હતો. પરંતુ આજની દુનિયામાં મુખ્યપ્રવાહની આ સ્થિતિ નથી. ..... ગઈ સદીના બોધપાઠ અને રણનીતિઓ, ભલે મહત્ત્વપૂર્ણ હોય, પણ તે પૂરતાં નથી.......*

*ઘોષણાપત્રમાંથી......*

*.....ભવિષ્ય ક્યારેય ભાગ્યવિધાતા નથી હોતું. ભવિષ્યની રચના ઈતિહાસે આપેલા મંચ પર જ કરી શકાય છે અને તેઓ જ તેનો ઉદ્ધાર કરે છે જેમની લાશો અને બલિદાનો પર એ મંચ ઊભો કરવામાં આવ્યો હોય છે. આ કાર્યભાર સંપૂર્ણપણે અને છેવટે શ્રમજીવી વર્ગના ખભા પર આવી ચૂકેલો છે. શ્રમજીવીઓએ દુનિયા પર તેમનો દાવો કરવો જોઈએ કારણ કે તેઓ જ દુનિયાના અસલી ભવિષ્યના રચયિતા છે.*

## ઘોષણાપત્ર

# કામદારોની દુનિયા !
# દુનિયાનું ભવિષ્ય !!

**ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવ**

**પ્રથમ આવૃત્તિ :** માર્ચ 2013

**નકલ :** 500

**સહયોગ રાશિ :** 20 રૂપિયા

**સંપર્ક :** 9, રૂપેશ સોસયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક વિસ્તાર, અમદાવાદ - 380051

બી/119, સૃષ્ટિપાર્ક, પાર્શ્વનાથ ટાઉનશીપ,
નવા નરોડા, અમદાવાદ 382346.

**ઇ-મેલ :** nsiindia2011@gmail.com
: iaprajapati@yahoo.com

**મુદ્રક :** સત્યમ પ્રિન્ટ, નરોડા,
98246 83706

## અનુક્રમણિકા

| | |
|---|---|
| પ્રસ્તાવના | 4 |
| કામદારોની દુનિયા, દુનિયાનું ભવિષ્ય | 6 |
| મજૂરોની એક દુનિયા | 11 |
| ઓળખ, અસમાનતાઓ, દમન | 18 |
| લાભ અને સંચય માટે પ્રકૃતિ | 22 |
| મૂડીનું નૂતન સામ્રાજ્ય | 27 |
| વીસમી સદીનો સમાજવાદ | 38 |
| ભાવિ સમાજવાદની દૃષ્ટિ | 46 |
| ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનું લક્ષ્ય અને ઉદ્દેશ્ય | 54 |

## પ્રસ્તાવના

ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવ (સમાજવાદની નવી પહેલ) એક વિચારધારાત્મક - રાજનૈતિક મંચનું ઘોષણાપત્ર આપની સામે વિચારાર્થે પ્રસ્તુત છે, જેથી આપ તેની ચીવટભરી તપાસ કરો, તેનું મૂલ્યાંકન કરો અને આપની પ્રતિક્રિયા આપો.

જણાવવું જોઇએ કે, આ ઘોષણાપત્ર એક સઘન પ્રક્રિયાનું પરિણામ છે, જે છેલ્લાં કેટલાંક વર્ષોથી ક્રાંતિકારી ડાબેરી આંદોલન સાથે જોડાયેલાં તથા તેની સાથે સક્રિય માર્ક્સવાદી કાર્યકર્તાઓના સમૂહ અને બુદ્ધિજીવીઓની વચ્ચે ચાલી રહી હતી. પ્રસ્તુત ઘોષણાપત્રને મંચની રચનાના પ્રથમ ચરણરૂપે તૈયાર કરવામાં આવ્યું છે, જે ખૂબ જ તેજ ગતિથી બદલાતા જતા સમયમાં આપણી સામે આવતા વિશાળ પડકારોને સુસ્પષ્ટ કરશે, તેનો સામનો કરશે અને તેને સંબોધિત કરવાની કોશિશ કરશે. મૂડીવાદ વિરોધી રાજનીતિ ઉપર નવેસરથી કામ કરવું પડશે અને તેને સમાજવાદ દ્વારા વિસ્થાપિત કરવા માટેની રણનીતિઓને નવેસરથી ઘડવી પડશે. વધુમાં, સમાજ અને માનવતાને સર્જનાત્મકતા, ઉત્પાદકતા, સમાનતા, લોકશાહી, સમૃદ્ધિ, સાતત્ય અને આઝાદીના ઉચ્ચતર સ્તરો પર લઇ જવા માટે સમાજવાદની નવી ભવિષ્યદૃષ્ટિ વિકસિત કરવાની આવશ્યકતા છે.

હાલની દુનિયા એક સદી પહેલાંની, એટલે સુધી કે અડધી સદી પહેલાંની દુનિયાથી પણ એકદમ અલગ છે. પાછલી શતાબ્દીમાં સામ્રાજ્યવાદી ઉપનિવેશવાદ અને તળપદા સામંતવાદની પરિસ્થિતિઓમાં ક્રાંતિકારી ડાબેરી પક્ષ એક વૈશ્વિક તાકાત બનીને ઉભરી આવ્યો હતો. પરંતુ આજની દુનિયામાં મુખ્યપ્રવાહની આ સ્થિતિ નથી. ઇતિહાસના મંચ ઉપરથી ઉપનિવેશવાદને એકદમ બળપૂર્વક વિસ્થાપિત કરવામાં આવ્યો છે અને સામંતવાદ જ્યાં પણ અસ્તિત્વમાં છે, તેને રાજનૈતિક અને આર્થિક વ્યવસ્થાઓના હાંશિયા ઉપર ધકેલી દેવામાં આવ્યો છે. સામ્રાજ્યવાદે એક નવી કાર્યપ્રણાલી વિકસિત કરી છે જે ઉત્તર



ઔપનિવેશિક પરિસ્થિતિઓમાં તેનાં હિતોની વધુ સારી રખેવાળી કરી શકે. ચારે તરફ મૂડીવાદની બોલબાલા છે અને ઇતિહાસમાં પહેલી વખત, પૃથ્વી ઉપર મોજૂદ દરેક દેશ અને દરેક સમાજને ભેદવામાં અને તેને પોતાના તાબા હેઠળ લેવામાં મૂડીવાદ સફળ રહ્યો છે. ઇતિહાસમાં પહેલી વખત મૂડીવાદી વ્યવસ્થાઓ અને બુર્ઝવા લોકશાહીઓના સીધે સીધો સામનો કરવાવાળી ક્રાંતિઓ એજેન્ડા ઉપર છે. ક્રાંતિકારી ડાબેરીઓ આ એકદમ જ નવી પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર થાય અને તે મુજબ પોતાની રણનીતિ અને ભાષા પણ વિકસિત કરે. ગઇ સદીના બોધપાઠ અને રણનીતિઓ, ભલે મહત્ત્વપૂર્ણ હોય, પણ તે પૂરતાં નથી.

મતાગ્રહ હંમેશા લોકરંજકતા ઉપર ફૂલેફાલે છે. બંને, સચ્ચાઇને દૂર હડસેલી દે છે અને બંને જનતાનાં વાસ્તવિક હિતોની વિરૂધ્ધ કામ કરે છે. બંને સાથે મળીને ડાબેરી આંદોલનના મોટા હિસ્સાને બદલાતા જતા સમયના પડકારોથી રૂબરૂ થવાથી અટકાવે છે. આજના ક્રાંતિકારી આંદોલને હાલમાં અસ્તિત્વ ધરાવતી પરિસ્થિતિઓથી શરૂઆત કરવી પડશે અને તેણે એક એવા ભવિષ્યના નિર્માણની દિશામાં આગળ વધવું પડશે જે મહેનતકશ લોકોના દાવાઓ અને સ્વપ્નો સાથે મેળ ખાતું હોય. આવું ભવિષ્ય નિશ્ચિતપણે એક નવી ભવિષ્યદૃષ્ટિથી સંપન્ન સમાજવાદી ભવિષ્ય જ હોઇ શકે છે.

ઘોષણાપત્ર આ મુદ્દાને સંબોધિત કરવા અને આ પડકારનો સામનો કરવાની કોશિશ છે. અમે આપને અપીલ કરીએ છીએ કે, આપ તેના ઉપર ઊંડાણથી વિચાર કરો, તેની સમીક્ષા કરો અને તેને વધુ મૂલ્યવાન બનાવો. અમે આપને અપીલ કરીએ છીએ કે, તમે આ પ્રક્રિયાનો એક હિસ્સો બનો જેણે ઘોષણાપત્રને આકાર આપ્યો છે અને તેનું લક્ષ્ય છે એક નવા મંચનું નિર્માણ. આ એક એવો મંચ છે જે ક્રાંતિકારી ડાબેરીઓના એક નવા અવાજ અને નવા સંકલ્પનો વાહક હશે.

રાષ્ટ્રીય સંયોજન સમિતિ

ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવ

# કામદારોની દુનિયા !
# દુનિયાનું ભવિષ્ય !!

ઈતિહાસ હંમેશાં અચંબાઓથી ભરેલો હોય છે. પરંતુ આવા પડાવ જવલ્લે જ આવે છે જ્યારે ઈતિહાસની આ લાંબી યાત્રા એક મોટા વળાંક પર પહોંચી જાય છે. આ પ્રકારના વળાંક પર આવીને કેટલાક લોકો ભયભીત થઇ જાય છે અને ઘણા બધા તેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. જે તેનાથી ભયભીત થઇ જાય છે તેઓ હંમેશાં એવી ઈચ્છા રાખતા હોય છે કે કાશ! ઈતિહાસ એક એવા લાંબા મેદાન પર પહોંચી જાય કે જ્યાંથી તેના રસ્તો બદલવાની કોઇ જ શક્યતા જ ના રહે. તેઓ એવી જગ્યા ઈચ્છતા હોય છે જ્યાં કોઇ નવો રસ્તો, કોઈ નવી પગદંડી ના દેખાઇ આવે. બીજી તરફ, જે લોકોએ એક મોટા પરિવર્તન માટે લાંબા સમયથી રાહ જોઇ છે, કેટલીયે વખત તેઓ નાનાં-મોટાં પરિવર્તનોને એક મોટા પરિવર્તનમાં બદલી નાંખવાની તમન્ના અને તેને અમલમાં લાવવાના સંઘર્ષથી એટલી હદે થાકેલા અથવા વિતી ગયેલા જમાનાની રણનીતિઓ જે તેમના મનમાં એવી તો ઘર કરી ગઇ છે; કે તેઓ ક્યારેક આજનો કાર્યભાર અને આવતી કાલની સંભાવનાઓને પણ ઓળખવામાં નિષ્ફળ જાય છે. આ બેશક, એવી સ્થિતિ છે કે જ્યાં ભવિષ્ય માટે એક નવી દૃષ્ટિ વિકસિત થાય છે, રણનીતિઓ નવેસરથી ઘડવામાં આવે છે અને ઈતિહાસને બીજો એક નવો વળાંક આપવા માટે નવી શક્તિઓ સામે દેખાય છે.

આજ માનવ સમાજ આવા જ એક યુગના ઉંબરે ઊભો છે. મૂડીવાદ લગભગ અડધી સહસ્રાબ્દિની લાંબી મજલ કાપી ચૂક્યો છે. બસોથી વધુ વર્ષોથી એ પૃથ્વી પરની સૌથી શક્તિશાળી વ્યવસ્થા રહી છે અને છતાં પણ, હજુ હમણાં મૂડીવાદી સંબંધો દુનિયાના દરેક ખૂણે-ખાંચરે પહોંચવામાં સફળ થઇ શક્યા છે. હજુ આજે, આખી દુનિયા મૂડીનું અમર્યાદ રમતનું મેદાન બની ગઈ છે. પહેલી વખત મૂડીવાદ પોતે પોતાની સામે સીધે સીધો રૂબરૂ ઊભો છે. હવે આ વ્યવસ્થા (મૂડીવાદી



વ્યવસ્થા) દેશી સમાજો કે અસંસ્કારી સમુદાયોને સભ્યતાના કે આધુનિકતાના પાઠ ભણાવવાની જવાબદારીનો હવાલો આપી ના શકે. દેશી સમાજોએ તેમના પોતાના મૂડીવાદીઓ પેદા કરી દીધા છે, અને તેઓ મૂડીવાદી વિશ્વ વ્યવસ્થાના ભાગીદાર બની ચૂક્યા છે. આજના અસંસ્કારી (જંગલી) લોક મુખ્યત્વે મૂડીવાદી શાસક પોતે જ છે જેમને એક નવી સામ્રાજ્યવાદી વ્યવસ્થાની રચના કરવાની પોતાની મહત્ત્વાકાંક્ષા સામે કોઇ પણ પ્રકારનો અવરોધ સહેજ પણ સહન થતો નથી અને જેઓ સમગ્ર દુનિયામાં મૂડીવાદને સ્થાપિત કરવા માટે નિર્મમતાની કોઇ પણ હદ સુધી જઇ શકે છે. માનવ સમાજનો એક વિશાળ હિસ્સો આજે જે પ્રકારનાં કષ્ટો, શોષણ, ઉત્પીડન અને પરતંત્રતા વેઠી રહ્યો છે તેના માટે હવે મૂડીવાદ બીજી કોઇ પણ વ્યવસ્થાને જવાબદાર ઠરાવી શકે તેમ નથી.

પોતાની જીતને પરિણામે પેદા થયેલાં ખંડેરો અને કાટમાળના ઢગ તરફ પાછું વળીને જોવાનું સામ્રાજ્યના સ્વભાવમાં નથી હોતું. ના, નથી તો તેઓ હિસાબ માંડતા કે તેઓ પોતાની પ્રજા અને ઈતિહાસ માટે ખુદ કેટલા બોજારુપ બની ચૂક્યા છે. આજે મૂડીવાદ વિજયોન્માદમાં ડૂબેલો છે. તે પોતાના વિષેનું મૂલ્યાંકન એ બાબતથી નથી કરતો કે તેણે માનવજાતની સાથે શું કર્યું છે અને શું કરી રહ્યો છે. તે ખુદના અસ્તિત્વના મૂળમાં સ્થિત ભયંકર અંતર્વિરોધોની કસોટી પર પણ પોતાને કસતો નથી; કે નથી તો આ અંતર્વિરોધોને કારણે પેદા થતી કારમી ઉથલ-પાથલ અને વારંવાર સંકટોની એરણ પર પોતાને આંકતો. એ તો પોતાને એ બાબતે આંકતો હોય છે કે બીજી વ્યવસ્થાઓની સરખામણીએ તેણે કેટલું સારું પ્રદર્શન કર્યું; તેણે બીજી વ્યવસ્થાઓની શું હાલત કરી નાંખી. ના કેવળ તે પેલી જૂની વ્યવસ્થાઓ ઉપર વિજયી થયો છે જેમાં તેનો જન્મ થયો હતો - બેશક, તેનો નાશકરીને, પણ સાથે સાથે તેની ચુનંદી સંરચનાઓ અને તત્ત્વોનો ઉપયોગ પણ કર્યો છે. તેની સાથે સાથે વીસમી સદીમાં સામે આવેલા જુદા જુદા પ્રકારની સમાજવાદી વ્યવસ્થાઓના પડકારોનો પણ સફળતાપૂર્વક સામનો કર્યો છે. મૂડીવાદ આ યુગને તેના નિર્ણાયક વિજયના રૂપમાં રજૂ કરે છે. તેણે એલાન કરી દીધું છે - **હવે કોઈ વિકલ્પ શક્ય નથી !**

જોકે, સવાલ અહીં એ નથી કે મૂડીવાદ ખુદ પોતાને કેવી રીતે આંકે છે. અસલી સવાલ એ છે કે માનવજાત મૂડીવાદને કેવી રીતે આંકે છે. આજ સુધી અસ્તિત્વમાં રહેલી બીજી વ્યવસ્થાઓ ઉપર મૂડીવાદનો વિજય એ સવાલ હવે

રહ્યો નથી. અસલી સવાલ એ છે કે તેના પોતાના અસ્તિત્વના મૂળમાં રહેલા મૂળભૂત અંતર્‌વિરોધોનો ઉકેલ તે લાવી શકે એમ છે? શું તે અંતર્‌વિરોધોમાંથી જન્મ લેતી નવી વ્યવસ્થાનો સામનો કરી શકે એમ છે - એક એવી વ્યવસ્થા જે તેના પોતાના જ ગર્ભમાંથી જન્મ લેવાની છે ? બહારની ધમકીઓનો સફળતાપૂર્વક સામનો કરનારાં સામ્રાજ્યો ખાસ તો પોતાના જ ભારથી કડડભૂસ કરતાં ધસી પણ પડતાં હોય છે. જે વ્યવસ્થાઓ બીજી વ્યવસ્થાઓની વિરૂદ્ધ સફળ સિધ્ધ થતી હોય છે તે ક્યારેય પણ પોતાની વિરૂદ્ધ સફળ સિધ્ધ થતી નથી. તેઓ પોતાની કબર ખોદવાવાળાઓને પેદા કરતી જતી હોય છે.

મહેનતકશ વર્ગના ક્રાંતિકારી નેતાઓને આ વાતોની ઘણાં વર્ષો પહેલાં સમજ આવી ગઇ હતી. આ દલીલો અને દાવાઓમાં ખાસ કંઇ નવું નથી. અગર કંઇ નવું હોય તો તે છે નવી પરિસ્થિતિ. એક એવી પરિસ્થિતિ જેમાં ચારેકોર મૂડીવાદનાં કૃત્યોનું માહાત્મ્ય નજરે પડે છે. અખૂટ સંપત્તિ પેદા કરવા માટે મૂડી સદાય મહેનતકશ જનતાની ઉત્પાદક શક્તિઓ અને રચનાત્મક ક્ષમતાઓનું સિંચન કરે છે પરંતુ આ વર્ગના એક વિશાળ વર્ગને ભાગે તો અમાનવીય વિપદા અને સદાય અસલામતીની સ્થિતિ જ આવે છે. જેમને કામ મળી જાય છે તેમણે મુઠ્ઠીભર સિક્કાઓ માટે રાત-દિન પરસેવો પાડવો પડે છે કારણ કે તેમના સિવાય એવા કેટલાય લોકો છે જેમને કામ નથી મળતું અને જેઓ આનાં કરતાં પણ ઓછા સિક્કાઓ માટે કામ કરવા તૈયાર બેઠા છે. આમ, મહેનતકશ વર્ગને મહેનતકશ વર્ગની સામે જ ઊભો કરી દેવામાં આવ્યો છે. એટલે સુધી કે જે મુઠ્ઠીભર લોકો ખાસ કૌશલ્ય કે હુન્નર હાંસલ કરી લે છે અને સારી નોકરી મેળવી લે છે, ઉંચો પગાર પણ મેળવી લે છે અને પોતાને મજૂર માનવા પણ તૈયાર નથી તેઓ પણ મૂડીના આ નિષ્ઠુર તર્કથી બચી નથી શકતા. તેમણે પણ પોતાનો હોદ્દો અને હેસિયત ટકાવી રાખવા માટે સતત અને વધુ, કઠોર પરિશ્રમ કરતાં રહેવું પડે છે. જેમ જેમ આવક વધતી જાય છે, જીવનસ્તર નીચું ઉતરતું જાય છે. માનવીય સંભાવનાઓ અને પ્રતિભા સાકાર થતાં રહી જાય છે. તેના એક મોટા હિસ્સાને ઉત્પાદક અને સર્જનાત્મક પ્રક્રિયાથી બહાર કરી દેવામાં આવે છે અને જે એક નાના હિસ્સાનો ઉપયોગ કરવામાં આવે છે તે નફો વધારનારી મશીનરીનો ખોરાક બની જાય છે. મૂડીની નફા માટેની તરસ અને તેથી કરીને તમામ પ્રકારનાં સંસાધનો માટેની લાલસા ક્યારેય સંતોષાતી નથી. આ મશીનરી માનવીય સામર્થ્યનો જ માત્ર નાશ નથી કરતી, પણ આખી પૃથ્વીનો પણ વિનાશ નોંતરવા તૈયાર ઊભી



છે. અને આ એક કડવી વાસ્તવિકતા છે કે, અસમાનતાઓ, બહિષ્કૃતિઓ અને દમનોનાં જૂનાં પૂરાણાં રૂપરંગ આજે પણ ચાલુ જ છે. તેઓને મૂડીવાદી સંબંધોમાં સમાવિષ્ટ કરી લેવામાં આવ્યાં છે. હવે મૂડીવાદ જ તેમનો સંરક્ષક, પુનરૂત્પાદનની પરિસ્થિતિઓનો સર્જક છે. તો, પછી બીજા કોઇને દોષી ઠરાવવાનો અર્થ જ ક્યાં છે ? મૂડીવાદે પોતે જ પોતાના અસ્તિત્વની યોગ્યતાનો સામનો કરવો પડશે. મૂડીવાદે માનવતા વિરૂદ્ધ આચરેલા અપરાધોનો હિસાબ આપવો જ પડશે જે તેના પોતાના આંતરિક તર્કની નિપજ છે.

સમગ્ર દુનિયામાં મહેનતકશ વર્ગ મૂડીવાદ વિરૂદ્ધ એક લાંબી અને કઠોર લડાઇ લડ્યો છે. તેણે ઘણી જીત મેળવી છે તો ઘણીવાર હારનો પણ સામનો કર્યો છે. આ બધુ ઘણી જ જટિલ પરિસ્થિતિમાં ઘટવા પામ્યું છે. ઘણીવાર તો યુદ્ધરેખાઓ પણ સ્પષ્ટ નહોતી. કેટલીક વખતે તો, કેટલીયે યુદ્ધરેખાઓ એક-બીજાને જ કાપતી હતી. મૂડીવાદ વિરૂદ્ધ સંઘર્ષનો સવાલ તો એક સદી પહેલાંથી જ એજેન્ડા પર આવી ચુક્યો હતો. પરંતુ માનવ સમાજના એક વિશાળ ભાગે હજુ પણ રાજા-રજવાડાં, સામંતશાહી અને સંસ્થાનવાદી શાસકો સામે સંઘર્ષ કરવાનો બાકી હતો. ઘણા બધા સમાજોએ તેમને ત્યાં મૂડીવાદ લાવવા અને મૂડીવાદી વિકાસના રસ્તા ઉપર પડેલી રૂકાવટોને દૂર કરવાની લડાઇ લડવાની હતી. એમાંની કેટલીક અડચણો ખુદ મૂડીવાદની જ નિપજ હતી કારણ કે સામ્રાજ્યવાદી દેશોએ ગેર-પશ્ચિમી વિશ્વના મોટાભાગના વિસ્તાર ઉપર કબજો જમાવેલો હતો અને તેમને આગળ વધતાં રોકી રહ્યા હતા. એટલે સુધી કે ગત સદીમાં થયેલી સર્વહારા ક્રાંતિઓ પણ એવા દેશોમાં થઈ હતી જ્યાં મૂડીવાદ હજુ સૌથી પ્રભુત્વવાળી વ્યવસ્થા બની શકી નહોતી. આ ક્રાંતિઓએ સામ્રાજ્યવાદને, વૈશ્વિકમૂડીવાદને જરૂર એક નિર્ણાયક હારનો સ્વાદ ચખાડ્યો હતો. તેમણે એવા સમાજોમાં સમાજવાદના નિર્માણનું મહાન કાર્ય હાથ ધર્યું હતું જે સમાજોમાં હજુ મૂડીવાદી વિકાસ થવાનો બાકી હતો. આ ક્રાંતિઓ દુનિયાભરના મહેનતકશો અને દબાયેલા - કચડાયેલા લોકો માટે પ્રેરણાનો સ્રોત હતી. પરંતુ એ સમાજોએ સમાજવાદના નિર્માણના રાહ પર વિરાટ કઠણાઈઓનો સામનો કરવો પડ્યો - એવી મુશ્કેલીઓ જે આખરે અજેય સાબિત થઇ. એ ક્રાંતિઓએ તેમના સમાજોને તત્કાલીન મોજૂદ સંકટોમાંથી રાહત આપી પરંતુ તેમને સમાજવાદના રસ્તા પર આગળ દૂર સુધી લઇ જઇ શકી નહીં. વાસ્તિવિકતા, મહેનતકશ વર્ગની યોજનાઓ અને સ્વપ્નોથી પાછળ રહી ગઈ.

આજે, ઈતિહાસમાં પહેલી વખત વૈશ્વિક સ્તરે, શ્રમ અને મૂડી વચ્ચેની યુદ્ધરેખાઓ સ્પષ્ટ રૂપે દોરાઈ ગઈ છે. ભવિષ્યની ક્રાંતિઓ મૂડીવાદી દેશોમાં સીધી મૂડી વિરૂદ્ધ થનારી પ્રથમ ક્રાંતિ હશે. પહેલી વાર, ભવિષ્યનો સમાજવાદ એ પરિસ્થિતિઓમાં જન્મ લેશે જે મૂડીવાદી વ્યવસ્થામાં પેદા થનારા દબાણથી નિપજી છે - એવી પરિસ્થિતિઓ જ્યાં ઉત્પાદક શક્તિઓની મૂડીવાદી ચામડીની સિલાઇ તેના પોતાના દબાણથી તૂટવા લાગી છે.

કહેવાનો મતલબ એ નથી કે, હવે જટિલતાઓ ખતમ થઇ ગઇ છે; પરંતુ નવી જટિલતાઓ અવશ્યરૂપે પેદા થવાની જ છે. મોટું ચિત્ર જો સ્પષ્ટ દેખાતું હોય તો એનો મતલબ એ નથી કે એને નજીકથી જોતાં પણ વસ્તુઓ એટલું જ સ્પષ્ટ દેખાઇ શકશે. ઈતિહાસ ક્યારેય સીધી લીટી પર નથી ચાલતો. દરેક સમાજ એક બહુ જ જટિલ ઢાંચો હોય છે અને આપણી દુનિયા બહુ જ અસમતલ દુનિયા છે. શ્રમ અને મૂડી વચ્ચે યુદ્ધરેખાઓ ભલે સ્પષ્ટ રૂપે ખેંચાયેલી દેખાયેલી હોય. આ રેખાની બન્ને બાજુએ જટિલતાઓ ઓછી ઊંડી નથી. વિભાજક રેખાની આ બાજુ ઊભેલો શ્રમજીવી વર્ગ, મૂડીવાદી શ્રમવિભાજન અને વંશ, જાતિ, લિંગ, વંશીયતા, રાષ્ટ્રીયતા અને ઈતિહાસો ઉપર આધારિત સદીઓ જૂના વાડાઓ અને તોડફોડને કારણે વિખરાયેલો છે. બીજી તરફ, હાલમાં વૈશ્વિકીકરણનો ઉછાળો હોવા છતાં સમગ્ર દુનિયામાં મૂડીનો ફેલાવો બેહદ અસમાન છે. સામ્રાજ્યવાદે ઉત્તર-ઔપનિવેશિક વિશ્વની બદલાયેલી પરિસ્થિતિઓ પ્રમાણે તેની કાર્યપ્રણાલી પણ બદલી નાંખી છે. નવા સ્વતંત્ર દેશોની ઉભરતી મૂડી વિકસિત સામ્રાજ્યવાદી મૂડીમાં વિલીન થઇ રહી છે. ત્રીજી દુનિયાનો મૂડીવાદી વર્ગ ઉત્સાહપૂર્વક મૂડીવાદી વ્યવસ્થામાં શામિલ થઇ રહ્યો છે. ઔપચારિક રીતે તો તેને બરાબરનો દરજ્જો મળેલો છે પરંતુ હકીકતમાં તે આ વ્યવસ્થાનો નાનો ભાગીદાર છે. અને તેમ છતાં પણ, વૈશ્વિકીકરણ હોવા છતાં, રાષ્ટ્ર રાજ્ય આપણી દુનિયાની નવી રાજનૈતિક સંરચનામાં સૌથી મહત્ત્વપૂર્ણ અને સૌથી વધારે રણનૈતિક મહત્વનું તત્વ બનેલું છે. બુર્ઝવા શાસનને કાયમ રાખવા માટે અને તેની યથાર્થતાનું રક્ષણ કરવા માટે આ એક અસરકારક હથિયાર છે નહિ તો, રાષ્ટ્રની સીમાઓ મૂડી માટે તો સતત લુપ્ત થતી જઇ રહી છે અને મૂડી નિરંતર અહીંથી તહીં ભાગી રહી છે. પરંતુ શ્રમિક ઘણીબધી ચાર દીવાલોમાં નજરબંધ, ઘણીબધી બેડીઓમાં કેદ પડ્યો છે. દુનિયાના મૂડીવાદીઓ એકબીજા સાથે ભીષણ સ્પર્ધા કરતા હોવા છતાં એક થઇ ગયા છે; દુનિયાના મજદૂરો વિભાજિત અને વિખરાયેલા છે.



ક્રાંતિઓ પોતાના યુગના કેન્દ્રીય અંતર્વિરોધોને હલ કરીને મોટું ચિત્ર મૂળભૂત રીતે બદલી નાંખે છે. પરંતુ તેઓ આ ઉદ્દેશ્યને ત્યારે જ પાર પાડી શકે કે જ્યારે તે એટલી તાકત એકઠી કરી શકે અને સંખ્યાબંધ સરહદો અને વિભાજનોને પોતાના પ્રવાહમાં ખેંચી લઇ શકે. પ્રત્યેક ક્રાંતિની ભવ્ય રણનીતિમાં પણ એક સરલતા હોવી જોઇએ. પણ સાથે સાથે એ જરૂરી છે કે તે જમીની હાલતની અગણિત જટિલતાઓને પાર કરવા માટે સક્ષમ પણ હોવી જોઇએ. આ આજનો સૌથી મોટો પડકાર છે. ક્રાંતિઓ ખુદને ક્યારેય પુનરાવર્તિત નથી કરતી. ના તો તેની નકલ કરી શકાય છે. જૂની ક્રાંતિઓની રણનીતિઓને ભવિષ્યમાં થનાર ક્રાંતિઓમાં બીજી વાર અજમાવી શકાય નહીં.

જે લોકો શ્રમજીવી વર્ગનું નેતૃત્વ કરવાનો દાવો કરે છે, તેમણે નવી હાલત પ્રમાણે નવેસરથી તૈયારી કરવી પડે છે. તેમણે તેમનાં કાર્યક્રમો અને રણનીતિઓને એવી રીતે સૂત્રબદ્ધ કરવાં પડે છે કે તે પીડિત અને શોષિત જનતામાં નવી આશાનો સંચાર પેદા કરી શકે અને ભવિષ્યમાં આવનારી ક્રાંતિઓ ખાતર તેમનામાં સાહસ અને વિવેકનો સંચાર કરી શકે. તેમણે સમાજવાદની એક નવી દૃષ્ટિ વિકસિત કરવી પડે છે - એક એવો સમાજવાદ જે ના કેવળ ‘ધરતીનાં અભાગીઓ’ને મુક્તિ અપાવશે પરંતુ ‘દુનિયાનાં મહેનતકશો’ની રચનાત્મક શક્તિને પણ બેડીઓથી આઝાદ કરી દેશે.

ભવિષ્ય ક્યારેય ભાગ્યવિધાતા નથી હોતું. ભવિષ્યની રચના ઈતિહાસે આપેલા મંચ પર જ કરી શકાય છે અને તેઓ જ તેનો ઉદ્ધાર કરે છે જેમની લાશો અને બલિદાનો પર એ મંચ ઊભો કરવામાં આવ્યો હોય છે. આ કાયભાર સંપૂર્ણપણે અને છેવટે શ્રમજીવી વર્ગના ખભા પર આવી ચૂકેલો છે. શ્રમજીવીઓએ દુનિયા પર તેમનો દાવો કરવો જોઇએ કારણ કે તેઓ જ દુનિયાના અસલી ભવિષ્યના રચયિતા છે.

## મજૂરોની એક દુનિયા

પરંતુ મજૂરો છે ક્યાં ? શું આપણે લોકો બેંકરો, એક્ઝિક્યુટીવ હોદ્દેદારો, મનોરંજન ઉદ્યોગના ખેલાડીઓ અને પરાશક્તિશાળી મૂડીવાદીઓની દુનિયામાં નથી રહેતા જેઓ નિરંતર વિસ્તરતા જતા ‘મધ્યમ વર્ગો’થી ઘેરાયેલા અને તેમાં સ્થિત છે ? જો આ ઉત્તર-આધુનિક મૂડીવાદી સ્વર્ગ દૂર દૂર સુધી ફેલાયેલા

ઝૂંપડાવાસી સર્વહારાથી ઘેરાયેલું છે તો એનાથી સ્વર્ગની નવીનતા અને કેન્દ્રીયતા પર આંચ નથી આવતી અને જો વિશ્વ સ્તરે, મૂડીનાં સામ્રાજ્યોનાં મહાનગરો દૂર સુધી ફેલાયેલી ત્રીજી દુનિયાથી ઘેરાયેલાં છે, જો મહાનગરોના નાગરિકોની સંખ્યા હજી પણ ખેડૂતો અને વનવાસીઓ, કારીગરો અને મજૂરોની વિશાળ વસ્તીની સરખામણીમાં ઘણી જ ઓછી છે તો પણ નવી વિશ્વ વ્યવસ્થાની નવીનતા ને કેન્દ્રીયતા પર ઊની આંચ નથી આવતી. સર્વત્ર કેન્દ્ર વિસ્તરતું જઇ રહ્યું છે ને ચાર દીવાલો બદલાઇ રહી છે. તમામ કિનારાઓ અને ખૂણાઓને કેન્દ્રની છબીમાં ઢાળવામાં આવી રહ્યા છે. આ કિનારાઓ પોતાનું કેન્દ્ર પેદા કરી રહ્યા છે અને નવા સીમાક્ષેત્ર નક્કી કરી રહ્યા છે. પ્રથમ વિશ્વને ત્રીજી દુનિયાનું ભવિષ્ય ઘોષિત કરવામાં આવી રહ્યું છે. આમેય, ખેડૂત ને વનવાસી, કારીગર અને મજૂર, ઝૂંપડાવાસી સર્વહારા અને ઘરેલુ નોકર, આ બધા લોકો મજદૂર વર્ગના આદર્શ હતા જ કયારે ? શું આ એ લોકો નથી જેમને 'પૃથ્વીના અભાગીઓ' કહેવામાં આવી રહ્યાં છે ? ગત સદીમાં તેમને પણ મોકો મળ્યો હતો જ્યારે એમણે ક્રાંતિઓ કરી અને સમાજવાદની તેમની પોતાની આવૃત્તિ અજમાવી હતી. હવે તેમનું ભવિષ્ય પણ મૂડીના નવા સામ્રાજ્ય સાથે બંધાયેલું છે. આ અભાગીઓની આવનારી પેઢીઓ માટે પસંદગીના ધોરણે કેન્દ્ર તેના દરવાજા ખોલતાં રહેશે અને તેમને 'નવો મધ્યમવર્ગ' તરીકે સ્વીકારીને પોતાનામાં સમાવી લેશે. મૂડીવાદની નવી પરિસ્થિતિમાં હાલત કંઇક આ પ્રમાણે છે - મૂડીવાદી અને 'મધ્યમવર્ગ' કેન્દ્રમાં રહેશે અને 'ધરતીના અભાગીઓ' દરવાજા પર પોતાનો વારો આવવાની રાહ જોતા રહેશે. ઇતિહાસનો અંત આવી પહોંચ્યો છે. શ્રમજીવી વર્ગ અદશ્ય થઇ ચૂક્યો છે.

મૂડીવાદની સેવામાં લાગેલા વિચારકો અને લેખકો ભલે આવો દાવો કરતા હોય પરંતુ હકીકત અહીં પૂરી થતી નથી. આ પ્રકારના વિચારોથી ઘણા બધા એવા લોકો પીડિત છે કે શ્રમજીવી વર્ગનાં હિતોની લડાઇ જેઓ લડ્યાં છે, જેમણે એક સમાજવાદી ભવિષ્યનું સપનું જોયું છે અને તેને સાકાર કરવા માટે પગલાં ભરેલાં છે. એવું લાગે છે કે વીસમી સદીના સમાજવાદના પતનની સાથે આ ભાવિમાંની તેમની શ્રદ્ધા પણ ડગવા લાગી છે. જે લોકો ગઇ કાલ સુધી એવા વિશ્વાસમાં હતા કે મૂડીવાદનો અંત બસ હવે હાથવેંતમાં છે તેઓ પણ અચાનક પોતાના વિષે પણ અનિશ્ચિતતામાં ડૂબી ગયા છે.



જેવી રીતે મૂડીવાદી વર્ગ મૂડીવાદની ઉપજ છે એવી જ રીતે શ્રમજીવી વર્ગ પણ મૂડીવાદની જ ઉપજ છે. મૂડીવાદે સમાજ ઉપર જે શ્રમવિભાજન લાદી દીધું છે તે શ્રમજીવી વર્ગની આંતરિક સંરચના માટે પ્રાથમિક રીતે જવાબદાર છે. જો મૂડીવાદ આંતરિક પુનર્ગઠનની પ્રક્રિયામાંથી પસાર થાય તો - જે વીસમી સદીના ઉત્તરાર્ધમાં પસાર થઇ ચૂક્યો છે - તો સમગ્ર શ્રમવિભાજનમાં પરિવર્તન પણ નિશ્ચિત છે. તો પછી, આજનો શ્રમજીવીવર્ગ પણ ઓગણીસમી સદીના યુરોપમાં જોવા મળતા શ્રમજીવીવર્ગથી બિલકુલ જુદો પડતો દેખાશે. એકવીસમી સદીના શ્રમજીવી વર્ગની શકલ-સૂરત ઓગણીસમી સદીના એ ઔદ્યોગિક સર્વહારાની છબી સાથે સરખાવી શકાય નહીં કે જેની પાસે ખોવા માટે બેડીઓ સિવાય કંઇ જ ન હતું જ્યારે જીતવા માટે તો પૂરી દુનિયા હતી.

આમ તો, મૂડીવાદ દ્વારા લાદવામાં આવેલ શ્રમવિભાજન હંમેશાં બહુ જ જટિલ અને બહુસ્તરીય રહ્યું છે. પરંતુ ક્યારેય એટલું જટિલ ને બહુસ્તરીય નથી રહ્યું જેટલું તે આજે છે. ઉથલ-પાથલ ભર્યો ઇતિહાસ અને વારંવાર આવતી કટોકટીઓ તથા વીસમી સદીના શ્રમજીવી આંદોલનો અને સમાજવાદ દ્વારા રજૂ કરાયેલ ભારે પડકારો છતાં પણ, સંચય અને વિસ્તાર માટેની મૂડીની અદમ્ય લાલસા જેમની તેમ છે. હકીકતમાં, આ કટોકટીઓ અને પડકારોનો સામનો કરવાની પ્રક્રિયા દરમિયાન તેણે ધરતી પર કબજો કરીને અને માનવજીવનનાં તામામ પાસાંઓને પોતાની અંદર સમેટીને નવા રસ્તાઓ શોધ્યા છે, નવી સંરચનાઓ કાયમ કરી છે અને નવા પેંતરાઓ અજમાવ્યા છે. આનાથી તેની જટિલતા અને પરિવર્તનશીલતામાં વધારો થયો છે. ભૂતકાળના કોઇ પણ યુગની સરખામણીએ મૂડીવાદ આજ એક વૈશ્વિક વ્યવસ્થા છે અને તેનું એક વૈશ્વિક શ્રમવિભાજન છે. અગાઉના કોઇ પણ યુગની સરખામણીએ આજે મૂડીવાદે માનવ જીવનનાં તમામ પાસાંઓને પોતાના દાયરામાં સમાવી લીધાં છે અને સ્થાનિક સ્તરે પણ એક જટિલ શ્રમવિભાજન સ્થાપિત કરી દીધું છે.

છતાં પણ, એ આશ્ચર્યની વાત નથી કે, ઓગણીસમી સદીમાં યુરોપમાં જે ઔદ્યોગિક સર્વહારા વર્ગ ઉભર્યો હતો તે વૈશ્વિક મૂડીના મહાનગરીય કેન્દ્રોમાં પણ હવે બહુમતીમાં નથી રહ્યો. એવી આશા કરવી એ નર્યું ભોળપણ લાગશે કે, વીસમી સદીમાં ઉત્પાદન અને સંગ્રહમાં બેહદ વધારો થવા છતાં, મૂડી પોતાને ઔદ્યોગિક ઉત્પાદનની રૂઢીગત શાખાઓ પૂરતી જ સીમિત રાખશે અને પોતાને ભૌતિક વસ્તુઓના ઉત્પાદનમાં જ ડૂબેલા રાખશે. વધુ ઉત્પાદન અને દુનિયાભરના

દૂર દૂરના ખૂણાઓમાંથી પણ નફો અને અતિનફો ખેંચતી સંગ્રહખોરીની વૈશ્વિક વ્યવસ્થા શ્રમજીવી વર્ગની ઉત્પાદન શક્તિઓના એક હિસ્સાને અસંખ્ય સેવાઓનાં નવાં ક્ષેત્રોમાં જોતરવામાં સફળ રહી છે. વિકસીત મૂડીવાદી દેશોમાં કહેવાતા કલ્યાણકારી રાજ્યનું આગમન પણ આ પ્રક્રિયાનો ભાગ રહ્યો છે અને ક્રમશઃ તેણે મૂડીવાદના આંતરિક પુનર્ગઠનમાં મોટો ફાળો આપ્યો છે. આજની દુનિયાના પરિપક્વ મૂડીવાદી અર્થવ્યવસ્થાના જીડીપીમાં કહેવાતાં સેવા ક્ષેત્રોનો હિસ્સો બે તૃતિયાંશ સુધી પહોંચી ગયો છે અને આ ક્ષેત્રમાં એટલી જ શ્રમશક્તિ રોજગારી મેળવી રહી છે. મૂડીના આ ક્ષેત્રવાર પુનર્ગઠનને પરિણામે તેને અતિઉત્પાદનથી સતત ઉત્પાદન થનારાં જોખમોથી બચવાનો ઉપાય હાથ લાગ્યો છે. એટલું જ નહીં પણ, તેણે શ્રમજીવી વર્ગની શકલ-સૂરત અને માળખું પણ બદલી નાંખ્યું છે. શ્રમજીવી વર્ગની અંદર પણ બહુસ્તરીય વિભાજન અસ્તિત્વ ધરાવે છે. શ્રમજીવી વર્ગ અલગ-અલગ વ્યવસાયો, આવકસ્તર, હૈસિયત, હુન્નર, તાલીમ અને આત્મબોધ અને પરસ્પર એકતા (હિતસંબંધ)ની વિવિધ ધારણાઓ અનુસાર વિવિધ ભાગોમાં વહેંચાયેલો અને વિખરાયેલો છે. આધુનિક મૂડીવાદી સમાજોમાં શ્રમજીવી વર્ગનો એક બહુ મોટો હિસ્સો પોતાને શ્રમજીવી વર્ગનો હિસ્સો જ માનવા તૈયાર નથી. જે લોકો પોતાની શ્રમશક્તિ વેચે છે અને પ્રાથમિક રીતે તેમની મજૂરી અને વેતનો (પગાર) ઉપર આશ્રિત છે તે તમામ ભલે માત્ર જીવિત રહેવા માટે કે આરામદાયક જીવન માટે- આ તમામ સમાજોમાં એક વિશાળ બહુસંખ્યા સુધી પહોંચી ચૂક્યા છે. આમ હોવા છતાં પણ એવું લાગે છે કે જાણે શ્રમજીવી વર્ગ અદૃશ્ય થઇ રહ્યો છે.

મૂડીવાદ જે રસ્તા ઉપર આગળ વધ્યો છે તે રસ્તો જો મહાનગરીય કેન્દ્રો વિષે વ્યક્ત કરવામાં આવેલી શાસ્ત્રીય અપેક્ષાઓને જૂઠી સાબિત કરી રહ્યો હોય છે, તો વૈશ્વિક મૂડીના કિનારાઓ ઉપર પણ સ્થિતિ મૂળભૂત રીતે જુદી નથી જ. અહીંયાં પણ ઇતિહાસની યાત્રા શાસ્ત્રીય અપેક્ષાઓ અનુસાર નથી રહી. શરૂઆતમાં એવી અપેક્ષા સેવવામાં આવી હતી કે મૂડીવાદ ખેતીહર સમાજોને ઝડપી ઔદ્યોગિકીકરણના રસ્તા પર લઇ જશે. ખેડૂતોનો એક મોટો હિસ્સો ખેતીથી વિસ્થાપિત થઇને ઔદ્યોગિક સર્વહારામાં પરિવર્તિત થઇ જશે. જે ખેડૂતો ખેતીકામમાં જોડાયેલા રહેશે તેઓ પણ મૂડીવાદી કિસાનો અને ખેતીહર પગારદાર મજૂરો એમ બે ધ્રુવોમાં વહેંચાઇ જશે. જો ઇતિહાસના આ રસ્તાને કોઇ અવરોધ રોકી રહ્યો હતો તો તે ખુદ સામ્રાજ્યવાદ જ હતો - મૂડીવાદની ઉચ્ચતમ અવસ્થા



જે મુખ્યત્વે ઉપનિવેશવાદની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા દ્વારા કામ કરી રહી હતી. સામ્રાજ્યવાદ ખુદ ઉપનિવેશી જગતમાં મૂડીવાદી વિકાસને રોકી રહ્યો હોવાને કારણે એ સમાજોનો દેશી મૂડીવાદી વર્ગ પણ ઉપનિવેશવાદ વિરોધી રાષ્ટ્રીય મુક્તિ સંઘર્ષોમાં હિસ્સો લેવા માટે તૈયાર હતો, અને તેણે અલબત્ત, નેતાગીરીની ભૂમિકા નિભાવી પણ ખરી.

ઉપનિવેશવાદે ઇતિહાસના રંગમંચ પરથી વિદાય લઈ લીધી છે. અને ઉત્તર ઔપનિવેશિક ત્રીજી દુનિયામાં મૂડીવાદનો બેહદ અસમતોલ પરંતુ ઘણો જ ઝડપી વિકાસ થયો છે. સામ્રાજ્યવાદે તેની કાર્યપદ્ધતિ બદલી નાંખી છે. હવે તેણે ત્રીજી દુનિયાના મૂડીવાદી વર્ગ સાથે ભાગીદારી કરી લીધી છે. તેણે મૂડી પૂરી પાડી છે અને એ અર્થવ્યવસ્થાઓમાં એકઠી થનાર જમા મૂડી તથા નફાની વહેંચણી માટે મુખ્યરૂપે આર્થિક સાધન અને તંત્ર વિકસિત કરવામાં આવ્યાં છે. પરંતુ આ બધા પ્રયત્નો કરવા છતાં, ત્રીજી દુનિયાના સૌથી વધુ તેજ ગતિએ ઔદ્યોગિકીકરણ થઇ રહેલા સમાજોમાં પણ ભારે વર્ગીય ધ્રુવિકરણ અને ઔદ્યોગિક સર્વહારા વર્ગના ઉદયની ઉમેદો ઉપર ખરા ઉતર્યા નથી. અહીં જીડીપીમાં ખેતીનો હિસ્સો હજુ પણ સૌથી મોટો છે. જો કે, તે ઘટતો જઈ રહ્યો છે. ખેતીવાડી ક્ષેત્રે શ્રમનું સ્થળાંતર થવાનું ચાલુ છે પરંતુ તેની ઝડપ એટલી તેજ નથી કે ખેતીવાડી ક્ષેત્રે ઝડપથી વર્ગીય ધ્રુવીકરણને જન્મ આપી શકે. ત્રીજી દુનિયામાં ખેતીક્ષેત્રે હજુ પણ નાના ખેડૂતોની જ બોલબાલા છે.

આ પરિઘટના હાલમાં મોજૂદ સામ્રાજ્યવાદ દ્વારા લાદવામાં આવેલ વૈશ્વિક શ્રમવિભાજન સાથે જોડાયેલી છે. જ્યારે ત્રીજી દુનિયાની મોટાભાગની અર્થવ્યવસ્થાઓની ખેતીમાં મૂડીવાદી વિકાસને લઇને કોઇ શંકા-કુશંકા નથી બચી પરંતુ તેમ છતાં એ પણ નક્કી જ છે કે, આ સમાજોમાંથી નાનો ખેડૂતવર્ગ હમણાં જલદીથી ખતમ થવાનો નથી. જે પ્રકારના ઔદ્યોગિકીકરણથી આવું પરિવર્તન આવી શકતું હતું તે વૈશ્વિક શ્રમવિભાજનમાં એકીકૃત ત્રીજી દુનિયામાં શક્ય નથી. શક્ય ઔદ્યોગિકીકરણની માત્રા અને સ્વરૂપ મૂડીવાદના વૈશ્વિક સ્વરૂપ તથા તેનાથી જોડાયેલા શ્રમવિભાજનની સીમાઓથી બંધાયેલાં છે.

આમ, ખેડૂતવર્ગ હંમેશાં રહેશે પરંતુ તેની વર્ગીય સ્થિતિ મૂળભૂત રીતે ભિન્ન છે અને તેણે એકદમ અલગ ચરિત્ર અખતિયાર કરી લીધું છે. ખેતી સંપૂર્ણપણે મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિમાં એકીકૃત થઇ ચૂકી છે અને તેની ઉપજ પણ કોઇ પણ

ઔદ્યોગિક ઉત્પાદનની જેમ ખરીદ-વેચાણની વસ્તુનું ચરિત્ર લઇ ચૂકી છે. રોજમદાર શ્રમ મોટા પ્રમાણમાં ચાલુ છે પરંતુ જો આમ ન થતું હોત તો પણ આ ક્ષેત્રનું મૂડીવાદી ચરિત્ર એટલું જ સ્પષ્ટ દેખાતું હોત. કૌટુંબિક શ્રમ પર આધારિત ખેડૂતો મૂડીવાદી પદ્ધતિમાં એકીકૃત થઇ ચૂક્યા છે. તેમને નાની વસ્તુઓના ઉત્પાદકમાં બદલી નાંખવામાં આવ્યા છે.

મૂડીવાદ ક્યારેય પણ નાની વસ્તુઓના ઉત્પાદક સિવાય આગળ વધતો નથી. અતિવિકસિત અર્થવ્યવસ્થાઓમાં પણ ભલે તેમની સંખ્યા ઓછી રહી હોય તો પણ તેમનું અસ્તિત્વ કાયમ જરૂર રહ્યું છે. અહીં તફાવત માત્ર એટલો જ છે કે, ત્રીજી દુનિયામાં હજુ પણ શ્રમશક્તિનો એક ભાગ આવનારાં ઘણાં વર્ષો સુધી આ શ્રેણીમાં જ બંધાયેલો રહેવાનો છે. વૈશ્વિક શ્રમવિભાજનથી આંશિક રીતે સ્થાનીય શ્રમ આવી રીતે નિર્ધારિત થતો હોય છે. ખેડૂતવર્ગ સિવાય આ શ્રેણીમાં ઘણા બધા નાના કારીગરો, નાના દુકાનદાર વગેરે પણ આવે છે જે ત્રીજી દુનિયાની એક ખાસ વિશિષ્ટતા છે. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં નાના વસ્તુ ઉત્પાદકો વસ્તુલક્ષી રીતે શ્રમિત વર્ગીય સ્થિતિમાં ઊભા છે. તેઓ સમગ્ર વ્યવસ્થાતંત્ર દ્વારા શોષિત છે અને જે વધારાનું મૂલ્ય પેદા કરવામાં આવે છે તે બજાર અને વિનિમયના એક જટિલ નેટવર્ક દ્વારા તેમની પાસેથી છીનવી લેવામાં આવે છે.

જો કે, ત્રીજી દુનિયાનો ગ્રામીણ પ્રદેશ પહેલી દુનિયાના ગ્રામીણ પ્રદેશ કરતાં સ્પષ્ટરૂપે જુદો જ દેખાય છે પરંતુ ત્રીજી દુનિયાના નવા વિકસિત શહેરી કેન્દ્ર પહેલી દુનિયાના મહાનગરીય કેન્દ્રો જેવાં દેખાવા લાગ્યાં છે. પ્રમાણસર રીતે કહીએ,તો ખેતીક્ષેત્ર અથવા સામાન્ય રીતે પ્રાથમિક ક્ષેત્રનો હિસ્સો ત્રીજી દુનિયાના ઉત્પાદનમાં પહેલી દુનિયાની અર્થવ્યવસ્થાઓની સરખાણીએ દશ ગણો વધારે છે. પરંતુ એનાથી ત્રીજી દુનિયાની મોટાભાગની અર્થવ્યવસ્થાઓમાં સેવાક્ષેત્રને સૌથી મોટું ક્ષેત્ર બનતાં રોકી શકાયું નથી. આજની ત્રીજી દુનિયામાં મૂડીવાદી વિકાસ ઔદ્યોગિકીકરણનાં જુનાં રૂપો ઉપર એટલો આધારિત નથી જેટલો તે ઓગણીસમી સદીના યુરોપમાં હતો. ઉલટાનું, તે વિકસિત મૂડીવાદના સમકાલીન ઉદાહરણો દ્વારા અપનાવવામાં આવેલ માર્ગ પર જ ચાલી રહ્યો છે. તેનાથી ત્રીજી દુનિયાના ઉભરતા સામાજિક શ્રમવિભાજન પર સ્વાભાવિક ઊંડી અસર પડી છે. અહીં શ્રમશક્તિનો સૌથી મોટો ભાગ હજુ પણ ખેડૂતવર્ગ અને નાના વસ્તુ ઉત્પાદકોનો બનેલો છે પરંતુ અનૌપચારિક ક્ષેત્રમાં રોજગારી મેળવતા શ્રમિકોની સંખ્યા બહુ ઝડપથી વધી રહી છે. ખેડૂત અને કારીગર, ઔદ્યોગિક સર્વહારાની



જગ્યાએ અનૌપચારિક ક્ષેત્રના એ શ્રમિકવર્ગને જન્મ આપી રહેલા દેખાય છે. સમગ્રતયા, ભૌતિક વસ્તુઓના ઉત્પાદનમાં શ્રમિકો સરખામણીમાં નાની સંખ્યામાં સક્રિય છે. એવામાં ઘણા બધા લોકો એ વસ્તુઓને વેચવામાં અને તેના કરતાં પણ વધુ લોકો જુદા જુદા પ્રકારની સેવાઓ પ્રદાન કરવામાં પોતાનો રોલ અદા કરશે. અર્થાત્, ઔદ્યોગિક સર્વહારાની વિશાળ બહુસંખ્યા થઇ જાય ત્યાં સુધી રાહ જોવામાં કોઇ ઔચિત્ય નથી. શક્ય છે કે, આવો અવસર ક્યારેય આવે જ નહીં.

આ રીતે, મૂડીવાદ પોતાનું પુનર્ગઠન કરીને અને તેની કાર્યપ્રણાલી બદલતો રહીને જીવતો રહ્યો છે. દુનિયાના જે ભાગ ઉપર તેનું શાસન છે અને જે સામાજિક જીવનનું તેણે ઉપનિવેશીકરણ કરી નાંખ્યું છે ત્યાં તેણે એક જટિલ શ્રમવિભાજન લાદ્યું છે. આ શ્રમવિભાજન શ્રમજીવી વર્ગને વિભાજિત કરે છે, તોડે છે અને તેનું સ્વરૂપ બદલી નાંખે છે. મૂડીવાદ લોકોમાં બહુસ્તરીય આંતર્વિરોધો ઊભા કરીને અને તેને તીવ્ર કરીને સફળ થઇ રહ્યો છે. દુનિયાનું બધું જ કામ મજૂરો કરે છે પરંતુ તેઓ સૌ એક સમાન પરિસ્થિતિઓમાં શ્રમ અને જીવન વ્યતીત નથી કરતા. ના તો, તેઓ બધા મજૂર જેવા દેખાય છે. ભૌતિક જીવનની જુદી જુદી પરિસ્થિતિઓ જુદા જુદા સ્તરના લોકોની ચેતનાના બંધારણને જુદી જુદી રીતે પ્રભાવિત કરે છે. શ્રમજીવીઓ કામ કરે છે અને જીવે છે શ્રમજીવીની જેમ; છતાં તે બધા પોતાને શ્રમજીવી માનતા નથી. આમ, સમગ્રપણે જોતાં, દુનિયાના મજૂરો એક થવાનો આધાર ઉપરની સપાટી ઉપરથી હટી જઇને સામાજિક યથાર્થની નીચલી સપાટી પર જઇ ચૂક્યો છે.

ઉપરની સપાટીની પરિઘટનાઓ મોટેભાગે યથાર્થ વાસ્તવિકતાનાં ઊંડાં સ્તરોમાંથી ઉત્પન્ન થતી હોય છે. તે યથાર્થનો ભાગ તો હોય જ છે પરંતુ ભાગ્યે જ તે યથાર્થ મૂળભૂત સ્વરૂપને નિર્ધારિત કરતી હોય છે. આજની દુનિયા મૂડીવાદી દુનિયા છે. એટલા માટે જ, વ્યાજબી રીતે તે શ્રમજીવી વર્ગની દુનિયા છે. આ વર્ગ ઓગણીસમી સદીના સર્વહારા વર્ગ જેવો તો દેખાતો નથી પરંતુ વસ્તુગત રીતે તેની વર્ગીય સ્થિતિ તેવી જ છે. જટિલ અને વ્યાપક શ્રમવિભાજનમાં શ્રમજીવીઓનાં અલગ-અલગ જૂથો અલગ-અલગ જગ્યાએ ઊભાં છે પરંતુ મૂડીવાદી વર્ગની સરખામણીએ તેઓ સૌની સ્થિતિ એક જેવી છે. તેમનાં જીવનની ભૌતિક સ્થિતિ ભલે વ્યાપક રીતે જુદી જુદી હોય પરંતુ તેઓ સૌ મૂડીના સ્વામીઓ અને નિયંત્રણ કરનારાઓ માટે વધારાનું મૂલ્ય પેદા કરે છે. શક્ય છે કે, તેમનામાંથી કેટલાક શ્રમવિભાજનના નિચલા સ્તર પરના મજૂરો પાસેથી છીનવી લીધેલ

અધિશેષ/વધારાનાં નફામાંથી કેટલોક ભાગ લઈ જતા હોય પરંતુ શ્રમમાંથી આના કરતાં પણ ઘણું વધારે વધારાનું મૂલ્ય છીનવી લેવામાં આવતું હોય છે.

છેલ્લી શતાબ્દિની સર્વહારા ક્રાંતિઓ એવા સમાજોમાં થઇ જ્યાં પીડિતો અને શોષિતોની જીવનની પરિસ્થિતિઓ એકસમાન રૂપે અસહનીય અને અમાનવીય હતી. "રોટી અને શાંતિ" અથવા "ખેડે તેની જમીન" જેવા સાદા નારાઓ લોકોની અંદર ક્રાંતિકારી એકતા પેદા કરવા માટે પૂરતા હતા. જીવનની પરિસ્થિતિઓની આવી સમરૂપતા હાલના સમાજ અથવા મૂડીવાદમાં દેખાતી નથી. હવે તમામ શોષિતો અને પીડિતોની એકતા કેવળ જીવન અને શ્રમપરિસ્થિતિઓના આધાર પર સંભવ નથી. હવે આપણે ક્રાંતિકારી એકતાનો આધાર શોધવા માટે મૂડીવાદી વ્યવસ્થાનાં વધુ ઊંડાં સ્તરોમાં જવું પડશે. આજના મૂડીવાદમાં આ પ્રકારની એકતા માત્ર એ આધાર પર સ્થાપિત ના થઇ શકે કે, કામ, હુન્નર, આવક, ઓળખ અને સંસ્કૃતિના સ્તરે તમામ વિવિધતા હોવા છતાં પણ શ્રમજીવી વર્ગનાં તમામ જૂથો વધારાનાં નફો પેદા કરે છે અને મૂડીના માલિક આ વધારાનો નફો છીનવી લે છે.

મૂડીવાદની સપાટી પરથી ઉભરતી પરિઘટનાઓ આવનારી ક્રાંતિઓની જટિલતાનો પૂર્વાભાસ તો આપી શકે છે અને સાથે આવનારા પડકારો વિશે પણ બતાવી શકે છે પરંતુ મૂડીવાદનું મૂળભૂત સ્વરૂપ બદલાયું નથી. શ્રમજીવીઓ દુનિયાનું સર્જન કરે છે પરંતુ દુનિયા તેમના હાથમાં નથી. જીવિત રહેવા માટે મજૂરી અને પગારો પર આધારિત આ શ્રમજીવીઓ હજુ પણ મૂડીવાદના "પગારદાર ગુલામ" છે. તેઓ તમામ સંપત્તિ પેદા કરે છે પરંતુ તે તમામ સંપત્તિ એમની પાસે પહોંચી જાય છે જે મૂડીના નિયમોનુસાર તેના પર કબજા માટે 'હકદાર' છે. શ્રમજીવીઓની જીવન પરિસ્થિતિઓમાં આવેલ તમામ ફેરફાર છતાં પણ આજે દુનિયાના શ્રમજીવીઓ પાસે ખોવા માટે કંઇ જ નથી. આજે પણ તેમની પાસે જીતવા માટે પૂરી દુનિયા પડી છે.

## ઓળખ, અસમાનતાઓ, દમન

જેવી રીતે, એક મૂડીવાદીને કેવળ મૂડીવાદી કહેવાથી તેની પૂરી ઓળખ થતી નથી તેવી જ રીતે શ્રમજીવી હોવું એ શ્રમજીવીની પૂરી ઓળખ નથી. આજ સુધીના ઇતિહાસમાં બધા જ સમાજ વર્ગીય સમાજ રહ્યા છે પરંતુ ક્યારેય કોઇ



સમાજ એવો સમાજ નથી રહ્યો જે વર્ગીય આધાર પર સીધો જ વ્યાખ્યાયિત થતો રહ્યો હોય. એક સામાજિક વ્યક્તિના સ્વરૂપમાં દરેક વ્યક્તિ કેટલીયે ધરીઓ ઉપર ઊભી હોય છે અને તે ધરીઓથી સામાજિક યથાર્થના તમામ આયામોનું ચિત્ર ઉભરતું હોય છે. સામાજિક પ્રાણીના રૂપમાં દરેક વ્યક્તિ કેટલીયે ઓળખો ધરાવતી હોય છે.

સામાજિક ઓળખોને હંમેશાં ભૌતિક આધાર હોય છે. જ્યાં આ ઓળખો મૂળભૂત રીતે સામાજિક અને સાંસ્કૃતિક કલ્પનાઓમાંથી ઊભી થતી દેખાઇ આવે છે અથવા પોતાને માત્ર અધિરચનાત્મક રૂપમાં રજૂ કરે છે ત્યાં પણ એ ભૌતિક સામાજિક યથાર્થમાં પોતાનાં મૂળિયાં નાંખી દે છે. નક્કર પાયામાંથી જન્મ લેતી આ ઓળખો એ નક્કર પાયાઓને સર્જવામાં અને તેને વધુ નક્કર બનાવવામાં પણ પોતાનો ફાળો આપે છે.

સાથે સાથે સામાજિક ઓળખોનું ઐતિહાસિક વ્યક્તિત્વ પણ હોય છે. એટલે સુધી કે જે ઓળખો યુગો અને સહસ્રાબ્દિઓ કરતાં પણ વધુ લાંબી અને ઘણી બધી ઉત્પાદન પ્રણાલીઓનીએ પેલી પાર સુધી ફેલાયેલી દેખાઇ આવે છે તે પણ સદાકાળ અને અપરિવર્તનીય નથી હોતી. સમગ્ર સામાજિક તંત્રમાં ગૂંચવાયેલી હોવાને કારણે તેની નિયતિ બીજી કોઇ હોઇ જ ન શકે. ઇતિહાસના ચક્રમાં તેના અર્થ અને ભૂમિકાઓ અનિવાર્ય રૂપે બદલાઇ જાય છે. જૂની ઓળખોમાંની ઘણી બધી ખતમ થઇ જાય છે, ઘણી બધી નવી પેદા થઇ જતી હોય છે અને સામાજિક યથાર્થનું અંગ બની જતી હોય છે.

સામાજિક ઓળખો હંમેશા પોતાને અનુકૂળ વર્ગીય સામાજિક સંબંધોને જન્મ આપે છે અને પરિણામે એ (ઓળખો) સામાજિક સંબંધો દ્વારા જ વ્યાખ્યાયિત થાય છે. ઓળખો માત્ર એ રીતે નક્કી નથી થતી કે તેને ધારણ કરનાર પોતાને કેવી રીતે જુએ છે પરંતુ એ રીતે નક્કી થાય છે કે બીજા લોકો તેને કેવી રીતે જુએ છે અને માન્યતા આપે છે. ઓળખ અને માન્યતા એક-બીજા સાથે ગૂંથાયેલી છે અને આ સંદર્ભમાં ઓળખને માન્યતા ન મળવી એ ઊંડે ઊંડે ઘણા સામાજિક અન્યાયો અને ઉત્પીડનોની જડ હોય છે. જેંડર, જાતિ, વંશ, માનવવંશીય, રાષ્ટ્રીયતા અને ધાર્મિક ઓળખ એવી સામાજિક ઓળખો છે કે જેણે સામાજિક અસામનતાઓ અને ઉત્પીડનો, શોષણ, ભેદભાવ વગેરેને આધાર પૂરો પાડ્યો છે. સામાજિક ઓળખ પર આધારિત અસમાનતા, અન્યાય અને ઉત્પીડનથી

પીડિત દરેક વ્યક્તિ માટે સમાનતા, ન્યાય અને ઉત્પીડનથી મુક્તિ મૂળભૂત આવશ્યકતા અને ગંભીરપણે ઇચ્છિત ધ્યેય હોય છે. ઇતિહાસના દરેક તબક્કાઓ અને યુગોમાં આ સળગતા મુદ્દાઓ રહ્યા છે અને જ્યાં સુધી આ અનિચ્છિત પરિઘટનાઓ માનવ સભ્યતાને પીડતી રહેશે ત્યાં સુધી આ મુદ્દાઓ પ્રસ્તુત રહેશે.

ઓળખ આધારિત અસમાનતા, ઉત્પીડન અને શોષણ પૂર્વઆધુનિક સમાજોમાં સામાજિક વ્યવસ્થાનું એક અભિન્ન અંગ હતું અને આજે પણ છે. એ અસમાનતાઓને સામાજિક સ્વીકૃતિ મળેલી હતી અને તેને ઇશ્વરેચ્છાની રીતે લાગુ કરવામાં આવતી હતી. આધુનિક સમાજોએ માનવ સમાનતાના સવાલને સામાજિક એજેંડા પર સ્પષ્ટ રૂપે સ્થાપિત કરી દીધો છે. આ ક્રમમાં અસમાનતાઓને ચાલુ રાખવાવાળી સામાજિક અને દૈવી સ્વીકૃતિને પડકારવામાં આવી અને વૈચારિક રૂપે પરાજિત કરવામાં આવી. પરંતુ આધુનિક સમાજ મોટેભાગે ઔપચારિક સમાનતાને વાસ્તવિક સમાનતાનું રૂપ આપવામાં નિષ્ફળ રહ્યો છે. લિંગ, જાતિ, વંશ, ધર્મ વિગેરે ઉપર આધારિત અસમાનતાઓ ના કેવળ મોટાભાગના સમાજોમાં કાયમ છે પરંતુ ઘણા કિસ્સાઓમાં તેને નવી જીવન શક્તિ અને બળ મળ્યું છે.

આ નિષ્ફળતાનાં ઘણાં બધાં કારણો છે. પહેલું તો, એનાથી ખબર પડે છે કે, ઓળખ આધારિત સામાજિક અસમાનતાઓની પરિઘટનાઓ ઊંડે ઊંડે સ્થાપિત અને આશ્ચર્યજનક રૂપે ગતિશીલ છે. ના કેવળ તેમને જૂનાં પુરાણાં મૂળોમાંથી ખોરાક મળતો રહે છે પરંતુ બદલાયેલી પરિસ્થિતિમાં તેઓ નવાં મૂળ પણ નાખતાં રહે છે. બીજી વાત, આધુનિકતા મૂડીવાદના આશ્રય હેઠળ ઉપસ્થિત અને વિકસિત થઇ છે. બીજી તરફ મૂડીવાદ પણ પૂર્વઆધુનિક સામાજિક સંબંધોના એ ભાગોને પોતાની સામાજિક સંરચનામાં સમાવવાની કોઇ તક ચૂકતો નથી જે તેના હિતોને સાધવામાં મદદ કરતાં હોય. ''સ્વતંત્રતા, સમાનતા, બંધુતા'' જેવાં ક્રાંતિકારી નારાઓનો જમાનો પાછળ છૂટી ગયો છે. જૂની વ્યવસ્થાને પરાજિત કર્યા પછી જૂની વ્યવસ્થાના અવશેષોની સાથે મૂડીવાદ આરામદાયક રીતે કાયમ છે. ત્રીજી વાત, સામાજિક ઓળખોની અસંખ્ય ધરીઓ એક-બીજાને કાપી રહી છે. દરેક કિસ્સામાં એક ધરી ઉત્પીડક અને શોષણખોરને જૂદાં પાડતી હોય છે પરંતુ સમગ્ર રીતે કોઇ એક નિર્ણાયક વિભાજક ધરી નથી જે તમામ ઉત્પીડિતોને એક તરફ અને પરસ્પર એકઠા કરી શકે. એ જ રીતે કોઇ એવી ઓળખ પણ નથી કે જે



તમામ ઉત્પીડકો અને શોષણખોરને લાગુ કરી શકાય. આમ, સમગ્ર રીતે જોઇએ તો, ઓળખ આધારિત ઉત્પીડનો અને શોષણો વિરૂદ્ધ થનાર સંઘર્ષ ઘણો જ વધારે જટિલ બની ગયો છે.

સામાજિક ઓળખની પરિઘટનાને આર્થિક, રાજનૈતિક અથવા વર્ગીય મૂળ સુધી જ સીમિત ના કરી શકાય. પરિણામ સ્વરૂપે, આપણે એવી આશા ન રાખી શકીએ કે જો વર્ગીય અંતર્વિરોધોને હલ કરી નાંખવામાં આવે તો એનાથી તમામ સામાજિક અંતરવિરોધો આપમેળે જ ઉકલી જશે. સામાજિક અંતર્વિરોધોના સવાલોને તેમના સ્તર પર અલગથી ઉઠાવવા પડશે જ. વર્ગીય અંતર્વિરોધોનું ઐતિહાસિક રૂપે પ્રગતિશીલ સમાધાન સામાજિક અંતર્વિરોધોના મુક્તદાયી સમાધાનને સરળ તો બનાવી શકે છે પરંતુ પોતાની મેળે જ આ પ્રકારના સમાધાનની ખાતરી નથી આપી શકતું. પરંતુ, વર્ગીય અંતર્વિરોધોના ઐતિહાસિક રીતે પ્રગતિશીલ સમાધાન માટે જે શોષિત વર્ગના લોકો છે તેમની વચ્ચે વર્ગીય એકતા તો જરૂરી છે જ પંરતુ તે મોટેભાગે બહુવિધ સામાજિક ઓળખોમાં વહેંચાયેલા છે. આ પ્રકારની ઓળખ ત્યારે જ શક્ય છે જ્યારે ઓળખ આધારિત સામાજિક આંતર્વિરોધોના મુક્તિદાયી સમાધાનની દિશામાં સતત પ્રગતિ જારી રાખવામાં આવે.

સામાજિક અંતર્વિરોધના મુક્તિદાયી સમાધાનનું કોઇ પણ આંદોલન વર્ગના સવાલથી અલિપ્ત રહી શકે નહીં. જો મજૂર હોવું એ કોઇ પણ મજૂરનું પૂરેપૂરું વર્ણન નથી તો કોઇ પણ સ્ત્રીને સ્ત્રી કહેવાથી પણ તેનું પૂરું વર્ણન થઇ શકે નહીં. આવી જ સ્થિતિ કોઇ દલિત અથવા સામાજિક રીતે ઉત્પીડિત કોઇ પણ અન્ય સમૂહ અથવા સમુદાયની થશે. કોઇ પણ વ્યક્તિ વર્ગીય સમાજમાં રહીને તેના પ્રભાવથી બચી શકે નહીં. કોઇ પણ, વર્ગીય શોષણથી મુક્ત ભવિષ્યની પરિકલ્પના અને નિર્માણની જવાબદારીમાંથી દૂર ભાગી શકે નહીં. એટલા માટે, કોઇ પણ વર્ગીય અંતર્વિરોધોના ઐતિહાસિક રૂપે પ્રગતિશીલ ઉકેલ માટે લડાઇના કાર્યભારને અવગણી શકે નહીં.

ઓળખ સામાજિક જીવનનું એક અભિન્ન અંગ હોય છે. પરંતુ ઓળખ પર આધારિત અસમાનતા, અન્યાય અને શોષણ પણ જરૂરી નથી કે સામાજિક જીવનનો હિસ્સો હોય. અગર તમામ ઓળખોને ખતમ કરવી શક્ય ન હોય તો પણ આ અસમાનતાઓ, અન્યાયો અને શોષણોને તો ખતમ કરવાં જ પડશે.

એવી કેટલીયે ઓળખો છે જેમનું ઔચિત્ય ઓળખ આધારિત અસમાનતા અને શોષણ બીજા કોઈ સ્વરૂપને આગળ વધારવાનો સ્રોત હોય છે. શક્ય છે કે આ પ્રકારની ઓળખો ખુદ અનિચ્છનીય હોય અને તેમને સમૂળગી ખતમ કરવી જરૂરી પણ હોય, પરંતુ એવા સમાજની કલ્પના કરવી સંભવ નથી જે એટલો સમરૂપ અને સપાટ હોય કે જેમાં સામાજિક ઓળખ જ બચી ન હોય. સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતા ઉત્પીડન અને શોષણથી મુક્તિ પછી પણ માનવ સભ્યતાનું એક અભિન્ન અંગ બની રહેશે. પરંતુ ત્યારે તો આ વિવિધતા હજુ પણ વધી હશે. શક્ય છે કે એવા સમાજોમાં સ્વસ્થ વિવિધતાને વધુ સમૃદ્ધ કરવા માટે નવી ઓળખો સ્વતઃસ્ફૂર્ત રૂપે ઉત્પન્ન થવા લાગે. જેઓ સાંસ્કૃતિક અને સામાજિક રીતે ભિન્ન છે તેમની સમાનતા, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને વિવિધતાને ફેલાવવાની એક પૂર્વશરત છે. સામાજિક અર્થ અને સામાજિક દાયરામાં અસમાનોને પણ સમાન માનવા જોઈએ. સામાજિક સમાનતાની ચાહના કેવળ એ કારણે ઐતિહાસિક અનિવાર્યતા નથી કે આપણે માનવ છીએ, પરંતુ એટલા માટે પણ અનિવાર્ય છે કારણ કે આપણે સહુ અસમાન છીએ.

## લાભ અને સંચય માટે પ્રકૃતિ

માનવ સમાજ પણ પ્રકૃતિનો એક ભાગ છે પરંતુ એ બાકીના તમામ ભાગોથી તદ્દન અલગ છે. આ એક માત્ર એવો ભાગ છે જે સચેત રૂપે અને જાણીબૂઝીને પ્રકૃતિ સાથે છેડછાડ કરે છે. આ પ્રકારના હસ્તક્ષેપ પ્રાચીન કાળથી જ માનવ સભ્યતાના આવિર્ભાવ અને વિકાસ માટેનો મૂળભૂત આધાર રહ્યો છે. પ્રકૃતિમાં માનવીય હસ્તક્ષેપ ઉત્પાદન અને પુનરૂત્પાદનની સામાજિક પદ્ધતિઓ દ્વારા આગળ વધતો રહે છે. પોતાના જીવનની પરિસ્થિતિઓ ઉત્પન્ન કરતાં કરતાં માનવ પ્રકૃતિને પણ 'ઉત્પન્ન' કરે છે. આ રીતે, જે સમગ્ર છે તેનો એક ભાગ સમગ્રના પુનર્ગઠનની પાત્રતા ધારણ કરી લે છે, કમ સે કમ આ પૃથ્વીના સ્તર પર તો સાચું છે.

મૂડીવાદે આ પ્રક્રિયાને અનપેક્ષિત અને ઉચ્ચતમ શિખરો સુધી પહોંચાડી દીધી છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક રૂપમાં તથા માનવીય ગતિવિધિઓને સંગઠિત કરવાવાળી મહાકાય અને બેહદ જટિલ સાધનો, પ્રણાલિઓ અને સંરચનાઓના રૂપમાં ઉત્પાદક શક્તિઓના ભારે વિકાસે તેને એક અસાધારણ, લગભગ જાદુઈ શક્તિ આપી દીધી છે જેના વડે તેણે પ્રકૃતિને નિયંત્રિત અને નિર્દેશિત કરી



નાંખવાની શક્તિ ધારણ કરી લીધી છે. તે પ્રાકૃતિક શક્તિઓનો સંચય કરી શકે છે, પ્રાકૃતિક સંસાધનોને હસ્તગત કરી શકે છે, પ્રાકૃતિક પ્રક્રિયાઓને બદલી શકે છે અને પ્રકૃતિની ક્રિયાઓ અને ભૂક્ષેત્રોને એવી રીતે અને એટલા મોટા સ્તરો પર છીનવી શકે છે કે આવું માનવ ઈતિહાસમાં પહેલાં ક્યારેય થયું નથી. પોતાના હાથમાં આવેલી આ તમામ તાકાતોના સહારે તેણે પ્રકૃતિને નફો અને સંચયની પોતાની અસીમ તરસ છીપાવવાનું એક સાધન બનાવી દીધી છે. જે વ્યવસ્થાની પાસે પ્રકૃતિ અને માનવ સભ્યતા ઉપર નિયંત્રણની એવી શક્તિઓ છે તેની પાસે કોઈ પણ ભાગે નફાને વધારતા જવાના તેના સ્વાભાવિક તર્ક પર નિયંત્રણ રાખવાનો કોઈ રસ્તો નથી હોતો. તમામ તાકાતોને વશમાં કરનાર ખુદ પોતાની ભીષણ તૃષ્ણાને વશ કરી શકતો નથી. આ એ વિડંબના છે જે આ ગ્રહ માટેઉત્પન્ન થઈ રહેલા જોખમના મૂળમાં છે. આ એ દુઃખદ ઘટના છે જે આ ગ્રહ પર માનવ જીવનના સ્થાયિત્વને જોખમમાં મૂકી રહેલ છે.

આખી દુનિયામાં ઉત્પાદન અને ઉપભોગની મૂડીવાદી પ્રણાલીને સ્થાપિત કરવા માટે એક ચાવીરૂપ વૈચારિક તર્ક જરૂરી છે કે પ્રકૃતિને બહારની અને જીવનશૂન્ય વસ્તુ જાહેર કરી દેવામાં આવે - એક એવી વસ્તુ જેના પર માનવ સ્વચ્છંદ રૂપે ઉજાણી કરી શકે. ત્યાર પછી કોઈએ પણ ઉત્પાદન અને ઉપભોગની મૂડીવાદી પ્રણાલીના પર્યાવરણીય ખર્ચનો હિસાબ રાખવાની જરૂર નથી. આ પ્રણાલી ઉપર ચાલતાં મૂડી પૂષ્કળ નફો કમાય છે છતાં પણ તેણે પર્યાવરણીય નુકશાન ભરપાઈ કરવાની જરૂર નથી પડતી. પરંતુ જો તેને આ આધારે પડકારવામાં આવે તો તે એટલાં જ નફાકારક બીજાં ક્ષેત્રોમાં જઈને આ પડકારથી છટકી જઈ શકે છે. તે પર્યાવરણનો વિનાશ નોંતરીને પૈસા કમાય છે, તે પર્યાવરણની રક્ષા કરીને પણ પૈસા કમાય છે. જ્યારે આંદોલન ઊભાં થાય છે અને પર્યાવરણને થયેલ નુકશાન ભરપાઈ કરવા માટે બાધ્ય કરવા નીતિ-નિયમો ઘડવામાં આવે છે તો તે એ ખર્ચને જનતાના ખભે ધકેલવાના રસ્તાઓ શોધી કાઢે છે અને આ પ્રક્રિયામાં હજુ પણ વધુ નફો રળી લે છે. જ્યારે પર્યાવરણીય સંવેદનશીલતાને ધ્યાનમાં લેવામાં આવે છે તો ચીજવસ્તુઓના ભાવ વધવા માંડે છે, જ્યારે નવી પ્રૌદ્યોગિકી અને પ્રક્રિયાઓ વિકસિત કરીને પર્યાવરણીય ક્ષતિ ઉપર અંકૂશ લગાવવા માટે ઉત્પાદનની નવી પદ્ધતિઓ વિકસિત કરવાની જરૂરિયાત હોય છે, જ્યારે સરકારો અને લોક સંસ્થાઓ પર્યાવરણીય વિનાશને ઠીક કરવા માટે એ જ ખાનગી કંપનીઓ અને બજારોને જવાબદારી સોંપે છે

જેમણે આ વિનાશ નોંતર્યો હતો. આમ દરેક વખતે મૂડીવાદી પૈસા બનાવતા રહે છે.

આજનો મૂડીવાદ એથી પણ આગળ જઇ ચૂક્યો છે. હાલમાં પારિસ્થિતિકીય કોમોડીટીઝ અને તત્તસંબંધી વિત્તિય ઉપકરણ બજારમાં હયાત છે. વૈશ્વિક નિગમ અને સમૃદ્ધ રાષ્ટ્ર ''કાર્બન ઋણ'' ખરીદ કરીને વાતાવરણમાં કાર્બન ઠાલવી રહ્યાં છે. ગરીબ રાષ્ટ્ર અને સમુદાયો પોતાનાં જંગલો અને વન્ય જીવોનું રક્ષણ કરીને તેમને બચાવીને વિશ્વના અમીરો માટે વૃક્ષો ઉગાડી રહ્યાં છે. આ રીતે તેઓ ''કાર્બન ક્રેડિટ'' કમાઇ શકે છે અને જો ખુદ વાતાવરણમાં કાર્બન ના છોડે તો કેટલાક રૂપિયા પણ કમાઇ શકે છે. જો અમીર દેશો દ્વારા ઑકવામાં આવી રહેલ કાર્બનને થોડો ઘણો પણ શોષી લેવા માટે તૈયાર થઇ જાય તો તેમને કંઇક કમાણી થઇ શકે છે. તેઓ ઇચ્છે તો ''વેટલેંડ ક્રેડિટ'' કમાઇ શકે છે એ અને જો તેમની પોતાની વેટલેંડ બચાવી રાખી શકે તો કંઇક કમાઇ શકે છે જેથી આ પૃથ્વી ગ્રહ પર ટકી રહેવા માટે જરૂરી માત્રામાં વેટલેંડ બચી રહે - પછી ભલેને અમીરોની સેવા માટે ચાલતી રહેતી વિકાસ પરિયોજનાઓ તેના વિશાળ ખંડોનો કોળિયો કરતી રહેતી. આ પ્રકારનાં ઉદાહરણો વિપુલ પ્રમાણમાં વધવાની શરૂઆત થઇ ચૂકી છે. એટલે સુધી કે એક નવા પ્રકારના 'ફ્યૂચર્સ બજાર'નો પણ વિકાસ થયો છે જેમાં પારિસ્થિતિકીય કોમોડિટીઝની અનુમાનિત ભારે કિંમતો ઉપર આધારિત વિત્તિય સાધનોનું ખરીદ-વેચાણ કરવામાં આવે છે. ગરીબોને ગરીબ બની રહેવા માટે ચૂકવણી કરવામાં આવે છે જેથી કરીને અમીર વર્ગ તેમનું ભોગવિલાસી જીવન ચાલુ રાખી શકે. અને આ પ્રક્રિયામાં, મૂડી નવાં બજારો પેદા કરી રહી છે અને વધુમાં વધુ નફો રળવા માટેના રસ્તાઓ શોધી રહી છે.

પરંતુ આ સિલસિલો અહીં ખતમ નથી થતો. આજનો મૂડીવાદ પ્રકૃતિ ઉપર કબજો અને તેના વિનાશથી જ સંતુષ્ટ નથી. તે ગરીબોને તેમના આ પાપમાંથી મુક્તિની જવાબદારી પણ તેમના ઉપર નાંખતા જાય છે. તેમણે પ્રાકૃતિક સંસાધનોને દોહવાનું અને પરિવર્તનનું કામ તો કરી જ નાંખ્યું છે તેનાથી પણ આગળ વધીને તેણે આમ કરવાની ઈજારાદારીનો હક્ક પણ હાંસલ કરી લીધો છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પર તેનું નિયંત્રણ છે જેનાથી તે આનુવંશિક રૂપથી સંશોધિત ખાદ્ય પદાર્થ પણ ઉત્પન્ન કરી શકે છે, વંડર ડ્રગ્સ બનાવી શકે છે, ઔદ્યોગિક અને ઔષધિય કાર્યો માટે સ્વપ્રજનનશીલ અણુની રચના કરી શકે છે અને ક્લોનિંગની



મદદથી માનવ અંગોની રચના પણ કરી શકે છે. બૌદ્ધિક સંપદાના અધિકારોની રોજે-રોજ સખ્ત અને ઝડપથી ફેલાતી જતી વ્યવસ્થા એ વાતની ખાતરી આપે છે કે આ ટેકનિકો અને તેનાથી ઊભાં થનાર બજારો પર મૂડીવાદી નિગમોનો સુરક્ષિત એકાધિકાર બનેલો રહેશે. ખાનગી માલિકી મૂડીવાદનો સૌથી પવિત્ર સિદ્ધાંત છે અને પ્રાકૃતિક વસ્તુઓ અને સંસાધનો પર માલિકી માત્રથી મૂડી સંતુષ્ટ નથી. તે પ્રાકૃતિક નિયમો અને પ્રાકૃતિક પ્રક્રિયાઓ પર પણ નિયંત્રણ ઇચ્છે છે. વંડર મોલિક્યૂલ માલિકોની પ્રયોગશાળામાંથી નીકળીને કોઇ અન્યની પ્રયોગશાળામાં બનવા લાગે અથવા જનતાના સ્તર પર બિમારીઓ મટવા લાગે, એવી આશા રાખવી વ્યર્થ છે. જીએમ બિયારણ આપમેળે એવા ખેડૂતોના ખેતરમાં ઉગવા માંડશે નહીં જેમણે તેને રોપવાના હક્ક ખરીદ્યા નહીં હોય. નવી ટેકનિકોથી ઊભા થનાર જોખમો આખા સમાજે ઉઠાવવાના છે જ્યારે તેનાથી થનાર ફાયદાઓ માત્ર તે લોકો માટે જ છે જેમનો તેના ઉપર માલિકી હક્ક છે.

ચારે તરફ પારિસ્થિતિકીય વિનાશનું જોખમ મંડરાવા લાગ્યું છે તેમાં કોઇ શંકા નથી. લાંબેગાળે જોઇએ તો માનવજાતનું ભાવિ દાવ પર લાગેલું છે અને ટૂંકા ગાળે જોઇએ તો માનવ સભ્યતા બહુજ ભારે કિંમત ચૂકવી રહી છે. નિઃશંકપણે આ જોખમ માટે મૂડીવાદ મૂળભૂત રીતે જવાબદાર છે. દુનિયાનો કારોબાર ચલાવવામાં મૂડીવાદે અપનાવેલ રીત રસમ જ આ આશંકિત મહાવિનાશની જડમાં છે.

જે લોકો માને છે કે, પરિસ્થિતિગત સમતોલન ફરીથી ઠીક કરી શકાય છે અને મૂડીવાદ સામે લડ્યા વિના જ લાંબાગાળાનું સ્થાયિત્વ સુનિશ્ચિત કરી શકાય છે, એ આ ધ્યેય તરફની લાંબી યાત્રાના પહેલા અને સૌથી મહત્ત્વપૂર્ણ પગલાથી બચવાની કોશિશ કરી રહ્યા છે. જે લોકો એવું માને છે કે, મૂડીવાદથી છૂટકારો મેળવ્યા વિના જ ઉત્પાદન અને ઉપભોગની મૂડવાદી પદ્ધતિઓથી છૂટકારો મેળવી શકાય છે, તેઓ મૂળનો નાશ કર્યા વિના તેનાથી સતત ફેલાતા પ્રભાવો પર અંકુશ મૂકવાના નુસ્ખા બતાવી રહ્યા છે. જેઓ એવું માને છે કે, માનવ સભ્યતા પ્રાચીન પદ્ધતિઓ તરફ પાછી વળશે તથા તેની પ્રાચીન પ્રકૃતિના સંરક્ષણને પોતાનું સર્વોપરિ લક્ષ્ય બનાવી લેશે, તેઓ એક કાલ્પનિક વિશ્વના રોમાંટિક સહેલાણી માત્ર છે. પોત-પોતાના સ્તરે તેઓ પણ પ્રકૃતિને પોતાનાથી બહારની અને જીવનશૂન્ય ચીજ જાહેર કરી રહ્યા છે. પ્રકૃતિ સીવાય માનવજાતની કલ્પના ન થઇ શકે પરંતુ પ્રકૃતિની પણ

માનવજાત અને તેના હસ્તક્ષેપો સિવાય કલ્પના કરવી સંભવ નથી. મૂળ સવાલ એ છે કે માનવતાની પ્રગતિ તરફી, મુક્ત અને સ્વતંત્ર માનવતાના હિસાબથી એવા કયા હસ્તક્ષેપ છે જેનાથી સ્થાયિત્વ અને પ્રગતિનો માર્ગ પ્રશસ્ત થશે અને કયા પ્રકારની વ્યવસ્થા માનવજાતના એવા ભાવિની ખાતરી આપી શકશે ?

બીજી બાજુ, જે લોકો એવું માને છે કે મૂડીવાદની પાસે પરિસ્થિતિગત અસંતુલન ઉત્પન્ન કરનારી તેની રીત-રસમોને ઠીક કરવાની અંતર્નિહિત વ્યવસ્થા મોજૂદ છે તેમને વધુમાં વધુ એટલું જ કહી શકાય કે તેઓ મૂડીવાદની અપેક્ષિત તર્કશીલતામાં વધુ પડતા વિશ્વાસના ભોળા શિકાર છે. તેઓ ભૂલી જાય છે કે મૂડીવાદની તર્કશીલતા પણ મૂડીવાદના તર્કની ગુલામ છે. તે મૂડીવાદ દ્વારા નિર્મિત તર્કની સીમાઓને ઓળંગી શકે નહીં. જો મૂડીવાદ સાચે જ વાસ્તવમાં તેનાં કેટલાંક પર્યાવરણીય કુકૃત્યોને ઠીક કરતો, સુધારતો જોવા મળે તો તે માનવજાતને તેની એક ખૂબ જ ભારે અને અન્યાયપૂર્ણ રીતે અસમાન કિંમત ચૂકવવા માટે પણ બાધ્ય કરે છે.

તથાપિ, મૂડીવાદ વિરૂદ્ધનો સંઘર્ષ ન તો પરિસ્થિતિગત ટકાઉપણા ખાતર થનાર સંઘર્ષની શરૂઆત છે અને ના તો તેનો અંત છે. જે લોકો માને છે કે, સમાજવાદ ખુદ આપમેળે જ પારિસ્થિતિકીય રૂપે સ્વાસ્થ્યપ્રદ પદ્ધતિ લાગુ કરી દેશે એ લોકો પણ એક પ્રકારના ભોળપણના શિકાર છે. તેઓ એ ભૂલી જાય છે કે સમાજવાદ પણ એ હાલતમાંથી પેદા થશે જે મૂડીવાદે પેદા કરેલી છે અને એ સમાજવાદની રચના પણ એવા લોકોના હાથે થશે જેઓ ખુદ મૂડીવાદી સમાજની પેદાશ છે. નિઃશંક મૂડીવાદથી છૂટકારો મેળવવો સહેલો નથી પરંતુ તેની બધી રચનાઓ અને ફલશ્રુતિથી છૂટકારો મેળવવો ઘણો જ અઘરો છે. મૂડીવાદને એનાથી કોઇ ફાયદો નથી કે લોકો પ્રકૃતિમાં તેના હસ્તક્ષેપોના પરિણામો પ્રતિ જાગૃત થાય. પરંતુ, સમજ-બૂઝથી જ હિણપતભર્યા ઉપકરણવાદી ઉપભોક્તા વિચારો જ મૂડીવાદનું એવડું મોટું દુષ્પરિણામ છે કે તે વિજ્ઞાનની self reflexivity ને પણ ભ્રષ્ટ કરી નાંખે છે. આ વ્યવસ્થામાં એ સતત મુશ્કેલ બનતું જાય છે કે પ્રકૃતિ સાથે માનવીય હસ્તક્ષેપના પ્રભાવને પણ પ્રકૃતિ વિશેના જ્ઞાનમાં સામેલ કરવામાં આવે , જો કે બધાં પરિણામ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીથી સંચાલિત થાય છે. સમાજ એક એવી પ્રોમિથિયન વિચારાધારાની ટેવ મુજબ વિકાસ પામતો હોય છે જે પ્રકૃતિ ઉપર એ વિચાર્યા વગર જ નિયંત્રણ કરવાની ઇચ્છા રાખે છે કે



તેમ કરવાથી તેનાં શાં પરિણામ આવશે. મૂડીવાદ પછી તૂર્ત જ આ બધાં દુષ્પરિણામોથી છૂટકારો મેળવવો આસાન નહીં હોય. નવી વ્યવસ્થાના રચયિતાઓએ આ પડકારો પ્રતિ સચેત રહેવું પડશે.

પરિસ્થિતિગત સંતુલન અને ટકાઉપણાનો સંઘર્ષ મૂડીવાદ વિરૂદ્ધના સંઘર્ષથી શરૂ થાય છે પણ તેની સાથે ખતમ થતો નથી. માનવસમાજ, ખાસ કરીને કામદાર વર્ગે એક એવી વ્યવસ્થા સ્થાપિત કરવી પડશે જે એ લક્ષ્યને હાંસલ કરે અને આ ચિંતાઓને માનવીય પ્રગતિનું એક અભિન્ન અંગ બનાવી લે. માનવ સભ્યતા ન તો પ્રકૃતિમાં હસ્તક્ષેપ કર્યા વિના રહી શકે છે અને ન તો નવા હસ્તક્ષેપો વિના કામ ચલાવી શકે છે. પરંતુ આ હસ્તક્ષેપોમાં પરિસ્થિતિગત સંતુલન અને ટકાઉપણાના સંરક્ષણ અને પુનરૂત્પાદન માટે આવશ્યક વિવેક અને જી૝્ક ાિ-કૠીટૈંદૈંઅ નો સમાવેશ જરૂર થવો જોઇએ. સમાજવાદનું વૈચારિક મોડલ આપમેળે સ્વયં તેમ કરી શકે નહીં. તથાપિ, સમાજવાદે આ ચિંતાઓનો સમાવેશ કરીને તથા આ લક્ષ્યની પૂર્તિ માટે એક નવી દૃષ્ટિ અને રૂપરેખા વિકસિત કરવી પડશે.

## મૂડીનું નૂતન સામ્રાજ્ય

જો આ દુનિયામાં તમામ અનિષ્ટોના મૂળમાં મૂડી હોય તો સવાલ એ ઊઠે છે કે મૂડીની આ બધી ખામીઓને અડધી સહસ્ત્રાબ્દી સુધી સહન કર્યા પછી પણ દુનિયા એને શા માટે કાયમ વેઠી લેવાનું ચાલુ રાખી રહી છે ? જો તે કામદારનું શોષણ કરતી હોય, શ્રમજીવીઓને તેમનાં શ્રમનાં ફળોથી વંચિત રાખતી હોય, જો તે મહિલાઓ, દલિતો, વિવિધ રંગના લોકોને અને અન્ય બહિષ્કૃત અને સીમાંત જાતિઓને દમન અને ગુલામીમાં જકડી રાખતી હોય, જો તે પૃથ્વીને વિનાશના માર્ગે દોરી જવા માટે જવાબદાર હોય, જો તે માનવજાતને તેના પૂર્ણ સામર્થ્યની પ્રતિતી કરાવતાં અટકાવતી હોય, તો આ બધી ખામીઓ પછી પણ માનવજાતિ શા માટે તેને સહન કરવાનું ચાલુ રાખી રહી છે ? મૂડીના આ અતાર્કિક લાંબા આયુષ્યનું રહસ્ય શું છે ?

આ પ્રકારના સવાલો જ્યારથી મૂડીના સાચા સ્વભાવની ઓળખાણ થવા લાગી હતી ત્યારથી જ ઉઠાવવામાં આવી રહ્યા છે. જો કે, આ સવાલોના જવાબના મુખ્ય અંશ પણ ત્યારથી જ આપણી પાસે મોજૂદ છે જ્યારથી આ સવાલો ઉઠાવવાના શરૂ થયા હતા; પરંતુ સમયાંતરે તેના ઉકેલોમાં પણ પરિવર્તન જરૂર

આવ્યું છે. મૂડી વિરૂદ્ધના સંઘર્ષો વિવિધ તબક્કાઓમાંથી પસાર થયા છે, નવાં તથ્યો પ્રકાશમાં આવ્યાં છે અને નવી અંતર્દષ્ટિ પ્રાપ્ત થઇ છે. મૂડીના લાંબા દેખાતા આયુષ્યને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સમજવું જોઇએ અને આ પ્રકાશમાં મૂડી સામે લડત લડવા નવી રણનીતિઓ ઘડવી જોઇએ.

મૂડી "દુનિયાના એક નાના ખૂણામાં" ઉદ્દ્ભવી હતી પરંતુ તેની તર્કશક્તિમાં ઘણું વધારે વ્યાપક સામર્થ્ય હતું અને તેની મહત્વાકાંક્ષાઓની કોઇ સીમા ન હતી. જેમ જેમ તેનો વિકાસ થતો ગયો, તેણે નવાં પરિબળોને પણ જન્મ આપ્યો જે શરૂઆતથી જ તેની વિરૂદ્ધ અવાજ ઉઠાવતાં રહ્યાં છે. દુનિયાના આ નાનકડા ખૂણા - યૂરોપના કેટલાક ભાગોમાં જ્યારે મૂડીવાદી ક્રાંતિઓએ જૂની પુરાણી વ્યવસ્થાને નેસ્તનાબૂદ કરી નાંખી હતી તેના થોડા સમય પછી જ ક્ષિતિજ પર મૂડી વિરૂદ્ધ થનાર ક્રાંતિઓની ઝલક પણ દેખાવા લાગી હતી. પરંતુ એ લાંબો અને મુશ્કેલ સંઘર્ષ હતો. શું મૂડીને તેના સૌથી પહેલા ઘરમાં જ હરાવી શકાત જ્યારે તેના વિસ્તરવા માટે હજુ આખી દુનિયા પડી હતી ? મૂડીની તેની માળખાગત કટોકટીઓ અને તર્કથી બચવા માટે ત્યાં સધી મુશ્કેલી નહીં પડે જ્યાં સુધી તેની પાસે જીવવા માટે મૂડીવાદની પહેલાંની વ્યવસ્થાઓ અને જીવન જગત હયાત છે - આ એક એવી પરિસ્થિતિ હતી જે સદીઓ સુધી કાયમ રહી અને કંઇક હદ સુધી હજુ પણ ટકી રહી છે.

વધુમાં, મૂડીનો વૈશ્વિક પ્રસાર એ કંઇ એક વખતની પ્રક્રિયા નહોતી. ના તો એ એક સમાન વેગથી આગળ વધતી રહી અને ના તો એ એક સપાટ અને સમરૂપ મૂડીવાદી વિશ્વમાં પરિણીત થવાની હતી. માળખાંઓનો અસમાન વિકાસ અને ઉંચ-નીચ મૂડીના આનુવંશિક બંધારણમાં જ સમાવિષ્ટ હતો. મૂડીના સમગ્ર ઇતિહાસમાં જોઇએ તો તેનો વૈશ્વિક ફેલાવો અટકી અટકીને શરૂ થઇને, ઝટકાઓમાં આગળ વધ્યો છે. ક્યારેક ખૂબ જ તેજ ગતિથી ફેલાવાનો દોર આવ્યો તો ક્યારેક અચાનક કટોકટી પેદા થઇ. દરેક તબક્કે મૂડીવાદી વિકાસ આખી દુનિયામાં ઘણો જ અસમાન રહ્યો છે. મૂડીની આ ત્રુટક - ત્રુટક ગતિએ તેને દુનિયાના દૂર - દૂરના ખૂણાઓ સુધી ભલે પહોંચાડી દીધી હોય પરંતુ સાથે સાથે જ તેણે ભયંકર ઉથલ-પાથલ અને મહાન ક્રાંતિઓની સ્થિતિ પણ પેદા કરી છે. મૂડીવાદ એટલા માટે પણ લાંબા સમય સુધી જીવતો રહ્યો કારણ કે દુનિયા એક ઘણો જ મોટો રંગમંચ છે, જો કે, તેનું અસ્તિત્વ હંમેશાં તકલીફભર્યું પણ રહ્યું છે.



મૂડીનું પ્રથમ વૈશ્વિક સામ્રાજ્ય ઉપનિવેશવાદની પરિસ્થિતિઓમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. ઓગણીસમી સદીના અંત સુધીમાં દુનિયા સામ્રાજ્યવાદી સત્તાઓમાં વિભાજિત થઇ ગઇ હતી. સામ્રાજ્યવાદનો ઔપનિવેશિક તબક્કો, મૂડીનો તર્ક અને ઐતિહાસિક પરિસ્થિતિઓ, એમ બંનેનું પરિણામ હતું. યૂરોપની પ્રારંભિક મૂડીવાદી શક્તિઓએ સોળમી સદીમાં ઉપનિવેશીકરણની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી અને ઉપનિવેશોમાંથી જે સંસાધન લૂટવામાં આવ્યાં હતાં તેણે યૂરોપીય મૂડીવાદના પ્રારંભિક સંગ્રહમાં ઘણી જ પાયાની ભૂમિકા નિભાવી હતી. પરંતુ ઉપનિવેશ મૂડીના જીવિત રહેવા માટે ઢાંચાગત (સંરચનાત્મક) અનિવાર્યતા ત્યારે બને જ્યારે મૂડીવાદ પરિપક્વ થઇને ઇજારાશાહીની અવસ્થામાં પહોંચી ગયો હતો. ઉપનિવેશવાદને મૂડીના વિશ્વ-સામ્રાજ્યવાદી માળખામાં અભિન્ન રૂપે ઓતપ્રોત દેવામાં આવ્યો હતો. ત્યારબાદ, જે વૃદ્ધિ થઇ તેની અસમાનતાએ આ માળખાની અંદર અસ્થિરતા પેદા કરવાવાળાં દબાણો પેદા કર્યા અને સામ્રાજ્યવાદી સત્તાઓને એકબીજા વિરૂદ્ધ અદમ્ય અથડામણોની સ્થિતિમાં લાવી દીધાં જેને પરિણામે દુનિયાને નવેસરથી વિભાજિત કરવા માટે વીસમી સદીમાં વિશ્વયુદ્ધોની વિભીષિકા સરજાઇ.

ઇતિહાસના આ ઘટનાક્રમે ક્રાંતિઓની એક નવી લહેર માટે પણ સ્થિતિ પેદા કરી દીધી. આ ક્રાંતિઓ અગાઉની ક્રાંતિઓથી એકદમ જ અલગ હતી જે ઓગણસમી સદીના એક મોટા હિસ્સા દરમિયાન યૂરોપીય મૂડીવાદ માટે વારંવાર ખતરો બની રહી હતી. વીસમી સદીની ક્રાંતિઓએ મૂડીની સામ્રાજ્યવાદી સંરચના (માળખા) માટે તો એક વૈશ્વિક ખતરો ઊભો કરી દીધો હતો, પરંતુ સ્થાનિક સ્તરે - અર્થાત જ્યાં એ ક્રાંતિઓ સાચેસાચ થઇ ત્યાં - આ ક્રાંતિઓ મૂડી વિરૂદ્ધ એટલી નહોતી જેટલી એ રાજતંત્રો, સામંતવાદ અને ઉપનિવેશવાદની વિરૂદ્ધ હતી. એ ક્રાંતિઓનું નેતૃત્વ તો સામ્યવાદી પક્ષો/કોમ્યુનિસ્ટ પાર્ટી/ના હાથમાં હતું, પરંતુ ઑક્ટોબર ક્રાંતિને બાદ કરતાં ક્યાંય પણ એ ક્રાંતિઓની પાછળ શ્રમજીવી વર્ગ મુખ્ય પરિબળ નહોતું. એ ક્રાંતિઓએ સામ્રાજ્યવાદી શ્રૃંખલાની સૌથી નબળી કડી ઉપર તો ઘા કર્યો હતો પરંતુ આંતરિક રૂપથી આ સઘળી ક્રાંતિઓ અવિકસિત અથવા અલ્પવિકસિત મૂડીવાદ દ્વારા અધૂરા છોડવામાં આવેલા કાર્યભારને પૂરો કરવા માટે બંધાયેલી પણ હતી.

વીસમી શતાબ્દી દરમિયાન ત્રણ અરસપરસ જોડાયેલ મોર્ચાઓ ઉપર મૂડીએ ગંભીર પડકારોનો સામનો કરવો પડ્યો હતો. સૌથી પહેલાં, તેને એક સમાજવાદી

જૂથ (સમૂહ)ના ઉદયના રૂપમાં પડકાર મળ્યો. વીસમી સદીમાં સમાજવાદની તેની પોતાની નબળાઇઓ હતી. નિશ્ચયપણે તે એક આંતરિકરૂપે વિભાજિત સમૂહ હતો, પરંતુ એમાં કોઇ શંકા ન હતી કે તેણે મૂડીવાદી વ્યવસ્થાને એક એકીકૃત વૈશ્વિક વ્યવસ્થા બનવામાંથી રોકી રાખી હતી. મૂડીવાદ માટે આ પડકારનો સામનો કરવાનો એકમાત્ર એ રસ્તો હતો કે તે સમાજવાદને પરાજિત કરે અને સમાજવાદી સમૂહને વેર-વિખેર કરી નાંખે. બીજો પડકાર એ હતો કે મૂડીવાદી સામ્રાજ્યવાદના ઔપનિવેશિક માળખાને ઉપનિવેશ વિરોધી રાષ્ટ્રીય સંઘર્ષો તરફથી મળેલ પડકાર. આ ઘટનાક્રમ સ્વાભાવિકપણે મૂડીવાદ માટે કોઇ પડકાર ન હતો, પરંત તેણે એ માળખાને નિશ્ચિતપણે પડકાર્યો જેના દ્વારા એ સમયે મૂડી વૈશ્વિક સ્તર પર પોતાનું કામ પાર પાડી રહી હતી. આ પડકારનો સામનો કરવા માટે કાં તો ઉપનિવેશવાદ વિરોધી સંઘર્ષોને પરાજિત કરવા જરૂરી હતા અથવા તો 'જૈસે થે' ની સ્થિતિ જાળવી રાખવી જરૂરી હતી અથવા તો મૂડીવાદની એક એવી વૈશ્વિક સંરચના ઘડવી જોઇતી હતી જે ઉપનિવેશવાદ ઉપર આધારિત ન હોય. ત્રીજો, મૂડીને તેના આંતરિક તર્કથી ઉત્પન્ન થનાર મુશ્કેલીઓના પડકારનો સામનો કરવો પડ્યો. આ કોઇ નવી પરિઘટના ન હતી પરંતુ વીસમી શતાબ્દીમાં અને મૂડીવાદના ઇજારાશાહી તબક્કામાં તેણે એક રાક્ષસી સ્વરૂપ અખત્યાર કરી લીધું હતું. મૂડીવાદી વ્યવસ્થાની અંદર આ સમસ્યાનો કોઇ કાયમી ઉકેલ ન હતો પરંતુ મૂડીવાદના વારંવાર સઘન પુનર્ગઠન અને મૂડીની કાર્યપદ્ધતિઓમાં ઉલ્લેખનીય ફેરફારો દ્વારા આ કટોકટીઓનો સામનો કરી શકાયો હોત.

આ ત્રણેય પરિબળોએ એક સાથે મળીને મૂડીવાદી વ્યવસ્થાની અંદર ધરખમ ફેરફારોને જન્મ આપ્યો છે. મૂડીવાદનું મૂળભૂત સ્વરૂપ તો યથાવત રહ્યું પરંતુ વીસમી શતાબ્દીના ઉત્તરાર્ધનો મૂડીવાદ એક સદી પહેલાંના મૂડીવાદથી ઘણો જ ભિન્ન દેખાવો લાગ્યો હતો. તેમાં વ્યાપક અને સઘન એમ બંને પ્રકારના ફેરફારો આવી ચૂક્યા હતા.

વ્યાપક પ્રકારના ફેરફારોને વૈશ્વિક મૂડીવાદની ઉત્તર ઔપનિવેશિક વ્યવસ્થામાં સૌથી સ્પષ્ટપણે જોઇ શકાય છે. સામ્રાજ્યવાદી ઔપનિવેશિક તબક્કામાં ઉપનિવેશ પોત-પોતાના સામ્રાજ્યવાદી દેશોથી બંધાયેલા હતા જ્યાં તેઓ શાસન કરતા હતા. ઉપનિવેશવાદનું આ વિભાજિત વિશ્વ સામ્રાજ્યવાદી મૂડીને એક વૈશ્વિક મંચ ઉપલબ્ધ કરાવતું હતું પરંતુ લાંબાગાળે એ મૂડીના વૈશ્વિક પ્રસાર માટે એક અડચણ પણ બની ગયું હતું. ઔપનિવેશિક લૂંટથી સામ્રાજ્યવાદી



મહાનગરીય કેન્દ્રોમાં તો મૂડીનો ભારે સંગ્રહ થયો પરંતુ ઉપનિવેશોમાં ઘણી જ ઓછી મૂડી પાછી આવી શકી. એ સિવાય, ઔપનિવેશિક જગતની ખંડિત સંરચનાએ જુદી-જુદી સામ્રાજ્યવાદી સત્તાઓ સાથે જોડાયેલા ભાગોમાં વસ્તુઓ (માલસામાન) અને મૂડીના આવાગમનને ગંભીર રીતે અટકાવી દેવામાં આવ્યાં હતાં. આજની નજરે જોઇએ તો, આ, મૂડીનું આત્મઘાતી પગલું દેખાઇ પડશે. એક બાજુ, ઔપનિવેશિક વિશ્વ વ્યવસ્થા ઉપનિવેશોમાં મૂડીવાદી વિકાસ માટે એક અડચણ બની રહીહતી અને એણે મૂડીને પોતાના કબજા હેઠળના મુલકમાં મૂડી રોકાણના ઓછા ખતરનાક રસ્તા ઉપર ચાલતાં રહીને પોતાના વિકાસના સોનેરી અવસરને રોકી રાખ્યો હતો. બીજી તરફ, સામ્રાજ્યવાદી મહાનગરીય કેન્દ્રોમાં અતિસંચય અને વૈશ્વિક નિવેશ (મૂડી રોકાણ) ના સંકુચિત અવસરોએ મૂડીવાદી કટોકટીને ગંભીર બનાવી દીધી હતી અને આંતર્સામ્રાજ્યવાદી અંતર્‌વિરોધોને વધુ તેજ કરી દીધા હતા. સામ્રાજ્યવાદે ઉપનિવેશો ઉપરની પોતાની પકડ સ્વેચ્છાએ ઢીલી કરી નહોતી. તેણે ઉપનિવેશ વિરોધી સંઘર્ષોને દબાવવા અને કચડી નાખવા માટે શક્ય તમામ રસ્તાઓ અખત્યાર કર્યા. પરંતુ ઔપનિવેશક યુગની સમાપ્તિ પછી તેણે તેના અનુભવો ઉપરથી જરૂરી બોધપાઠ લીધો છે અને પોતાને ઉત્તર-ઔપનિવેશિક વાસ્તવિકતા માટે તૈયાર કરી દીધો છે. વીસમી શતાબ્દિના આખરના દશકોમાં તેણે પોતાના માટે એક નવું વૈશ્વિક માળખું ઊભું કર્યું અને પોતાની કાર્યપદ્ધતિને નવી વાસ્તવિકતા અનુરૂપ ઢાળી દીધી.

ઉત્તર-ઔપનિવેશિક વિશ્વ વ્યવસ્થામાં ભૂતપૂર્વ ઉપનિવેશોમાં મૂડીનો ઘણો પ્રવાહ આવ્યો છે. અલબત્ત, મૂડીનું આ રોકાણ ઘણું જ અસમાન રહ્યું છે. મુઠ્ઠીભર નવી ''ઉભરતી અર્થવ્યવસ્થાઓ''એ ઘણુંકરી આખો માલ હડપ કરી લીધો છે અને ત્રીજી દુનિયાના મોટાભાગના ભાગો હજુ પણ 'મૂડીની ભૂખ'થી ગ્રસ્ત છે. છતાં પણ, ઔપનિવેશિક કાળ સાથે સરખામણી કરીએ તો સામ્રાજ્યવાદી રણનીતિમાં જરૂરથી આમૂલ પરિવર્તન આવ્યું છે. મૂડીવાદ વિકાસ માટે એક આડશરૂપ દીવાલનું કામ કરવાને બદલે, જો કે, તે ઔપનિવેશિક કાળમાં કરતો હતો, હવે તે ભૂતપૂર્વ ઉપનિવેશોમાં આ પ્રકારના વિકાસને વેગ આપવા પર ભાર મૂકવા લાગ્યો છે.

ઉત્તર-ઔપનિવેશિક જગત પણ પહેલાં કરતાં ઓછું વિભાજિત છે. આજે ત્રીજી દુનિયાનો કોઇ દેશ અથવા એવા દેશોનો કોઇ સમૂહ, કોઇ ખાસ સામ્રાજ્યવાદી દેશ સાથે બંધાયેલો નથી. સામ્રાજ્યવાદી સત્તાઓને હવે પહેલાં

કરતાં વધારે પ્રતિતી થઇ ગઇ છે કે, દુનિયાભરમાં વસ્તુઓ (માલસામાન) અને મૂડીની કશી પણ રોકટોક વગર આવનજાવન મૂડીના દાયરાને વિસ્તારે છે જે તેની માળખાગત સીમાઓને ઢીલી કરવામાં ઘણી જ મદદગાર છે, નહિં તો આ સીમાઓ ઘણી જ વધારે ખતરનાક સાબિત થઇ શકતી હતી. મૂડીના વૈશ્વિકરણમાં હાલમાં આવેલ ઉછાળા પાછળનું આ મુખ્ય કારણ છે. આ એક નવી રણનીતિ છે અને ઉત્તર ઔપનિવેશિક કાળ માટે સામ્રાજ્યવાદની બદલાયેલી કાર્યપદ્ધતિ છે.

નવા ફેરફારોની અસરોને નજરઅંદાજ કરવી અસંભવ છે. માત્રાત્મક સ્તર પર જોઇએ તો વીસમી સદીના પૂર્વાર્ધમાં ઔપનિવેશિક જગતમાં લાંબાગાળાની આર્થિક વૃદ્ધિ જો નકારાત્મક ન હતી તો કમસે કમ અદ્દશ્ય તો જરૂર હતી. તેનાથી વિપરીત વીસમી સદીના ઉત્તરાર્ધમાં એ વૃદ્ધિ ઉલ્લેખનીય રહી છે અને ચીન અને ભારત જેવા વિશાળ દેશો સહિત ઘણા બધા દેશોમાં એ અસામાન્યપણે તેજ રહી છે. ''ઉભરતી અર્થવ્યવસ્થાઓ''ના મૂડીપતિઓ દુનિયાના સૌથી વધુ અમીરોની લગોલગ સામેલ થઇ રહ્યા છે અને તે વૈશ્વિક મેટ્રોપોલિસના વિશાળકાય નિગમોને ખરીદી રહ્યા છે, જે એક જમાનામાં પ્રજા અને દલાલ હતા તેમને હવે ભાગીદારના રૂપમાં ગળે લગાવવામાં આવી રહ્યા છે, એ ભલે એક નાના ભાગીદરની હેસિયતથી હોય અને ત્રીજી દુનિયાના દેશોના કેટલાક શાસકોને સામ્રાજ્યવાદીઓના મંચ પર માનસભર જગ્યા હાંસલ થઇ રહી છે. આ પ્રકારની સ્થિતિ ના કેવળ ઔપનિવેશિક યુગમાં પરંતુ 50, 60 અને 70ના નવઔપનિવેશિક દસકાઓમાં પણ કલ્પના કરવી મુશ્કેલ હતી.

સઘન પ્રકારના ફેરફારો પણ એટલા જ બેજોડ રહ્યા છે. મૂડીએ પોતાના વૈશ્વિક સામ્રાજ્યનું પુનર્ગઠન કરી લીધું છે એટલું જ નહિ બલ્કે તેણે દરેક દેશ અને દરેક અર્થવ્યવસ્થામાં કામ કરવાની પોતાની પદ્ધતિ પણ બદલી નાંખી છે. આ આંતરિક પુનર્ગઠન વીસમી શતાબ્દિમાં વિશ્વયુદ્ધો અને મહામંદી જેવી ભયાનક કટોકટીઓને કારણે કરવું પડ્યું છે. આ ફેરફારોની પાછળ આંશિકરૂપે સદીના પહેલા અડધા હિસ્સામાં સમાજવાદના ગંભીર પડકારનો પણ હાથ રહ્યો છે. આ પુનર્ગઠનનું સૌથી મહત્ત્વપૂર્ણ પરિણામ એ આવ્યું કે ''કલ્યાણકારી રાજ્ય''નો આવિર્ભાવ થયો. ભલે વૈચારિક સ્તર ઉપર કહેવામાં આવી રહ્યું હોય કે, મૂડીને છૂટો દોર આપવો એ જ મૂડીવાદને ચલાવવાની સૌથી શ્રેષ્ઠ રીત છે અને અર્થવ્યવસ્થાને પૂરેપૂરી બજારનાં પરિબળોને હવાલે છોડી દેવી જોઇએ પરંતુ



વ્યવહારમાં આ સમજને તિલાંજલિ આપી દેવામાં આવી. રાજ્યે મોટા પાયે સંસાધનોનું નિયંત્રણ અને હકૂમતનો અમલ કરીને અને મૂડી અને બજારો પર વિશેષતઃ નિયંત્રણ દ્વારા અર્થવ્યવસ્થામાં બિના રોકટોક હસ્તક્ષેપ શરૂ કરી દીધો હતો.

અર્થવ્યવસ્થામાં બીજા પ્રકારના ફેરફારો પણ આવ્યા છે. અર્થવ્યવસ્થાનાં નવાં ક્ષેત્રો પેદા થયાં છે અને બધી આર્થિક ગતિવિધિઓનો એક મોટો હિસ્સો આ નવી શાખાઓમાં કેન્દ્રીત છે. નવી નવી વસ્તુઓ અસ્તિત્વમાં આવી છે; ઉપભોગની નવી આદતો અને પ્રકારોનો વિકાસ થયો છે; નવાં નવાં બજારો ઊભાં કરવામાં આવ્યાં છે; નવી પ્રૌદ્યોગિકી જુદી જુદી રીતે સામે આવી છે જેને નવાં અને જુનાં એમ બધાં ક્ષેત્રોમાં લાગુ કરવામાં આવી છે. યંત્ર વડે ઉત્પાદન અને ખેતી જેવાં જૂનાં ક્ષેત્રોનો સાપેક્ષ હિસ્સો એકદમ મૂળભૂત રીતે બદલાઇ ગયો છે અને નવાં ક્ષેત્રોમાં પણ ખૂબ જ જટિલ રૂપે અભિવ્યક્ત થયો છે.

વીસમી શતાબ્દી દરમિયાન મૂડીના માળખામાં અને ગતિમાં આવેલ વ્યાપક પ્રમાણમાં પરિવર્તનો - વ્યાપક અને સઘન, બંને - એ તેને કટોકટીની એક નિરંતર શ્રૃંખલામાંથી ઉગારવામાં મદદ કરી છે અને એક નવું જીવન પ્રદાન કર્યું છે. પરંતુ આ નવું જીવન પણ ગંભીર બિમારીઓનું શિકાર છે અને આવનાર સમયમાં તેની સામે બીજા ઘણાં જોખમો પડેલાં છે. એ વાત પહેલેથી જ સ્પષ્ટ થઇ ચૂકી છે કે નવી સદી મૂડી માટે અમર્યાદ આનંદની સદી નહીં જ હોય. જો વીસમી શતાબ્દિના આખરનાં વર્ષોમાં દક્ષિણ-પૂર્વ એશિયામાં આર્થિક મંદી આવી અને એક ભારે આર્થિક કટોકટી પેદા થઇ, તો નવી શતાબ્દિનું પહેલું દશક વૈશ્વિકસ્તર પર એનાથી પણ ભારે કટોકટી સાથે વિદાય લઇ રહ્યું છે. જો દક્ષિણ એશિયાઇ કટોકટીના મહાવિનાશથી બચવા માટે અબજો ડોલરનાં ઇન્જેક્શન આપવામાં આવ્યાં, તો આ નવી આર્થિક કટોકટી હજારો અબજ ડોલરની તબાહીનો પરવાનો લઇને આવી છે. એવું લાગે છે કે જાણે મૂડી માત્ર એટલા માટે આર્થિક કટોકટીમાંથી ઉગરી જાય છે કે જેથી તે અગાઉ કરતાં પણ વધુ મોટી મંદીમાં ફસાઇ શકે - તે ક્યારેય સમતોલન બિંદુ પર પહોંચતી દેખાતી નથી. તેને પોતાના સમતોલન બિંદુ પર પહોંચવાનો કોઇ રસ્તો સૂઝતો નથી. બજારમાં ઊભાં થનાર જોખમ એ કટોકટીને રાજ્યના ખોળામાં ધકેલી દે છે પરંતુ રાજ્ય દ્વારા સંચાલિત રણનીતિઓનું ખર્ચ એટલું બધું ભારે પડે છે કે આ કટોકટી ફરી પાછું બજારનું રૂપ અખત્યાર કરી લેતી હોય છે અને આશંકિત મહાવિનાશના ડરથી ફરી પાછું રાજ્યના શિરે ધકેલી દેવામાં આવે છે.

તેમ છતાં પણ, મૂડીના વિરોધીઓએ એવી આશા રાખવી જોઇએ નહીં કે મૂડીવાદ ખુદ સામે ચાલીને તેની કબરમાં પહોંચી જશે. એક એવી સંપૂર્ણ માળખાગત સીમાની અપેક્ષા કરવી ખોટી હશે જે જાણે કે હમણાં જ આવવાની હોય અને જેની સાથે ટકરાઇને મૂડીનું સામ્રાજ્ય જાણે કડડભૂસ થઇને ભોંય ભેગું થઇ જશે. એ એક પૂર્વનિર્ધારિત બિંદુ નથી કે જ્યાં મૂડીવાદ ફાટી પડશે અને ત્યાર પછી સમાજવાદ વિનારોકટોક ફેલાવા લાગશે અને તેને ક્યારેય કોઇ કટોકટીનો સામનો કરવો પડશે નહીં. બેશક આખાયે વિશ્વ પર મૂડીના સકંજાએ તેની માળખાગત સીમાઓને વધુ બહારની સરહદો તરફ ધકેલવાનો વિકલ્પ બહુ જ મર્યાદિત કરી દીધો છે પરંતુ હજુ એ બધા વિકલ્પો પૂરેપૂરા નાબૂદ નથી થયા. વધુમાં, તેણે પોતાની આંતરિક સંરચનામાં નવી નવી પરતો જોડીને આ સીમાઓને પણ એક હદ સુધી નબળી કરવાની તરકીબો શોધી લીધી છે. એક સદી પહેલાં આ જ મૂડીવાદ મરણાસન્ન લાગતો હતો અને મહાન ક્રાંતિઓ તેની નબળી કડીઓ પર પ્રહાર કરીને તેને પરાજિત કરી રહી હતી. એ સમયે એ અપેક્ષા રાખવી કસમયની ન હતી કે સામ્રાજ્યવાદી શ્રૃંખલામાં કેટલીક વધુ કડીઓને પણ તોડી શકાય તેમ છે અને સંકટગ્રસ્ત અને ચારે તરફથી ઘેરાયેલા મૂડીવાદને તેના જ હૃદય ક્ષેત્રમાં પરાજિત કરી શકાય તેમ છે. એક સદી પછી હાલત બિલકુલ ભિન્ન દેખાઇ દે છે. મૂડી હજુ પણ અમરતાનો ઇલાજ શોધી શકી નથી અને ના તો પોતાની અંદરથી જ ઉત્પન્ન થનાર વારંવારની કટોકટીઓની સમસ્યાઓનું સમાધાન શોધી શકી છે, પરંતુ એમ વિચારવું ભૂલભરેલું ગણાશે કે તેણે કોઇ બોધપાઠ નથી લીધો. એમ વિચારવું એનાથી પણ વધુ ભૂલભરેલું ગણાશે કે એક સદી પહેલાં જે રણનીતિઓ સફળ થઇ રહી હતી એ આજે પણ મૂડીવાદ વિરૂદ્ધના જંગમાં એટલી જ સફળ સાબિત થશે.

આજ સુધી કોઇ પણ યુગની સરખામણીએ હવે મૂડી સૌથી વધુ વૈશ્વિક વાસ્તવિકતા બની ચૂકી છે. હવે આપણી પાસે વૈશ્વિક ઉત્પાદન, એક વૈશ્વિક પદ્ધતિ અને સામાજિક પુનરૂત્થાન માટે વૈશ્વિક પ્રણાલી અસ્તિત્વમાં છે. આ આખી વ્યવસ્થા એક વૈશ્વિક માળખામાં જીવે છે અને તેમાંથી જ ઊર્જા મેળવે છે. એનો મતલબ એ છે કે, તેને માત્ર વૈશ્વિક સ્તર પર જ હરાવી શકાય અને અંત લાવી શકાય છે. બેશક, સ્થાનિક સ્તરે કેટલીક લડાઇઓમાં સફળતા પણ મળશે અને રાષ્ટ્ર-રાજ્યોના સ્તરે કેટલાક ક્રાંતિકારી વિચ્છેદ પણ સામે આવશે પરંતુ તેને નિર્ણાયક સફળતા ત્યારે મળશે જ્યારે તે એક વૈશ્વિક રણનીતિના આધારે લડાશે.



આ વૈશ્વિક વ્યવસ્થાની અંદર એક વધુ વ્યવસ્થા ઉત્પન્ન તો થઇ શકે છે અને જીવિત પણ રહી શકે છે પરંતુ સ્થાયિત્વ હાંસલ કરવા માટે તેણે આ વૈશ્વિક વ્યવસ્થાને હરાવવી જ પડશે.

આ જ વાત એક સદી પહેલાં પણ સાચી હતી જ્યારે ક્રાંતિઓની પાછલી લહેર શરૂ થઇ હતી. પરંતુ તે સમયની સત્યતા અને તેની તીવ્રતા એટલી નહોતી જેટલી આજે છે. એ વખતે વૈશ્વિક શ્રૃંખલાને તેની નબળી કડી પર તોડવી ઘણી સહેલી હતી. આજે મૂડીવાદ વૈશ્વિક સ્તરે વધુ એકીકૃત થઇ ગયો છે અને હવે શ્રૃંખલા અથવા કડીની ઉપમા પૂરે પૂરી લાગુ પડતી નથી. તે વખતે કોઇ પણ સમાજવાદી કે પ્રાક્સમાજવાદી અર્થવ્યવસ્થા માટે બાકીની દુનિયાથી પોતાને અલગ રાખીને અસ્તિત્વ જાળવી રાખવું અને ચારે તરફથી ઘેરાબંધી કે પાબંદીઓમાં જીવવું ઘણું સહેલું હતું. આજનું વૈશ્વિક અને રાજનૈતિક માળખું એ પ્રકારનું છે કે આ કામ પહેલાંની સરખામણીએ ઘણું જ મુશ્કેલ થઇ ગયું છે. એ વખતે એવા સમાજોમાં ક્રાંતિઓ થઇ જ્યાં હજુ મૂડીએ મૂળિયાં પૂરેપૂરાં જમાવ્યાં ન હતાં અને જનતાને ખુલ્લંખુલ્લાં અન્યાયપૂર્ણ અને દમનકારી પ્રાક્મૂડીવાદી અને અર્ધમૂડીવાદી સામાજિક સંબંધોની વિરૂદ્ધ એકત્રિત અથવા ઉત્તેજિત કરવી સહેલી હતી. હવે ક્રાંતિઓ એવા સમાજોમાં એજેન્ડા પર આવી ગઇ છે જ્યાં મૂડીએ પોતાનાં મૂળિયાં બરાબર જમાવી દીધાં છે. મૂડીવાદી સંબંધ લોકોમાં બહુજ ઊંડે સુધી સ્થાપિત થઇ ચૂક્યો છે. આ સ્થિતિનો સામનો કરવા માટે એક સંપૂર્ણ રીતે નવા પ્રકારની રણનીતિની જરૂર પડશે.

જો કે, મૂડીના વૈશ્વિક સ્વરૂપનો અર્થ એવો નથી કે મૂડીવાદ વિરૂધ્ધ ક્રાંતિ એકદમ વૈશ્વિક હશે. હાલના દશકોમાં થયેલ મૂડીના ઝડપી વૈશ્વિકીકરણ છતાં દુનિયાનું રાજનૈતિક માળખું હજુ પણ રાષ્ટ્ર રાજ્યોની વ્યવસ્થામાં મજબૂત રીતે જકડાયેલું છે. વૈશ્વિકીકરણે દુનિયાને એટલી નજીક પણ નથી લાવી દીધી કે કોઇ વૈશ્વિક રાજ્ય સ્થાપિત થયું હોય. ના તો આવી કોઇ સ્થિતિ મૂડીવાદની અંદર પણ આવવાની છે. રાષ્ટ્ર-રાજ્યની વ્યવસ્થા વૈશ્વિક મૂડીનાં હિતોને પૂરાં કરવા માટે બહુ જ માફક છે. રાષ્ટ્ર રાજ્યોની વાડ યા સરહદો મૂડીના આવાગમન માટે કોઇ અડચણરૂપ નથી જ્યારે લોકો શ્રમની ગતિશીલતાના રસ્તામાં મોટી શક્તિશાળી અડચણરૂપ છે. રાષ્ટ્ર-રાજ્યની વ્યવસ્થા એવા અંતર્વિરોધોને હલ કરવામાં સફળ સાબિત થઇ છે જે મૂડીના સંચાલનને પરિણામે ઉત્પન્ન થતા રહેતા હોય છે. સૌથી

મહત્ત્વપૂર્ણ વાત એ છે કે મૂડીવાદી વર્ગના શાસનને જનતામાં સ્વીકૃતિ મેળવવા માટે રાષ્ટ્ર રાજ્ય સૌથી સારી વ્યવસ્થા પ્રદાન કરાવે છે. ઉપનિવેશવાદની હારને લીધે પણ એ વિચારને બળ મળ્યું છે કે, રાષ્ટ્ર-રાજ્યનું સાર્વભૌમત્વ અનુલ્લંઘનીય છે. એક સદી પહેલાં કોઇ પણ નાના ટાપુ ઉપરની સામ્રાજ્યવાદી સરકાર અથવા સત્તા આજની સરખામણીએ ઘણી સહેલાઈથી અડધી દુનિયાને પોતાની ઔપનિવેશિક અધીનતાની બેડીઓમાં જકડી શકતી હતી. હવે પૃથ્વીના સૌથી શક્તિશાળી સામ્રાજ્યવાદી રાક્ષસ માટે પણ એ અશક્ય થઇ ગયું છે કે તે મધ્ય-પૂર્વના માત્ર એક દેશમાં પણ લાંબા સમય માટે લશ્કરી ઔપનિવેશિક સત્તા સ્થાપિત કરી શકે.

એટલા માટે, રાષ્ટ્ર-રાજ્ય મૂડી માટે ખાલી શુદ્ધ વરદાન જ નથી. જે કારણોને લઇને રાષ્ટ્ર-રાજ્ય લોકોની નજરમાં અનુલ્લંઘનીય બની જાય છે, તે જ કારણો એ સમયે બહારની દખલગીરીથી મહત્ત્વપૂર્ણ સુરક્ષાનું આશ્વાસન પણ આપે છે જ્યારે લોકો ક્રાંતિની મંઝિલ સુધી પહોંચી જાય છે. રાષ્ટ્ર-રાજ્યો પર આધારિત રાજકીય સંગઠન એ સુનિશ્ચિત કરે છે કે, ભવિષ્યમાં થનાર ક્રાંતિઓ રાષ્ટ્ર-રાજ્યોની અંદરની ક્રાંતિઓના રૂપમાં જ શરૂ થશે. મૂડીને અંતિમ પરાજય તો વૈશ્વિક સ્તરે જ આપી શકાશે પરંતુ તે માટેની લડાઇ તો રાષ્ટ્ર-રાજ્ય સ્તર પર જ શરૂ થશે.

જો કે, રાજનૈતિક ક્રાંતિઓ સામાજિક ક્રાંતિઓની લાંબી શ્રૃંખલાને અમલમાં લાવનાર પ્રથમ પગથિયું માત્ર છે. મૂડી વિરૂધ્ધ થનાર ક્રાંતિઓ પણ રાજનૈતિક ક્રાંતિઓના રૂપમાં શરૂ થશે પરંતુ મૂડીની પણ પેલે પાર જવાની લાંબી લડાઇ એક સર્વાંગસંપૂર્ણ સામાજિક ક્રાંતિ દ્વારા જ સફળ થઇ શકે છે. રાજનૈતિક ક્રાંતિઓ રાજનૈતિક પરિક્ષેત્રમાં પૂર્ણ વિચ્છેદને જન્મ આપે છે - એ પ્રવર્તમાન રાજ્યને સંપૂર્ણ રીતે ભંગ કરી નાંખે છે અને નવા વર્ગીય આધાર ઉપર એક નવા રાજ્યનું ગઠન કરવામાં આવે છે. જે લોકો એવું વિચારે છે કે રાજનૈતિક ક્રાંતિઓ પણ ક્રમિક સંક્રમણો દ્વારા પૂર્ણ કરી શકાય છે જેમાં હાલમાં મોજૂદ રાજ્ય ઉપર દાવો કરીને કરી શકાય છે અને તેને એક નવા સમાજની રચના માટે ઉપયોગ કરી શકાય છે. આ વિચારને ક્રાંતિઓનો ઇતિહાસ ખોટો સાબિત કરી ચૂક્યો છે. રાજનૈતિક પરિક્ષેત્રમાં સંપૂર્ણ વિચ્છેદ અને અસ્તિત્વ ધરાવતા મૂડીવાદી રાજ્યની જગ્યાએ એક ક્રાંતિકારી રાજ્યની સ્થાપના સિવાય મૂડી વિરૂધ્ધ સામાજિક ક્રાંતિઓની શરૂઆત પણ થઇ શકે નહીં.



બીજી તરફ, જે લોકો વિચારે છે કે સામાજિક ક્રાંતિઓ પણ સંપૂર્ણ અને તાત્કાલિક વિચ્છેદ દ્વારા હાંસલ કરી શકાય છે જેમ કે રાજનૈતિક ક્ષેત્રે થાય છે; તો તેઓ પણ માત્ર દિવાસ્વપ્ન જોઇ રહ્યા છે. ચપટી વગાડતાં જ એક આખા સમાજની જગ્યાએ બીજો નવો સમાજ સ્થાપિત કરી શકાય નહીં. ઊંડા સમુદ્રમાં તરતા જહાજને પળ વારમાં તોડીને નવું જહાજ બનાવી શકાય નહીં. તેનું નવીનીકરણ કરવા માટે જહાજને તરતું રાખીને જ તેનાં જાડાં પાટીયાં એક પછી એક જોડીને તેની જગ્યાએ એક નવા વહાણનું નિર્માણ થઇ શકે છે. સામાજિક વ્યવસ્થાઓ મૂળસોતાં પરિવર્તનમાંથી પસાર થાય છે પરંતુ આ સમય દરમિયાન તેમનું પુનરૂત્પાદન ચાલુ જ રહે છે. જે મનુષ્ય આ મૂળ સોતાં પરિવર્તનો સાકાર કરે છે તે ખુદ પણ આ સમાજોનું જ એક ઉત્પાદ છે જને તે બદલવા ઇચ્છે છે તેને કારણે આ કામ ઘણું વધારે મુશ્કેલ થઇ જાય છે. સામાજિક ક્રાંતિઓ માટે એ પણ જરૂરી છે કે, ક્રાંતિકારી ખુદ પણ ક્રાંતિકારી મૂલ્યોના વાહક બને અને રૂપાંતરિત થાય. આ પ્રકારના રૂપાંતરણ માટેની જરૂરી પ્રક્રિયા અતુલનાત્મક રીતે જટિલ હોય છે અને તેનો સમયગાળો પણ અનિવાર્યપણે બહુ જ લાંબો હોય છે. સામાજિક રૂપાંતરણોની પ્રક્રિયાઓ મનુષ્યોના રૂપાંતરણને સીંચે છે અને મનુષ્યોના રૂપાંતરણની પ્રક્રિયાઓ સમાજના સંરચનાત્મક રૂપાંતરણનો રસ્તો પ્રશસ્ત કરતી હોય છે.

મૂડી વિરૂધ્ધ થનાર ક્રાંતિઓ કેવળ રાજનૈતિક ક્રાંતિઓના રૂપમાં જ શરૂ થઇ શકે છે જે અનિવાર્ય રૂપે રાજ્યોની અંદર જ થશે, અને મૂડીથી આગળ વધીને પેલે પાર જનાર સામાજિક ક્રાંતિઓ માટે એ અનિવાર્ય થશે કે તે એક લાંબી પ્રક્રિયામાંથી પસાર થાય અને મૂડી વિરૂધ્ધ અંતિમ વિજય વૈશ્વિક સ્તરે જ હાંસલ કરી શકાય છે. આ તમામ તથ્યો સાથે મળીને સામાજિક ક્રાંતિઓની સામે બહુ જ મોટો પડકાર ઊભો કરી દે છે. રાષ્ટ્ર-રાજ્યોની અંદર સામાજિક ક્રાંતિઓની જટિલતાઓ વૈશ્વિક પરિવેશથી વધુ જટિલ થઇ ગઇ છે, જ્યાં આ ક્રાંતિઓએ આગળ વધવાનું છે. આજ સુધી કોઇ પણ યુગની સરખામણીએ વૈશ્વિક મૂડીની શરીર રચનાની અંદર જ અજાણી વ્યક્તિની જેમ જીવિત રહેવાના એવા રસ્તાઓ શોધવા પડશે કે જે આ મોટા જીવને છેવટે પરાજિત કરી શકે. જે રણનીતિ વૈશ્વિક મૂડી સામે ઝઝુમવા તૈયાર નથી અને કેવળ રાષ્ટ્રીય સીમાઓની અંદર જ સમાજવાદની સુરક્ષા માટે કેન્દ્રીત છે અથવા જે સામાજિક ક્રાંતિના કાર્યભારને હાથ પર લીધા વગર જ સીધા વૈશ્વિક મૂડીને પરાજિત કરવા નીકળી પડવાનું ઇચ્છે છે અને જે રણનીતિ સમાજવાદી સમાજોની અંદર જ મૂડીવાદની નકલ

કરવા લાગે છે, આવી તમામ રણનીતિઓ એક જ પરિણામની ભાગીદાર બને છે. તેઓ છેવટે મૂડીના દાનવનો ખોરાક બની જાય છે. મૂડીના દુશ્મનોની સામે ઉભેલ ઘણા બધા પડકારો, અને જે પડકારો અજાણ્યા રસ્તા પર અનઆલેખિત લઈ જઈ રહ્યા છે, એમાંનો કદાચ આ સૌથી મોટો પડકાર છે અને કદાચ આ સૌથી ગંભીર કારણ છે કે ક્રાંતિકારીઓએ વીસમી સદીના સમાજવાદના ઉત્થાન અને પતનનું પુનઃવિશ્લેષણ કરીને જરૂરી બોધપાઠ લેવો જોઈએ અને ભવિષ્યના સમાજવાદની વધુ પરિપક્વ રૂપરેખા વિકસિત કરવી જોઈએ.

## વીસમી સદીનો સમાજવાદ

સમાજવાદ સ્વાભાવિક રીતે જન્મ ચિન્હોની સાથે જ અવતરે છે. તેનાં રૂપ-રંગ અને દિશા અનિવાર્યપણે એ પરિસ્થિતિ પરથી જ નિર્ધારિત થાય છે જેમાં તે પેદા થયો હોય છે. પરિસ્થિતિ મોટે ભાગે સમાજની જે તે વ્યવસ્થાની નિપજ હોય છે પરંતુ તે પરિસ્થિતિ તે વ્યવસ્થા વિરૂદ્ધના સંઘર્ષોમાંથી પણ ઉત્પન્ન થતી હોય છે. આજના ક્રાંતિકારીઓ માટે આ ઘણી ઊંડી દિલચસ્પીનો વિષય છે કે સફળ ક્રાંતિઓના પાછળનાં ઉદાહરણોમાં ક્રાંતિકારી મેઘાએ એ પરિસ્થિતિઓને કેવી રીતે આંકી જેમાં તેમણે કામ કરવાનું હતું અને ક્રાંતિકારીઓના હસ્તક્ષેપ વડે તે પરિસ્થિતિઓ પર કેવી અસર પડી. પરિસ્થિતિઓ અને હસ્તક્ષેપોની આ અંતઃક્રિયા જ તો કોઈ પણ ક્રાંતિનું સૌથી કેન્દ્રીય પાસું હોય છે. ભાવિ સમાજવાદનાં રૂપ-રંગ સમકાલીન મૂડીવાદ દ્વારા ઊભી કરાયેલ પરિસ્થિતઓ ઉપર તો નિર્ભર હશે જ. તે એ વાત ઉપર પણ નિર્ભર હશે કે એ પરિસ્થિતિઓમાં ક્રાંતિકારી મોરચો કેવી રીતે હસ્તક્ષેપ કરે છે. ક્રમશઃ, એ હસ્તક્ષેપ એ વાત પર નિર્ભર રહેશે કે ક્રાંતિકારીઓએ વીસમી સદીના સમાજવાદમાંથી શો બોધપાઠ લીધો છે. એટલા માટે, સમાજવાદની નવી દૃષ્ટિ વિકસિત કરવા માટે વીસમી સદીના સમાજવાદની સમજ અને વ્યવહાર વિષે સાચો અભિગમ વિકસિત કરવો જરૂરી છે.

સમાજવાદી વિરોધીઓ એ વાતની દુહાઈ દેવાનું નથી ભૂલતા કે, જે વ્યવસ્થા મૂડીવાદને ખતમ કરવાનો દાવો કરતી હતી તે ખુદ જ જમીન દોસ્ત થઈ ચૂકી છે અને જો કોઈ ઊદાહરણ અગર હજુ પણ જીવે છે તો તે પણ હકીકતમાં મૂડીવાદની નકલ જ કરતાં રહ્યાં છે. તેઓ એવી છાપ કે આભાસ ઊભો કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે, જેઓ હજુ પણ સમાજવાદના ભવિષ્યમાં વિશ્વાસ ધરાવે છે તેઓ



ઇતિહાસની દિશા પાછી વાળવા માંગે છે અને વીસમી સદીના જેવો જ સમાજવાદ બીજીવાર જીવિત કરવા માંગે છે. સમાજવાદના વિરોધીઓ દ્વારા કરવામાં આવી રહેલી આ ઘોષણાઓને સમજવી મુશ્કેલ નથી. પરંતુ પરેશાની એ છે કે સમાજવાદના ઘણા બધા હામી અને રક્ષણહાર પણ આ પ્રકારનું ચિત્ર રજૂ કરી રહ્યા છે. તેઓ પણ ભાવિ સમાજવાદ માટે વીસમી સદીના સમાજવાદને જ વૈચારિક આદર્શ માનીને ચાલવા તૈયાર છે. તેમનું કહેવું છે કે, ભૌતિક પરિસ્થિતિઓને કારણે બાહરી સ્વરૂપમાં થોડો-ઘણો બદલાવ જરૂર આવી શકે છે પરંતુ આગળના પ્રયોગોની મૂળ સંરચના પણ જૂના મોડેલને અનુરૂપ જ હશે.

આ પ્રકારની સમજ સાચી નથી કારણ કે એમાં એ પરિસ્થિતિઓને વ્યાજબી મહત્ત્વ આપવામાં આવી રહ્યું નથી જેમાં વીસમી સદીનો સમાજવાદ પેદા થયો હતો. ન તો તેમાં તે વિકટ પરિસ્થિતિઓની અસરનું સાચું મૂલ્યાંકન કરવામાં આવ્યું હોય છે જેમાં સમાજવાદે આગળ વધવું પડ્યું હતું.

વીસમી સદીનો સમાજવાદ તે સદીની પરિસ્થિતિઓની નિપજ હતી. એટલે સુધી કે, જે સૈદ્ધાંતિક-વૈચારિક સમજદારી અને દૃષ્ટિ ધરાવતો હતો તેના ઉપર પણ તે પરિસ્થિતિઓની ઊંડી છાપ હતી. એ એવો સમાજવાદ હતો જે વિભિન્ન પ્રકારના સામંતી અને ઔપનિવેશિક પરિવેશમાં સક્રીય પ્રાક્મૂડીવાદી અથવા પછાત મૂડીવાદી સમાજોમાં વિકસિત થયો હતો. એ સમાજવાદનું યુદ્ધ, ઘેરાબંધી, ભીષણ કઠણાઈઓ અને કેટલાયે વિધ્વંસોની વિકટ પરિસ્થિતિઓમાં નિર્માણ થયું હતું. તેમ છતાં પણ, ભલે તેનું ભાવિ જે કંઇ રહ્યું હોય તે, તે પોતાના સમાજોને ઘેરા સંકટોમાંથી બહાર કાઢવામાં અને તેમને અપ્રતિમ ઉન્નતિના પથ પર આગળ વધારવામાં બેહદ સફળ રહ્યો. પરિણામસ્વરૂપ, તે સમાજ પોતાના ભૂતકાળના મુકાબલે કેટલોયે વધારે સંપન્ન, સમતાપરક, ન્યાયસંગત અને આધુનિક સમાજ બન્યો. સંક્ષિપ્તમાં કહીએ તો, એ એક પછાત સમાજવાદ હતો અને કટોકટીભરી પરિસ્થિતિઓનો સમાજવાદ હતો. એ સમાજવાદ જે પરિસ્થિતિઓમાં જન્મ્યો અને ઉછર્યો તેને જોતાં એ એક સફળ પ્રયોગ હતો.

પરિસ્થિતિઓ નિર્ધારિત કરતી હોય છે કે ક્રાંતિ કેવા પ્રકારની થશે અને તેણે ક્યા રસ્તા ઉપર ચાલવાનું છે. પરિસ્થિતિઓ જ આત્મલક્ષી શક્તિઓની જરૂરિયાત પણ નિર્ધારિત કરતી હોય છે - અર્થાત, ક્રાંતિના નેતાઓએ કઈ ચીજોમાં નિપુણતા રાખવી જોઈએ. વીસમી સદીની ક્રાંતિઓ એવી સ્થિતિમાં પેદા થઈ જ્યાં જમીન,

શાંતિ, લોકતંત્ર અથવા રાષ્ટ્રીય સ્વાધીનતા જેવા એક અથવા બે સરળ નારાઓ પણ જનતાને એકજૂટ કરવા માટે અને તેમને ક્રાંતિકારી પગલાં માટે જોતરવા પૂરતાં હતાં. જનતાને શાસક વર્ગોના પ્રભાવ અને વર્ચસ્વમાંથી બહાર ખેંચવા માટે ક્રાંતિકારીઓને જનતાની સાથે લાંબો સંઘર્ષ કરવો પડ્યો નથી. જનતા ક્રાંતિકારી સેનામાં સામેલ થવા અને ક્રાંતિકારીઓના વિજય માટે છેલ્લા શ્વાસ સુધી લડવા તૈયાર હતી. તે એવી ક્રાંતિઓ હતી જેમાં ''ધરતીના અભાગીયાઓ''એ માથું ઉચક્યું હતું અને દુનિયાને પલટી નાંખવાનો સંકલ્પ બતાવ્યો હતો.

તે જોતાં, વીસમી સદીની ક્રાંતિઓને એવા પક્ષોની અને નેતાઓની જરૂર હતી જેઓ યુદ્ધ છેડવા અને કટોકટી પરિસ્થિતિઓને સામનો કરવામાં નિપુણ હોય. વૈચારિક સંઘર્ષો, ક્રાંતિ પછીના સમાજોનો રસ્તો નિર્ધારિત કરવા અને માનવ સમાજના ભવિષ્યની રૂરેખા પ્રસ્તુત કરવાની જરૂરિયાતોને પૂરી કરવાની કોશિશો મોટેભાગે નેતાઓ, બુદ્ધિજીવી વર્ગ અને અન્ય વિકસિત તબક્કાઓ સુધી જ સીમિત હતી. આ જરૂરિયાત આ સમાજની ગંભીર ચિંતાનો વિષય ન બની શકી. જનતા હજુ પણ એક સમાજવાદી ભવિષ્યની દૃષ્ટિ નિર્ધારિત કરવાના કાર્યભારથી દૂર જ હતી. જનતાને વિશ્વાસ હતો કે જો એક વખત પોતાના સમાજમાં હયાત સદીઓ જુના ઉત્પીડકો અને વિદેશી આક્રમણકારીઓથી છૂટકારો મેળવી લેવાય પછી તો આપમેળે જ એક નવી દુનિયા સામે આવશે. તેમણે વિગતોમાં ઊંડા ઉતરવાની જરૂર ન હતી. તેમને વિશ્વાસ હતો કે, નવી વ્યવસ્થાનું સ્વરૂપ, તેનું માળખું, તેની સંસ્થાઓ, પ્રણાલીઓ અને રૂપરેખા ચાહે જે હોય તે, નવી વ્યવસ્થા તેમની પોતાની વ્યવસ્થા હશે જેમાં તેઓ ભૂતકાળની તકલીફો અને અત્યાચારથી મુક્ત તથા આબરૂભેર જીવી શકશે. તેમની આ દુનિયા ઈચ્છાઓ મુજબ ચાલશે યા નહીં, તે બીજા દેશોમાં હયાત બીજી દુનિયાઓ સાથે પ્રતિસ્પર્ધા અથવા સહઅસ્તિત્વ બનાવી શકશે કે નહીં, આ વ્યવસ્થા નવા શોષકો અને અત્યાચારીઓને જન્મ આપશે કે નહીં - આ સવાલો બધાં માટે ગંભીર ચિંતાનો વિષય ન હતા.

પરંતુ ઉત્તર ક્રાંતિકારી સમાજોનો પ્રારંભિક તબક્કો બહુ લાંબો સમય કાયમ રહેવાનો ન હતો. જેમ-જેમ યુદ્ધ, ક્ટોકટીની પરિસ્થિતિ કે ઊંડી તકલીફોનાં સંકટો દૂર થવા લાગ્યાં અને લગભગ 'સામાન્ય' હાલત બનવા લાગી, તેમ-તેમ નવા મુદ્દાઓ એજેન્ડા પર આવવા લાગ્યા. 'ધરતીના અભાગિયા'ઓ જમીનના માલિક, સહકારી મંડળીઓના સભ્યો, કારખાનામાં મજૂર, ખેતરો, સામુદાયિક



ખેતરોના ભાગીદાર બની ગયા હતા. હવે તે ''દુનિયાના મજૂર'' બનવા લાગ્યા હતા. તેઓ એક અલગ જ દુનિયામાં રહેવા લાગ્યા હતા અને તેમની અપેક્ષાઓ જૂના જમાનાના મુકાબલે એકદમ અલગ હતી. હવે મુદ્દો એ હતો કે તેઓ ખરેખર તેમની નિયતિના સ્વામી બનીને સતત અધિક ઉત્પાદન, સર્જનાત્મકતા, સંપન્નતા, લોકતંત્ર, પસંદગી અને મુક્તિના રાહ પર આગળ વધતા જશે કે નહીં. મૂડીવાદ સાથે સ્પર્ધાનો સવાલ પણ એજેન્ડા પર આવી ગયો હતો. આવી ''સામાન્ય'' અવસ્થામાં આવીને ક્રાંતિઓ ડગમગવા લાગી. જે પક્ષો અને નેતાઓએ અસામાન્ય પરિસ્થિતિમાં પ્રશંસનીય કામ કર્યું હતું તેઓ સામાન્ય પરિસ્થિતિઓ આવતાં જ નિષ્ફળ જવા લાગ્યા. વિતેલાં વર્ષોની શાનદાર ક્રાંતિઓ, મંદીમાં ઝૂઝતી અર્થવ્યવસ્થાઓ, સર્જનાત્મક ઊર્જાહિન, યાંત્રિક ઉત્પાદકો અને રાજનૈતિક રૂપે જડ મજૂરો, બિનલોકશાહી રાજનીતિ, નિષ્ક્રિય સમાજો અને મતાગ્રહી વૈશ્વિક દૃષ્ટિકોણ પર આવીને રોકાઈ ગઈ. સરવાળે, વીસમી સદીનો સમાજવાદ પોતાના જન્મની પરિસ્થિતિઓથી નિપજેલી સીમાઓને પાર કરી શક્યો નહીં. મૂડીવાદને નિર્ણાયક અને વિશ્વઐતિહાસિક હાર આપવાને બદલે તે મૂડીવાદના માર્ગ ઉપર પાછા વળવાની એક પગદંડી બનીને રહી ગયો.

વીસમી સદીના સમાજવાદની ગૌરવશાળી ઉપલબ્ધિઓના સાચા વારસદાર - દુનિયાના મજૂરો-ની પણ આ જવાબદારી અને કામ છે કે તેઓ સમાજવાદના આ પરાજયમાંથી જરૂરી બોધપાઠ લે.

મૂડીવાદી શોષણનો અંત કોઈ પણ સમાજવાદી કાર્યક્રમનું એક કેન્દ્રીય તત્વ હોય છે પરંતુ આ લક્ષ્ય એવી રીતે હાંસલ કરવું જોઈએ કે સમાજ ઉત્પાદકતા, સમૃદ્ધિ, લોકશાહી અને સ્વતંત્રતાના સતત ઉચ્ચતર સોપાનો તરફ આગળ વધતો જાય. મૂડીવાદ એક અનૈતિક અને શોષણભરી વ્યવસ્થા છે જે સમાજના એક વિશાળ સમુદાયને તકલીફોમાં ડૂબેલો રાખે છે. પરંતુ તેની પ્રણાલીઓ અને પ્રક્રિયાઓ સામાજિક ઉત્પાદક શક્તિઓને ઉચ્ચતર સ્તરો ઉપર લઈ જાય છે. જે વ્યવસ્થા મૂડીવાદી વ્યવસ્થાને તો સમાપ્ત કરી શકે છે પરંતુ ઉત્પાદક શક્તિઓના વિકાસના પ્રશ્ને મૂડીવાદથી આગળ નીકળી શકતી નથી ને છેવટે તો મૂડીવાદને હરાવી શકતી નથી. એ સિવાય, સમાજવાદ જીવિત રહેવા માટે ખાલી મજૂર વર્ગની ઉચ્ચતર ચેતના પર પણ નિર્ભર રહી શકે નહીં. તેણે આવશ્યકપણે, એવી પ્રક્રિયાઓ અને તંત્ર વિકસિત કરવાં જોઈએ જે મૌલિક રૂપે સમાજમાં એકીકૃત

હોય અને કોઈ પણ સમયે મહેનતકશ વર્ગનાં હિતો અને આકાંક્ષાઓને અનુરૂપ હોય. અધિશેષ ઉપર કબજા માટે ઉત્પાદક સાધનોની માલિકી ખુબજ મહત્ત્વપૂર્ણ હોય છે. આ સંરચનાને મૂડીવાદમાં ઉત્પાદન સાધનો ઉપર ખાનગી માલિકી નિયંત્રિત કરે છે પરંતુ આધુનિક મૂડીવાદે રાજ્ય માલિકીને પણ આ સંરચનામાં સમાવેશ કરવાનો રસ્તો શોધી લીધો છે. મૂળભૂત રીતે, સમાજવાદી ઉત્પાદન અને ખાનગી વિનિયોગનો અંતર્વિરોધ જ મૂડીવાદનો મૂળ અંતરવિરોધ છે.

જો કે, વીસમી સદીના સમાજવાદમાં વિભિન્ન સ્તરમાં સામુહીક માલિકી અને નાના સ્તર પર ખાનગી માલિકીની વ્યવસ્થા હતી પરંતુ મૂળભૂત રીતે એ સમાજવાદ ઉત્પાદનનાં સાધનોની રાજ્ય માલિકી ઉપર આધારિત વ્યવસ્થા હતી. પૂરી જનતાની માલિકીનો આદર્શ સાકાર કરવા અને સામાજિક ઉત્પાદન અથવા ખાનગી માલિકીના અંતર્વિરોધને હલ કરવા માટે તેને એક માત્ર રસ્તો માની લેવામાં આવ્યો હતો. આ રીતે, રાજ્ય તમામ આર્થિક અને રાજનૈતિક પ્રક્રિયાઓનો સ્રોત બની ગયું હતું અને વ્યાવહારિક અર્થોમાં પાર્ટી જ રાજ્ય બની ગઈ હતી. તે સમયે અને તે સમાજોની પરિસ્થિતિઓમાં સમાજવાદની આ સમજદારીને કારણે ઘણાં બધાં અનિચ્છિત અને ઘાતક પરિણામો સામે આવ્યાં.

પહેલું, રાજ્યની માલિકી સમગ્ર જનતાની માલિકીનું રૂપ લઇ શકી પરંતુ તેણે ઉત્પાદનનાં સાધનો પર નોકરશાહી નિયંત્રણની વ્યવસ્થા પેદા કરી દીધી. આ મુખ્ય કારણ હતું જેના કારણે વીસમી સદીનો સમાજવાદ વિવિધ પ્રકારના રાજ્ય કેન્દ્રિત મૂડીવાદના બિબામાં ઢળી ગયો. ફળસ્વરૂપે, એક નવો વર્ગ ઊભો થયો જે હકીકતમાં અતિરિક્ત મૂલ્ય ઉપર કબજો જમાવવા લાગ્યો. આ વર્ગ જ નક્કી કરતો હતો કે અધિશેષનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે. રાજ્યની માલિકીની શ્રેષ્ઠતા માટે રાજ્યનું અણિશુદ્ધ સર્વહારા ચારિત્ર્ય જરૂરી હતું. એ સમાજોના વિકાસની અવસ્થા જોઈએ તો આ આવશ્યક્તા એક સાચી સમાજવાદી લોકશાહી સ્થાપિત કરવાના લક્ષ્યની વિરૂદ્ધ હતી. રાજ્યનું સર્વહારા ચારિત્ર્ય જાળવી રાખીને તેનું સંચાલન કરવાનું દિવસે દિવસે સામ્યવાદી પાર્ટી અને સર્વહારા વર્ગના એક નાના હિસ્સા પર આધારિત થતું ગયું. એ સમાજોની સ્થિતિને જોતાં રાજ્ય મૂડીવાદના ઉદયને રોકવાનું ખુબ જ મુશ્કેલ હતું. રાજ્ય, પાર્ટી અને સમાજની અંદર વર્ગ સંઘર્ષ છેડીને રાજ્યનું સર્વહારા ચારિત્ર્ય જાળવી રાખવા માટે થયેલી વિભિન્ન કોશિશોની નિયતિ એ તથ્ય તરફ ઇશારો કરે છે કે



રાજ્યમૂડીવાદના ભૌતિક આધાર કેવળ રાજનૈતિક સંઘર્ષના સહારે સમાપ્ત કરી શકાય નહીં. સમાજવાદી અર્થવ્યવસ્થાનું માળખુ અને તંત્ર એ પ્રકારનું હોવું જોઈએ કે જેથી સામૂહિક ઉત્પાદકોનું સામૂહિક હસ્તાંતરણ બની જવાનો આદર્શ સમાજવાદના પરિપક્વ થતા જવાની સાથે નિરંતર તથા વસ્તુગત રૂપે સાકાર થતો જાય.

બીજી વાત, તત્કાલિન પરિસ્થિતિઓમાં રાજ્યની માલિકીની શ્રેષ્ઠતાને કારણે ઉત્પાદક શક્તિઓના વિકાસ માટે પણ ઘાતક પરિણામ પેદા થયાં. ઉદાહરણ તરીકે, નિયોજન અને બજાર વચ્ચેનો સંબંધ એક એવી મતાગ્રહી સમજદારીનો શિકાર બની ગયો કે યોજનાબદ્ધ અર્થવ્યવસ્થાને સમાજવાદ અને બજારને મૂડીવાદનો પર્યાય માનતા હતા. જો કે, સૈદ્ધાંતિક રૂપે એ વાતને સમજાવવામાં આવી કે "મૂલ્યનો નિયમ" ઘણા સમય પછી નિષ્પ્રભાવી થશે જ્યારે સમાજવાદ સામ્યવાદની અવસ્થાએ પહોંચી જશે. પરંતુ વ્યાવહારિક રૂપમાં અર્થવ્યવસ્થાને વહેલામાં વહેલી તકે આ નિયમથી મુક્ત કરવા માટે યાંત્રિક અને આદર્શવાદી રીતો અજમાવવામાં આવી. ઉત્પાદકતા અને સમૃદ્ધિને વિકાસનાં ઉચ્ચ સ્તરો પર લઇ જવા માટે અધિશેષને મેળવવાની જરૂરતને રફે-દફે કરવાની સાથે સાથે સર્વહારા વર્ગ પણ અતિરિક્ત ઉત્પાદન, વિતરણ અને ફાળવણી સંબંધી નિર્ણય પ્રક્રિયાથી સતત દૂર થતો ગયો. મહેનતકશોની ઉત્પાદક અને રચનાત્મક શકિતઓને વિકસિત કરવા માટે વસ્તુપરક અને ભૌતિક પ્રણાલી ન હતી સિવાય એવી અપેક્ષા કે રાજનૈતિક શિક્ષણ અને વર્ગ સંઘર્ષથી પ્રકટ થતી ઉચ્ચતર ચેતના જ નૈતિક પ્રોત્સાહનોને ઉત્પાદક શક્તિઓના વિકાસ માટે સૌથી વિશેષ આકર્ષક બળ બનાવી દેશે. ભૌતિક પ્રોત્સાહનોને સારો પગાર, સારા લાભો, વધુ સારી કાર્ય પરિસ્થિતિઓના સંકુચિત અર્થમાં સીમિત કરી દેવામાં આવ્યાં હતાં. મહેનતકશો સરવાળે શ્રમશક્તિ પૂરી પાડનાર જ બની રહ્યા. તેમને તેમના સાહસોને નિયંત્રિત અને નિર્ધારિત કરવાની, વહીવટીય અને રચનાત્મક પ્રયોગ કરવાની તક જ મળી નહીં. તેમને તેમનાં હિતોની રક્ષા કરવા અને ખુદ પોતાનું ભવિષ્ય રચવાનો મોકો જ મળ્યો નહીં. આ બધું જ પાર્ટી અને રાજ્ય ઉપર છોડી દેવામાં આવ્યું.

ત્રીજી વાત, સમાજવાદની આ પ્રકારની સમજદારીને કારણે એક એવું આર્થિક માળખું ઊભું થયું જેમાં કોઇ પ્રકારની નરમાશ ન હતી. આ એક વિશાળકાય ઘડિયાળ જેવું યાંત્રિક હતું જેમાં આંતરિક વિકાસ માટે અવકાશ રહ્યો ન હતો. આ

એક મહત્ત્વનું કારણ હતું કે સમાજવાદ એક સ્વાયત્ત અને જૈવિક સમાજિક-આર્થિક પ્રક્રિયા બની શક્યો નહીં. એમાં કોઈ સ્વભાવદત્ત પ્રણાલી અથવા પ્રક્રિયા ન હતી જે આપમેળે જ નવી જરૂરિયાતો, નવાં ઉત્પાદનો, નવી શાખાઓ અને નવી પ્રૌદ્યોગોકિયોને જન્મ આપી શકે. મૂડીવાદ તેના રાજ્ય સિવાય જીવિત રહી ના શકે પરંતુ પોતાના રોજબરોજના કાર્ય સંચાલન અને પ્રક્રિયાઓ માટે તેના ઉપર આધારિત પણ નથી રહેતો. જેનું તે શોષણ કરે છે અને જેના ઉપર તે શાસન કરે છે તેના માટે પણ આ "સ્વાભાવિક" બની જાય છે. દરેક વ્યક્તિને પોતાનાં હિતોની રખેવાળી કરવા માટે જવાબદાર બનાવવામાં આવે છે અને આ પ્રક્રિયામાં મૂડીવાદનાં હિતો પણ સધાઇ જાય છે. મૂડીવાદનો તર્ક જીવનશૈલીમાં ગુંથાઇ જઇને સામાજિક-આર્થિક પ્રક્રિયાઓનું એક અભિન્ન અંગ બની જાય છે. સમાજવાદ પણ રાજ્ય સિવાય જીવિત રહી શકતો નથી. પરંતુ મૂડીવાદ કરતાં પણ વધુ સમાજવાદી રાજ્યે અર્થવ્યવસ્થાની આંતરિક કાર્યપ્રણાલીથી નિપજતી પ્રક્રિયાના રૂપમાં પોતાનાં મૂળિયા વિકસિત કરવાં પડે છે. તેણે સમાજની એક જૈવિક અને સ્વનિર્મિત પ્રક્રિયા બનવું પડશે. તે રાજ્યની પાછળ છૂપાઇને કે ઘડિયાળની જેમ કામ કરવાવાળી જડ સંરચના બનીને જીવિત રહેવાની અપેક્ષા કરી શકે નહીં.

ચોથી વાત, આ પ્રકારની આર્થિક સંરચનાથી સમાજવાદી લોકતંત્ર ઉપર પણ નુકશાનકારક પ્રભાવ પડયો. લોકશાહીનો સવાલ માત્ર રાજનૈતિક સંસ્થાઓ અને પ્રક્રિયાઓનો મુદ્દો ન હતો. એક ખુબ જ ઊંડા સ્તરે સવાલ એ હતો કે આ આર્થિક માળખામાં જુદા જુદા વર્ગો, વિભાગીય અને અન્ય સામાજિક હિતોની અભિવ્યક્તિ થઇ શકશે કે નહીં તથા એવા બધા જ અંતર્વિરોધોના ઉકેલ માટે સ્વભાવદત્ત અને સંસ્થાગત પદ્ધતિઓ અસ્તિત્વમાં છે કે નહીં. એક જડ આર્થિક માળખું જડ રાજનૈતિક માળખા સાથે જોડાયેલું હતું અને આ સમાજવાદી લોકશાહી માટે એક પાયાનો સવાલ હતો.

પાંચમી વાત, રાજનૈતિક સંસ્થાઓ અને પ્રક્રિયાઓના સ્તરે પણ ગંભીર સવાલો હતા. નિઃસંદેહ, જે હાલતમાં વીસમી સદીના સમાજવાદે આગળ વધવું પડ્યું તે સમાજવાદી લોકશાહીના સવાલોના સંતોષજનક ઉકેલ માટે બિલકુલ અનુકૂળ ન હતો. પરંતુ આ પરિસ્થિતિનાં પરિણામ ત્રાસદાયક સિદ્ધ થયાં. ના કેવળ આખી અર્થવ્યવસ્થા ઉપર, પણ કંઇ હદ સુધી સમાજ ઉપર પણ રાજ્યનું નિયંત્રણ હતું. રાજ્યનું નિયંત્રણ પક્ષના હાથમાં હતું. આ સમીકરણથી એવી



સ્થિતિ પેદા થઇ જેમાં એવા તમામ અંતરવિરોધ અને સંઘર્ષો પક્ષ અને રાજ્યનાં ટોચના સ્તરે કેન્દ્રીત થતાં ગયાં જે પક્ષ અને રાજ્યની મદદ વડે અથવા તેના વિના સમાજના સ્તરે ઉકેલાવા જોઇતા હતા. ઉલટાનું, મજૂર વર્ગ અને આખા સમાજમાં એક રાજનૈતિક નિષ્ક્રિયતા અને સુસ્તી પેદા થઇ અને ક્યારેક પક્ષ અથવા રાજ્યની અંદર વિલક્ષણ (વિચિત્ર) પ્રકારના 'વર્ગ સંઘર્ષ' ઊભા થયા જેનાથી ક્રાંતિ અને સમાજવાદ, બન્ને માટે ખુબ જ ઘાતક પરિણામ સામે આવ્યાં.

આર્થિક અને સામાજિક માળખાથી પેદા થયેલા સવાલો ઉપરાંત બીજા કેટલાયે સવાલો હતા જે સરવાળે વીસમી સદીના સમાજવાદની સૈદ્ધાંતિક-વૈચારિક સમજદારીની મર્યાદાઓમાંથી પેદા થયા હતા. એક બાજુ શ્રમની મુક્તિનો ઐતિહાસિક કાર્યભાર લથડિયાં ખાતો ખાતો આગળ વધી રહ્યો હતો, તો બીજી બાજુ સામાજિક સમાનતા અને ન્યાયની માન્યતાના ઐતિહાસિક કાર્યભારે પણ કંઇ ઉકાળ્યું ન હતું. મહિલાઓએ સાર્વજનિક ક્ષેત્રમાં જબરજસ્ત ઉન્નતિ કરી પણ ખાનગી ક્ષેત્રે તેમની સ્થિતિમાં ખાસ વધુ સુધાર થયો નહીં. સામાજિક ઓળખ પર આધારિત અવરોધો અને અસમાનતાના સવાલો એક અથવા બીજા રૂપમાં ચાલુ રહ્યા. કહેવાનો અર્થ એ છે કે, સામાજિક અને વૈચારિક રૂપાંતરણની પ્રક્રિયા અપેક્ષિત સીમા સુધી આગળ વધી શકી નહીં. વીસમી સદીના મુખ્ય પ્રયોગોના પતન પછી તરત જ એ તમામ ઉણપો સ્પષ્ટ દેખાવા લાગી અને ધર્માંધતા, જાતિવાદ, જનસંહાર અને વંશીય નરસંહાર, રાજાશાહીનો મોહ, વેશ્યાવૃત્તિ, ગરીબી અને વંચનાની સામાજિક સ્વીકૃતિ અને એવી જ ઘણી ભૂલાઇ ગયેલી બિમારીઓ ખુબ જ વિકૃત રીતે સામે આવીને ઊભી રહી ગઇ. આ તમામ વિકૃતિઓ સપાટીની થોડે નીચે, સામાજિક માટીમાં જીવતી હતી અને જેવી સમાજવાદી વ્યવસ્થા ધરાશયી થઇ કે, એમાં જાન આવી ગયો.

ક્રાંતિઓ સપનાંઓને હકીકતના જામા પહેરાવે છે. પંરતુ વાસ્તવિકતાનો પ્રવાહ હંમેશાં સપનાઓની પાછળ રહેતો હોય છે. સમાજવાદ એક એવું સપનું હતું જે વીસમી સદીની સર્વહારા ક્રાંતિઓ દ્વારા હકીકત બન્યું, તેને યશસ્વી સફળતાઓ મળી. તેણે રાજાશાહી, સામંતવાદ અને ઉપનિવેશવાદની જૂની દમનકારી વ્યવસ્થાને ખતમ કરી અને રશિયા, ચીન અને ઘણા બધા બીજા ક્રાંતિકારી સમાજોમાં મૂડીવાદની નવી વ્યવસ્થાને પડકાર કર્યો. પરંતુ, અંતે વીસમી સદીનો સમાજવાદ સમય અને પોતાના સમાજોની સ્થિતિની સીમાઓ ને પાર કરી શક્યો

નહીં. ''ધરતીના અભાગિયાઓ''એ સ્વર્ગ પર તો જોરદાર હુમલો કર્યો, તેમણે ઉપનિવેશવાદ અને સામંતવાદની ચુંગાલમાંથી મુક્તિ મેળવી અને સમાજવાદના નિર્માણની યુગાંતરકારી પરિયોજનાને સાકાર કરતા મૂડીવાદને અપ્રતિમ પડકાર કર્યો. પરંતુ આ સમાજવાદ પછાત સમાજો અને કટોકટીભરી સ્થિતિનો સમાજવાદ સાબિત થયો. આ સમાજવાદ પોતાના સમાજોને જુની વ્યવસ્થામાંથી પેદા થયેલ ભારે સંકટોમાંથી આઝાદ કરાવવામાં સફળ થયો અને યુદ્ધો અથવા ગૃહયુદ્ધની મુશ્કેલ પરિસ્થિતિઓમાં વિજયી સિદ્ધ થયો. પરંતુ આ સમાજવાદ મૂડીવાદને એક અંતિમ વિશ્વ ઐતિહાસિક પરાજય આપી શક્યો નહીં. એ સૃજનશીલતા, પ્રગતિ, લોકતંત્ર, સમાનતા અને મુક્તિનું એવું મૉડલ ના બની શક્યો જે આખી મૂડીવાદી દુનિયાના મજૂરોને એ વાત માટે પ્રેરિત કરે કે તેઓ મૂડીવાદનો તખતો પલટી નાંખીને સમાજવાદની સ્થાપના કરે.

વીસમી સદીના સમાજવાદની સિદ્ધિઓ ઉપર ગર્વ કરવો મજૂર વર્ગનો અબાધિત અધિકાર છે અને એ સર્વોપરી ફરજ છે કે તે એ સમાજવાદના પરાજયનાં કારણોની વૈજ્ઞાનિક અને નિર્મમ તપાસ કરે. સમાજવાદની નવી દૃષ્ટિ ઘડવા અને એક એવા સમાજવાદની રચના કરવાવાળી ક્રાંતિઓની તૈયારીનો કાર્યભાર આ પ્રકારનો રસ્તો અપનાવ્યા સિવાય પૂરો થવાનો નથી.

## ભાવિ સમાજવાદની દૃષ્ટિ

સમાજવાદનું મુખ્ય ધ્યેય એ નક્કી કરવાનું છે કે, સામૂહિક ઉત્પાદક અધિશેષ મૂલ્યના સામૂહિક માલિક પણ બની શકે. એના માટે જરૂરી છે કે, તેઓ સામૂહિકરૂપે નક્કી કરે કે હસ્તગત કરેલ અધિશેષનો ઉપયોગ અથવા ઉપભોગ કેવી રીતે કરવો છે. ઉત્પાદનનાં સાધનોની માલિકીનું સ્વરૂપ કેવળ આ ઉદ્દેશ્યથી નક્કી નથી થતું. પ્રવર્તમાન પરિસ્થિતિઓના આધારે અલગ-અલગ પ્રકારનાં માલિકી માળખાંઓ શક્ય બની શકે.

આ ધ્યેયને હાંસલ કરવા માટે ઉત્પાદનનાં સાધનોની માલિકીનું સૌથી અનુકૂળ સ્વરૂપ સામૂહિક માલિકી જ હોઇ શકે. પરંતુ આ એક માત્ર સ્વરૂપ ન હોઇ શકે. જો આ પ્રમાણે થયું, તો એ ઉત્પાદન સાધનોના શ્રમિક-માલિક બહુજ નુકશાનમાં રહેશે જેમની ઉત્પાદકતા ઓછી છે; જેમ કે, કૃષિ ફૉર્મ અથવા નાના અને નિમ્ન-તકનિકી શ્રમ. તેનાથી ઉલટું ઉચ્ચ ઉત્પાદક શ્રમવાળા આધુનિક ઉદ્યોગોના શ્રમિક-



માલિકોની સ્થિતિ ઘણી જ બહેતર થઇ જશે. એટલા માટે, રાજ્યની માલિકી પણ અર્થવ્યવસ્થાનું એક મહત્ત્વપૂર્ણ તત્વ હશે. પરંતુ રાજ્યે પણ પોતાનાં ઉત્પાદન સાધન મજૂરોના એ સમૂહોને આપવાં પડશે જે એ ઉદ્યોગો અથવા ઉદ્યોગોમાં કામ કરી રહ્યા હશે. બીજા કોઇ પણ સામૂહિક ઉદ્યમની જેમ તેઓ પણ તે અતિરિક્ત મૂલ્યના સામૂહિક હસ્તગતકર્તા બનશે જેને તેમણે ખુદ પેદા કરેલું છે. હા, જરૂર તેમણે કરાર અનુસાર અધિશેષનો એક હિસ્સો રાજ્યને પણ આપવો પડે. આ પ્રકારે, શ્રમના માલિકની હેસિયતથી રાજ્ય તે શ્રમમાંથી પેદા થયેલા અધિશેષનો એક હિસ્સો પ્રાપ્ત કરશે પરંતુ પ્રત્યક્ષ માલિક નહીં બની શકે. કરવેરા પદ્ધતિ એક બીજી એવી વ્યવસ્થા હશે જેના માધ્યમ દ્વારા બધા પ્રકારના ઉદ્યમોમાં ઉત્પન્ન થનાર અતિરિક્તના એક ભાગને રાજ્ય તથા શાસન અને નગરપાલિકાઓને બદલવામાં આવશે. ખાનગી માલિકોને પણ છૂટ આપી શકાશે પરંતુ ઉત્પાદનનાં સાધનોના આવા માલિકોને મજૂર રાખવાનો અધિકાર નહીં હોય. તેમણે તેમના પોતાના શ્રમથી જ કામ કરવું પડશે. સામાન્ય રીતે સિદ્ધાંત આ પ્રમાણે હશે : જે કોઇ પણ વ્યક્તિ ઉત્પાદનનાં સાધનો ઉપર કામ કરશે તેમને ઉત્પાદનના સાધનોની માલિકીમાં સરખો ભાગ મળશે અને તે પેદા થતા અધિશેષની માલિકી અને ઉપયોગના સામૂહિક નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર થશે.

આનો અર્થ એવો નથી કે, શ્રમોમાં ધંધાદારી વહીવટ નહીં હોય. કેટલીય વખત, ખાસ કરીને મોટા સાહસોમાં બધી જ બાબતોમાં તમામ સદસ્યોની સહમતિ કે અસહમતિથી નિર્ણય કરવો સંભવ નહીં હોય. વધુમાં, બધા મજૂરોને બધાં કામ સંભાળી શકવાની ક્ષમતા કેળવવામાં સદીઓ નહીં તો ઓછામાં ઓછું કેટલીક પેઢીઓ તો લાગશે જ. એટલા માટે, બધી જ જવાબદારીઓને ક્રમશઃ બધા મજૂરોને સોંપી ન શકાય અને શ્રમના દરજ્જા પર આધારિત વિભાજનનાં બધાં લક્ષણો અને અવશેષોને એકવારમાં ખતમ કરી શકાય નહીં. જ્યાં સુધી એવો સમય આવે નહીં ત્યાં સુધી સમાજવાદનું આર્થિક માળખું અનિવાર્યપણે નિપુણતા અને ક્ષમતા આધારિત શ્રમ વિભાજન પર આધારિત હશે. આ એ શ્રમ વિભાજન છે જે ટૂંકા ગાળા માટે તુલનાત્મક દૃષ્ટિએ સ્થિર ભલે દેખાતું હોય, પરંતુ લાંબાગાળે તે નરમ, ગતિશીલ અને પરિવર્તનશીલ હશે. આનાથી સામાજિક સમાનતાના ક્ષેત્રમાં જરૂર પ્રશ્નો પેદા થશે. પરંતુ એ પ્રશ્નોને ક્રમશઃ ઉકેલવાના રસ્તાઓ પણ શોધવામાં આવશે. આમ સરવાળે, સમાનતાના આદર્શ રૂપોને બહુ લાંબા ગાળે જ હાંસલ કરી શકાશે.

સમાજવાદ કેવળ ત્યારે જ સફળ થઇ શકે જ્યારે તે માનવ સમાજને આવશ્યકતાના ક્ષેત્રમાંથી બહાર કાઢીને મુક્તિના ક્ષેત્ર સુધી પહોંચાડી શકે. નિઃશંક, આ એક લાંબા સંઘર્ષ અને ઘણી જ લાંબી પ્રક્રિયા હશે. આ એ વાત પર ઘણી બધી નિર્ભર હશે કે સમાજવાદ નિરંતર પ્રગતિ અને અધિકતાની દિશામાં કેટલી સ્થિર ગતિએ પ્રગતિ કરે છે. અને આ પ્રગતિ એ બાબત ઉપર નિર્ભર હશે કે ઉત્પાદક શક્તિઓનો કેટલી ત્વરાએ અને અવિરત રીતે વિકાસ થઇ રહ્યો છે. સમાજવાદ માટે એ જરૂરી છે કે, એ એક એવી વ્યવસ્થા હોય જે તમામ લોકોની ઉત્પાદક અને સૃજનશીલ શક્તિઓને સ્વતંત્ર કરે અને તેમને નાના વ્યવસાયો તથા જીવન પદ્ધતિઓને અપનાવવા માટે સમૃદ્ધ તક અને વિકલ્પ પૂરાં પાડે. આ પ્રકારની પ્રગતિ દ્વારા જ સંસ્કૃતિ અને ચેતનાનાં ઉચ્ચ સ્તરો સુધી પહોંચવા માટેનો ભૌતિક આધાર પૂરો પાડી શકાય.

જો સમાજવાદ સતત આ પ્રકારે પ્રગતિ કરતો રહે અને એક સ્થાપિત જીવન પદ્ધતિ બની જાય, તો છેવટે, તે સમાજો અને આખી માનવ સભ્યતાને મુક્તિના જગતમાં પહોંચાડી દેશે - આ એક એવી પરિસ્થિતિ હશે જેમાં સમૃદ્ધિ અને ચેતનાનાં ઉચ્ચ સ્તરો પર પહોંચવાથી "મૂલ્યનો સિધ્ધાંત" આપમેળે જ સમાપ્ત થઇ જશે. જીવનની પાયાની જરૂરિયાતોને પૂરી કરવા માટે પરાણે દબાણપૂર્વક કરેલો શ્રમ માનવીય ક્ષમતાઓને સાકાર કરવા માટે સ્વેચ્છાએ કરેલા શ્રમનો માર્ગ ખૂલ્લો કરશે.

જ્યાં સુધી આવી વ્યવસ્થા આવે નહીં ત્યાં સુધી ઉત્પાદક શક્તિઓના સ્થાયી વિકાસનો ઉદ્દેશ્ય તથા સમૃદ્ધિ અને અધિકતાની દિશામાં નિરંતર પ્રગતિની જરૂરિયાત સમાજવાદની સંરચનાઓ અને આચારો પર કેટલાક અંકુશ લાદેલા રહેશે. ઉદાહરણ તરીકે, ભલે જીવનના ઘણા બધા ક્ષેત્રોમાં "મૂલ્યના સિદ્ધાંત"નું મહત્ત્વ ઘટતું જશે પરંતુ તે જીવિત રહેશે, વિશેષ કરીને અર્થવ્યવસ્થાના સરહદી ક્ષેત્રોમાં. સ્પષ્ટ છે કે, આવી વ્યવસ્થામાં બજાર અને હરિફાઇ જીવિત રહેશે. જો કે, તેના ઉપર નિયમન વધતું જશે અને તેનું પ્રભાવ ક્ષેત્ર સતત સંકોચાતું જશે.

બજાર મૂડીવાદનું સર્જન નથી. જો કે, મૂડીવાદે તેને ગુણાત્મક રૂપે બહુ ઉંચે અને સર્વવ્યાપી સ્તર સુધી પહોંચાડ્યું. બજાર તો મૂડીવાદ પહેલાં સદીઓથી હતાં અને તે પછી પણ લાંબા સમય સુધી રહેશે. મહત્ત્વની વાત એ છે કે, બજાર સતત બદલાતું અને સતત વિકસતું રહ્યું છે. મૂડીવાદી બજારનો બહુ વિકાસ થયો છે,



પણ તે મૂડીવાદી રાજ્ય અને મૂડીવાદના નિયમોમાં જકડાયેલું રહ્યું છે. સમાજવાદી બજાર વધુ વિકસિત હશે અને બહુ વધારે નિયમબદ્ધ હશે. વધુમાં, બજાર એવું કોઇ સ્થળ નથી કે જ્યાં અધિશેષ અથવા તેનો મોટોભાગ પેદા થતો હોય અને તેને હસ્તગત કરવામાં આવતો હોય. નિઃશંક મૂડીવાદી વ્યવસ્થામાં શોષણ અને સંચય માટે તેનો સમાવેશ અને પ્રયોગ કરવામાં આવ્યો છે. મૂડીવાદી ઉત્પાદન અનિવાર્યરૂપે માલ ઉત્પાદન છે - એટલે કે મૂળભૂત રીતે અને નિર્ણાયક રૂપે વિનિમય માટે ઉત્પાદન. પરંતુ તેનો અર્થ એવો નથી કે, તમામ સમાજવાદી ઉત્પાદન કોમોડીટી ઉત્પાદનની વિશેષતાથી તુર્ત જ મુક્ત થઇ જશે. સમાજવાદે તે વ્યવસ્થા સુધી પહોંચવા માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે જ્યાં કોમોડીટી સમાપ્ત થઇ જશે અને તમામ ઉત્પાદન પ્રત્યક્ષ રૂપે સામાજિક જરૂરિયાતની પૂર્તિ માટે સમર્પિત હશે. હા, સમાજવાદમાં શ્રમશક્તિ જરૂરથી તુર્ત જ કોમોડીટીના ચરિત્રથી મુક્ત થઇ જશે. જેવી સમાજવાદી અર્થવ્યવસ્થા મૂડીવાદના પતન પછી સામાન્ય રૂપથી કામ કરવા લાગી જશે, શ્રમ બજાર સમાપ્ત કરી નાંખવામાં આવશે.

સમાજવાદમાં એવાં કેટલાંયે વિશાળ ક્ષેત્રો હશે જે શરૂઆતથી જ બજારનો ભાગ નહીં હોય. સ્વાસ્થ્ય, શિક્ષણ, પાયાની જરરિયાતોથી જોડાયેલાં ક્ષેત્રો સ્વાભાવિક રીતે જ આ હિસ્સામાં હશે. આ બધા વિભાગોને રાજ્યની જવાબદારીમાં રાખવામાં આવશે. ભાડું, વ્યાજ અથવા કરના રૂપમાં રાજ્ય જે અતિરિક્ત એકઠું કરશે તેનો એક મોટો હિસ્સો આ ક્ષેત્રોમાં ખર્ચ કરવામાં આવશે. રાજ્યના આ વિભાગોમાં પણ સંબંધિત સંસ્થાઓના મજૂરોનાં નિયંત્રણ અને વહીવટવાળાં માળખાંઓ અને પ્રણાલીઓ લાગુ કરવામાં આવશે.

ભૌતિક ઉત્પાદનનાં ઘણાં ક્ષેત્રો હશે જે "મૂલ્યના સિદ્ધાંત"ના હુમલાનો સામનો કરી શકશે નહીં અને પોતાના જોરે બજારમાં જીવિત રહી શકશે નહીં. મૂડીવાદી અર્થવ્યવસ્થાનાં ઘણાં ક્ષેત્રોની આ સ્થિતિ છે અને સમાજવાદમાં પણ કેટલાયે વિભાગોની સ્થિતિ આવી રહેશે. આવા વિભાગોને રાજ્ય તરફથી સબસિડી અને બચાવના અન્ય રસ્તાઓની વ્યવસ્થા કરવી પડશે.

બજારની જેમ જ હરિફાઇ પણ મૂડીવાદનું સર્જન નથી. અલબત્ત, મૂડીવાદ આ હરિફાઇને ગુણતાત્મક રૂપે ઉંચા સ્તરે પહોંચાડે છે અને તેને ઉત્પાદક શક્તિઓના વિકાસની સૌથી કેન્દ્રીય પદ્ધતિ બનાવી દે છે. મૂડીવાદી હરિફાઇની મૂળ સમસ્યા એ છે કે, અહીં હરિફાઇ નફાને વધારવાની અને સંચયને તેજ

કરવાનું સાધન બની જાય છે. દરેક મૂડીવાદી હરિફાઇના જોખમથી ભયભીત રહેતો હોય છે. પરંતુ તેનો મૂળ ભાર મજૂરો ઉપર પડતો હોય છે. આ હરિફાઇ યા તો તેમના શોષણને વધુ તીવ્ર બનાવે છે અથવા તેમનાંથી ઘણા બધા મજૂરોને શ્રમિકોની આરક્ષિત ફોજમાં ધકેલી દે છે. તદ્ઉપરાંત, હરિફાઇ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં વારંવાર ઉથલ-પાથલને પણ જન્મ આપે છે. વારંવાર આવતી મંદી અને સ્થિગતતા તથા કહેવાતી "સૃજનાત્મક વિનાશ"ની પરિઘટના આ તમામ મૂડીવાદી તંત્રના અંગ છે જેમાં હરિફાઇ એક મુખ્ય ભૂમિકા અદા કરે છે. આ ગતિકીનાં મોટાભાગે નકારાત્મક પરિણામ મહેનતકશ લોકોના ભાગે આવે છે.

મૂડીવાદ આવતાંવેંત જ હરિફાઇને તૂર્ત જ ખતમ કરી શકાય નહીં. સમાજવાદની સ્થાપનાનો વિશ્વ-ઐતિહાસિક કાર્યભાર મૂડીવાદ દ્વારા જ મળેલી પરિસ્થિતિમાં જ શરૂ થશે અને તેને એજ સ્ત્રીઓ-પુરુષો(લોકો) અંજામ આપશે જેઓ ખુદ મૂડીવાદની પેદાશ છે. બજારની જેમ જ હરિફાઇ પણ સમાજવાદના શરૂઆતના તબક્કામાં જરૂરી રહેશે. માત્રા લાંબાગાળે જ નૈતિક ઉત્પ્રેરક ઉત્પાદક શક્તિઓના વિકાસનું મુખ્ય ચાલક બળ બની શકશે. વધુમાં, જેવા સામૂહિક ઉત્પાદક અતિરિક્તના સામૂહિક માલિક બની જશે, હરિફાઇના સ્વરૂપમાં મૂળભૂત ફેરફાર આવી જશે. આ હરિફાઇ એક શોષક વર્ગની માલિકીવાળી મૂડીના સંચયને બળ નહીં આપે અને તેના નકારાત્મક પરિણામ લોકોના જીવનની મૂળભૂત જરૂરિયાતોથી વંચિત કરવાવાળી અને હરિફાઇમાં પાછળ છૂટી જવાવાળાને ભારે અસુરક્ષામાં ધકેલવાવાળી નહીં રહેશે.

સમાજવાદી અર્થવ્યવસ્થા એક આધુનિક અર્થવ્યવસ્થા હશે જે નિરંતર ઉત્પાદકતા અને સમૃદ્ધિનાં ઉંચાં શિખરો સર કરતી જશે. એના માટે અવિરત ક્ષેત્રવાર પુનર્ગઠન જરૂરી બનશે. જેમ-જેમ વિવિધ વિભાગોમાં ઉત્પાદકતા અલગ-અલગ દરથી વધતી જશે, નવા વિભાગો પણ અસ્તિત્વમાં આવતા જશે. અલગ-અલગ ક્ષેત્રો વચ્ચે તથા નવા વિકાસમાન ક્ષેત્રો વચ્ચે લોકો અને સંસાધનોનું બહુ જ ભારે આદાનપ્રદાન થશે. આ પુનર્ગઠનની પ્રક્રિયામાં રાજ્ય પણ નિયમનની મહત્વની ભૂમિકા અદા કરશે જેથી કોઇ પણ પ્રકારની ભાંગફોડ પેદા ન થાય અને સમાજવાદી વ્યવસ્થાનાં હિતો સુરક્ષિત રહે.

જો કે, સમાજવાદના નિર્માણના ઐતિહાસિક કાર્યભારને માત્ર સમાજવાદી અર્થવ્યવસ્થાના નિર્માણ દ્વારા જ પૂરો કરી શકાય નહીં. ખરેખર વાસ્તવિક



સમાજવાદની કલ્પના કરવી પણ સંભવ નહીં હોય, તેને કાયમ કરવાની વાત તો દૂર રહી, જ્યાં સુધી આપણે સામાજિક જીવનના ક્રાંતિકારી પુનર્ગઠનનો સમગ્ર કાર્યક્રમ હાથમાં ન લઇએ. જો વિભિન્ન ઓળખો - જેન્ડર, જાતિ, વંશ, રાષ્ટ્રીયતા, ધર્મ વગેરે- ઉપર આધારિત દમન, ભેદભાવ, બહિષ્કાર/અલગાવ અને શોષણનો અંત લાવવામાં આવે નહીં, ત્યાં સુધી સમાજવાદની સાર્થકતાનો કોઇ અર્થ નથી. તે સમગ્ર માનવતાની મુક્તિનો માર્ગ સુગમ કરી શકે નહીં. એટલે સુધી કે, જ્યાં સુધી આપણે સામાજિક ઓળખો ઉપર આધારિત અસામનતા અને દમનને સમાપ્ત ના કરી શકીએ ત્યાં સુધી, ઉત્પાદકોના અતિરિક્તની સામૂહિક માલિકીનો ઉદ્દેશ્ય પણ પૂરો થઇ શકશે નહીં. જો સામાજિક ઓળખો ઉપર આધારિત શોષણો અને દમનનો દૌર ચાલુ રાખવામાં આવશે તો વર્ગ આધારિત શોષણની સમાપ્તિમાં પરિણામ પામનાર વર્ગસંઘર્ષની સિદ્ધિ પણ ધૂળમાં ભળી જશે.

મૂડીની હાર સામાજિક જીવનના રેડિકલ પુનર્ગઠન માટે એક મજબૂત પાયો પૂરો પાડી શકશે અને ત્યાંથી એક અસરકારક શરૂઆત કરી શકાશે, પણ આપમેળે તે તેને સુનિશ્ચિત નહીં કરી શકે. સમાજવાદી સમાજના નિર્માણની આખી વ્યવસ્થા દરમિયાન તેને એક સકારાત્મક કાર્યક્રમના રૂપમાં અપનાવવો પડશે. ઉપરાંત, આ કોઇ એવો કાર્યભાર નથી જેને માત્ર સમાજવાદી રાજ્ય પૂરો કરશે. જો કે, સમાજવાદના નિર્માણનાં અન્ય પાસાંઓની જેમ, અહીં પણ રાજ્ય એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. સામાજિક જીવનના રેડિકલ પુનર્ગઠન માટે જરૂર પડશે સામાજિક માળખામાં નિરંતર મંથન જેને માત્ર કાનૂન અને રાજ્યની નીતિઓ દ્વારા હાંસલ કરી શકાય નહીં. આવું મંથનની અનિવાર્યપણે સામાજિક સંઘર્ષો અને આંદોલનોનું ક્ષેત્ર હોય છે. સમાજવાદની ભવિષ્ય દૃષ્ટિ એવી રીતે તૈયાર કરવી પડશે જેથી આવા સંઘર્ષો અને આંદોલનોને ના કેવળ એમાં યોગ્ય સ્થાન પ્રાપ્ત હોય, પરંતુ તેને તેનો એકીકૃત હિસ્સો સમજવામાં આવે. ભવિષ્યના સમાજવાદની રાજનૈતિક અને સામાજિક માળખાંઓ માટે તેના ઊંડા નિહિતાર્થ અને દૂરગામી પરિણામો હશે.

એ જ રીતે, પર્યાવરણીય દીર્ઘકાલિનતાની આવશ્યક્તાઓને સામાવિષ્ટ કરવા સમાજવાદની નવી ભવિષ્ય દૃષ્ટિ વિકસિત કરવી પડશે. તેના સકારાત્મક કાર્યક્રમનો આ પણ એકીકૃત હિસ્સો હશે. મૂડીએ પૃથ્વીની પાયમાલી સર્જી છે અને તેની હાર માનવતાને વિનાશથી ઊગારી શકશે. પણ એક એવી જીવનપદ્ધતિને સ્થાપિત અને સુરક્ષિત કરવી, જે ના કેવળ સમૃદ્ધિની દિશામાં

આગળ વધતી હોય પરંતુ દીર્ઘકાલિન હોય, તેના માટે પ્રકૃતિને જોવાના માનવ સમાજની નજરમાં મૂળભૂત પરિવર્તન (ફેરફાર) લાવવાની જરૂરિયાત પડશે. પ્રકૃતિમાં માનવીય હસ્તક્ષેપ વગર માનવ સભ્યતાની કલ્પના થઇ શકે નહીં. પરંતુ લાંબાગાળા સુધી તેને કાયમ રાખવાની જરૂરિયાતના હિસાબે જ તેની રૂપરેખા નક્કી કરવી પડશે. હકીકતમાં, ભવિષ્યના સમાજવાદની સંરચના અને પ્રક્રિયાનું અવિભાજ્ય અંગ આવી ચેતના તથા વિવેક હોવા જોઇશે.

મૂડીવાદનાં દુષ્પરિણામો અને અતિરેક માટે ખુદ આધુનિકતાને જવાબદાર ઠરાવવાની લલચામણી પ્રવૃત્તિ બહુ જ વ્યાપક છે પરંતુ આ વિચાર યોગ્ય નથી. એવી અપેક્ષા કરવી કલ્પનાવાદી અને અવાસ્તવિક હશે કે માનવ સમાજે આધુનિકતા પહેલાંની જીવનશૈલીઓ અને ઉપભોગ સ્તરો પર પાછા વળવું જોઇએ. જે નવાં સામાજિક આંદોલનો આધુનિક જીવન પદ્ધતિ અને ઉપભોગ પર સવાલ ઉભા કરે છે તે મૂડીવાદ દ્વારા પેદા કરવામાં આવેલ વિનાશની વ્યાજબી અને જરૂરી ટીપ્પણી તો છે જ, પરંતુ તેમણે કટ્ટરવાદી - રોમાંચક વિચારધારાની સોડમાં પેંસવાની જરૂર નથી. જો આધુનિક જીવનને કારણે શક્ય બનેલ ઉપભોગનાં સ્તર અને સ્વરૂપોને ચાલુ રાખવા માટે ભૌતિક સીમાઓ છે તો તે સીમાઓને સમાજવાદમાં પણ માન્યતા આપવામાં આવશે કારણ કે, તે વ્યવસ્થા નફાની આંધળી દોડથી ગ્રસ્ત શક્તિઓ દ્વારા સંચાલિત નહીં હોય. એકવીસમી સદીની આધુનિક વ્યવસ્થા આ સીમાઓનો સામનો કરવા અને જરૂરી ફેરફાર કરવા જરૂર વધારે સારી સ્થિતિમાં હશે. એટલા માટે, આધુનિક ઉદ્યોગોનો નિષેધ તથા આધુનિક અને સંપન્ન જીવનનો બહિષ્કાર પર આધારિત ખેતિહર-સામ્યવાદી સમાજવાદ જેવી વ્યવસ્થાની સ્થાપના ના તો અપેક્ષિત છે અને ના શક્ય છે.

સમાજવાદી લોકશાહી વગર સમાજવાદ શક્ય નથી. સરવાળે, આ દષ્ટિ અને આ કાર્યક્રમનો ધ્યેય એ છે કે, ના કેવળ મજૂરને પોતાના અતિરિક્તનો માલિક બનાવવામાં આવે જેથી વ્યવસ્થાગત શોષણનો અંત આવે પરંતુ એ પણ છે કે, તેને નવા શાસક વર્ગનો વાસ્તવિક અર્થોમાં સભ્ય બનાવવામાં આવે. એ વ્યવસ્થામાં મજૂર જ રાજનીતિ અને અર્થવ્યવસ્થાનું સંચાલન કરવાવાળો સક્રિય અને સર્વશ્રેષ્ઠ વાહક હશે. સમાજવાદી લોકશાહીના ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે રાજનૈતિક પ્રક્રિયાઓ, સંસ્થાઓ અને માળખાંઓની રૂપરેખાઓ ઘડવી પડશે.

ભવિષ્યના સામાજવાદનો મુખ્ય પડકાર છે સમાજવાદી રાજનીતિનું નિર્માણ કરવું. ઐતિહાસિક કારણોસર વીસમી સદીના સમાજવાદમાં આ પડકારને પૂરો



કરી શકાયો નહીં. સમાજવાદના સમયગાળા દરમિયાન રાજ્યનું અસ્તિત્વ હયાત રહેશે; પરંતુ તે એક અલગ પ્રકારનું રાજ્ય હશે. સર્વહારા વર્ગની નેતાગીરી હેઠળ તમામ નાગરિકોની સક્રિય અને અધિકમાં અધિક પ્રત્યક્ષ સહભાગીદારી દ્વારા તેનું ગઠન કરવામાં આવશે અને સંચાલિત કરવામાં આવશે. ધીરે -ધીરે રાજનીતિ સમગ્ર સમાજને પોતાનામાં સમાવી લેશે અને લોકોથી રાજ્યની અલગતા જે ના કેવળ બુર્ઝુવા પણ પૂર્વ-મૂડીવાદી સમાજોની પણ વિશિષ્ટતાની રહી છે તે સમાજવાદની પ્રગતિની સાથે સમાપ્ત થઇ જશે. રાજ્ય અને જનતા વચ્ચેની અલગતા ધીરે-ધીરે સમાપ્ત કરવાનો રસ્તો સરળ કરવાવાળી પરિસ્થિતિઓ હકીકતમાં રાજ્યના વિલીનીકરણની પરિસ્થિસ્તિનું નિર્માણ કરતી જાય છે. નિશ્ચિતપણે, આવું વિલિનીકરણ અન્ય કારણો પર પણ આધાર રાખે છે; જેમ કે, વર્ગીય અંતર્વિરોધોની સમાપ્તિ, અંતતઃ વર્ગોની સમાપ્તિ અને ‘‘મૂલ્યના નિયમ’’નું વિલિનીકરણ. પરંતુ આ ધ્યેયને હાંસલ કરવા માટે રાજકીય માળખું અને પ્રક્રિયાઓને પણ આ દિશામાં કેન્દ્રીત કરવાં પડશે.

જે પક્ષ નવી ક્રાંતિનું નેતૃત્વ કરશે તે સમાજવાદના ગાળા દરમિયાન અસ્તિત્વમાં રહેશે, પરંતુ તેને રાજ્ય ઉપર ઇજારાદારીનો અધિકાર નહીં હોય, અને ના તો રાજ્યની સંરચનામાં તેનો વિશિષ્ટ કાનૂની દરજ્જો હશે. તે અલગ પ્રકારનો પક્ષ હશે. તે મજૂર વર્ગની આગેવાની કરશે જે પોતાના સ્તરે સમાજવાદી અર્થવ્યવસ્થા અને રાજનીતિનું નેતૃત્વ કરશે. વિવેક, વિજ્ઞાન, વિચારધારાત્મક આધિપત્ય અને ક્રાંતિકારી વિશ્વસનિયતા દ્વારા - અને નહીં કે રાજનૈતિક સત્તા સુધી પ્રત્યક્ષ પહોંચ દ્વારા - મજૂર વર્ગનું નેતૃત્વ કરશે. મજૂર વર્ગની અન્ય પાર્ટીઓ કરતાં આ પાર્ટી જુદી જ હશે - જે આવી પાર્ટીઓ હશે તે સમાજવાદી લોકશાહીની પ્રત્યક્ષ સંચાલક હશે. એ એક એવી પાર્ટી હશે જ્યાં સમાજવાદી સમાજમાં વર્ગ સંઘર્ષ વિચારધારાત્મક સ્તરે પ્રકટ થશે અને વિચારધારાત્મક પ્રદેશમાં તેના ઉપર સંઘર્ષ થશે. રાજનૈતિક વર્ગ સંઘર્ષ જે સમાજવાદી રાજ્ય અને સમાજવાદની રાજનીતિના પ્રદેશમાં આગળ વધશે અને જે તે રાજનીતિના નિયમો, કાનૂનો અને પ્રક્રિયાઓ દ્વારા સંચાલિત થશે તે દરમિયાન તે મજૂર વર્ગ પર વિચારધારાત્મક નેતૃત્વ કાયમ રાખશે. એક રીતે જોઇએ તો તે એક એવી પાર્ટી હશે જે હંમેશાં બનવાની પ્રક્રિયામાં હશે - જે પોતે પોતાને સતત પુનર્ગઠિત કરતી રહેશે. વર્ગોની સમાપ્તિ અને રાજ્યના વિલિનીકરણની સાથે જ તે પણ વિલુપ્ત થઇ જશે.

## ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનું લક્ષ્ય અને ઉદ્દેશ્ય

★ અમારું માનવું છે કે, માત્ર સમાજવાદ જ માનવતાને શોષણ, દમન અને મૂડીવાદી વ્યવસ્થા અંતર્ગત જોવા મળતી ગુલામી તથા પૂર્વ મૂડીવાદી પ્રણાલીઓ અંતર્ગત જોવા મળતી દોજખભરી સ્થિતિ જે મૂડીની હકુમત હેઠળ ચાલુ રહે છે તેનાથી માનવતાને મુક્તિ અપાવી શકે છે.

★ વીસમી સદીના સમાજવાદની ચડતી અને પડતીના બોધપાઠ તથા પૂર્વ-સદીમાં મૂડીના માળખા અને કાર્યપ્રણાલીમાં આવેલા ફેરફારની રોશનીમાં આપણે સમાજવાદની નવી ભવિષ્યદૃષ્ટિ વિકસિત કરવી પડશે.

અમારું માનવું છે કે, સમાજવાદને નિમ્નલિખિત ધ્યેયો દ્વારા જ વ્યાખ્યાયિત કરી શકાય છે.

★ સામૂહિક ઉત્પાદકોને અધિશેષ/સરપ્લસના સામૂહિક માલિકો બનાવીને મૂડીવાદી શોષણની સમાપ્તિ.

★ જેન્ડર, જાતિ, વંશ, રાષ્ટ્રીયતા, વંશીયતા, ધર્મ વગેરે ઉપર આધારિત તમામ પ્રકારનાં દમન, શોષણ અને અન્યાયનું ઉન્મૂલન.

★ એક એવી ઉત્પાદન પ્રણાલી અને જીવનશૈલીની સ્થાપના જે બધાને સમૃદ્ધિ અને આઝાદી આપે તથા પર્યાવરણીય દૃષ્ટિથી પણ દીર્ઘકાલિન હોય.

★ એક સમાજવાદી લોકશાહીની સ્થાપના જેમાં રાજ્યનું ગઠન અને સંચાલન સમાજવાદી બંધારણ દ્વારા કરવામાં આવે પરંતુ જ્યાં મજૂર વર્ગના નેતૃત્વમાં તમામ નાગરિકોની એક સક્રિય રાજનીતિ કાયમ રહે.

★ એક એવી સંસ્કૃતિનો પ્રસાર જે વાસ્તવિકતા પ્રતિ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ રાખતી હોય. જીવનનાં તમામ ક્ષેત્રોમાં સર્જનાત્મકતાને વધારે, માનવીય ગરિમાને સુરક્ષિત કરે, સાંસ્કૃતિક વિવિધતાને આગળ વધારે, વ્યક્તિગત અને સામાજિક જીવનમાં જેમાં વ્યક્તિગત આસ્થાઓ પણ સામેલ હોય તેમાં માનવીય આઝાદીના વ્યાપનો વિસ્તાર કરે.



★ અમારું માનવું છે કે, મૂડીવાદી શાસનનો અંત લાવીને જ સમાજવાદની સ્થાપના થઇ શકશે ને વૈશ્વિક સ્તરે મૂડીને હરાવીને જ સમાજવાદની અંતિમ જીત સુનિશ્ચિત કરી શકાશે. હા, જો કે, આવી સમાજવાદી ક્રાંતિ રાષ્ટ્ર-રાજ્યોમાં મૂડીવાદી શાસન વિરૂદ્ધ રાજનૈતિક ક્રાંતિ દ્વારા શરૂ થવી જોઇએ અને તેને ક્રાંતિ થયેલ મુલકોમાં સમાજવાદી નિર્માણની લાંબી પ્રક્રિયા દરમિયાન ચાલુ રાખવી જોઇએ જ્યાં સુધી વૈશ્વિક સ્તરે અંતિમ જીત હાંસલ ન થાય.

★ અમારું માનવું છે કે, વીસમી સદીની ક્રાંતિની સરખામણીએ બુર્ઝવા રાજ્ય વિરુદ્ધ રાજનૈતિક ઇન્કલાબ માટે એકદમ નવી રણનીતિઓની આવશ્યક્તા પડશે. આવનાર ઇન્કલાબ ત્યારે જ સફળ થઇ શકશે જ્યારે મજૂર વર્ગ અને આમ લોકોને બુર્ઝવા વર્ચસ્વથી દૂર કરવામાં આવે, જ્યારે બુર્ઝવા શાસનની લોકપ્રિય કાયદેસરતાને ઘણી ક્ષતિ પહોંચાડવામાં આવી હશે અને અંતે જ્યારે મજૂર અને તમામ મહેનતકશ તથા પીડિત સંગઠિત બની એક ઇન્કલાબી લોકજુવાળ દ્વારા બુર્ઝવા શાસન પર હાવી હશે.

આ મુદ્દાઓમાં સારાંશ રૂપે અને ઘોષણાપત્રમાં વિસ્તૃત વિવરણના સ્વરૂપમાં પ્રસ્તુત કરવામાં આવેલ અમારી સમજદારી દ્વારા અમારાં લક્ષ્ય અને ઉદ્દેશ્ય સ્પષ્ટપણે પ્રકટ થાય છે.

## ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનાં ધ્યેય

1. મૂડીના શાસન વિરૂદ્ધ એક રાજનૈતિક ક્રાંતિકારી પરિસ્થિતિઓનું નિર્માણ કરવું અને તેની તૈયારીઓ કરવી.

2. એવા ઇન્કલાબની નેતાગીરી લઇ શકે એવી નવા પ્રકારની પાર્ટી નિર્માણની પ્રક્રિયાને સરળ બનાવવી.

3. એક સમાજવાદી સમાજના નિર્માણના ધ્યેય માટે બળોને તૈયાર કરવાં અને પરિસ્થિતિનું નિર્માણ કરવું.

## NSI નાં ઉદ્દેશો

1. તમામ પ્રકારની ઉત્પાદક સંપત્તિઓ, જેમાં જમીન પણ શામેલ છે, તેના ઉપર પોતાની દાવેદારી રજૂ કરવા માટે મજૂરો અને અન્ય મહેનતકશોનાં આંદોલનોને સંગઠિત કરવાં અને તેમાં સામેલ થવું તથા તેમનાં કામની તથા જીવન પરિસ્થિતિમાં સુધાર લાવવો.
2. મહિલાઓ, દલિતો, પીડિત તથા પરાધીન રાષ્ટ્રીયતાઓ તથા અન્ય તમામ પીડિત સમુદાયોની મુક્તિ માટે આંદોલનો સંગઠિત કરવાં અને તેમાં સામેલ થવું.
3. પર્યાવરણ વિનાશ અને પ્રકૃતિના વિનાશકારી દોહન વિરૂદ્ધ આંદોલન સંગઠિત કરવું અને સામેલ થવું.
4. મૂડીનાં હિતોની હિમાયત કરવાવાળા અને મહેનતકશ જનતાનાં હિતોની વિરૂદ્ધમાં કામ કરતા કાયદાઓ અને નીતિઓ વિરૂદ્ધ આંદોલન સંગઠિત કરવું અને તેમાં સામેલ થવું.
5. ત્રીજી દુનિયાના દેશોની જનતાના સામ્રાજ્યવાદી દમન વિરૂદ્ધ આંદોલન સંગઠિત કરવું અને તેમાં સામેલ થવું.
6. તમામ નાગરિકો માટે સભ્ય જીવનને સુરક્ષિત કરવા માટે અને જીવનનાં એવાં પાસાંઓ ને નફા અને બજારના વ્યાપમાંથી બહાર કાઢવા માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને પાયાની સુવિધાઓને રાજ્ય દ્વારા સુનિશ્ચિત કરવા માટે આંદોલનને સંગઠિત કરવું અને તેમાં સામેલ થવું.
7. તમામ લોકોના લોકશાહી અને માનવીય અધિકારોની સુરક્ષા માટે, લોકોના સમૂહો અને સમુદાયોને રાજ્ય દ્વારા હિંસાથી સુરક્ષિત રાખવા માટે તથા પીડિત લઘુમતીઓને ઉત્પીડક બહુમતીના અત્યાચારોથી બચાવવા માટે આંદોલન સંગઠિત કરવું અને તેમાં સામેલ થવું.
8. સમાજમાં સમાજવાદી અને લોકશાહી ચેતનાના નિર્માણ માટે વિદ્યાર્થીઓ, બુદ્ધિજીવીઓ અને સમાજના અન્ય જાગ્રત વિભાગોનાં આંદોલનો સંગઠિત કરવાં અને તેમાં સામેલ થવું.